# ખરી પડે છે પીંછું – રીના મહેતા

## [1] અવાજના ભીના પડઘા – રીના મહેતા




‘નહિ તો આપણું નાક કપાઈ જાય !’
‘એમાં નાક શું કપાઈ જાય ?’
‘આખી સ્કૂલમાં ડ્રોઈંગ કૉમ્પિટિશનમાં ફર્સ્ટ આવ્યો ને હવે મુંબઈની કૉમ્પિટિશનમાં નંબર ન લાવે તો કેવું ખરાબ દેખાય. આ ફર્સ્ટ ટેસ્ટમાં પણ ખાલી એક જ માર્ક માટે પહેલો નંબર ગયો. એટલો જીવ બળ્યો… કેટલી મહેનત કરાવી… ફર્સ્ટ નંબર તો આવવો જ જોઈએ ને….’
‘અત્યારથી છોકરાના મનમાં ફર્સ્ટ-સેકન્ડનું ચક્કર ન ચલાવ. એના મન પર અવળી અસર પડશે. ભવિષ્યમાં નાની અમથી નિષ્ફળતા પણ નહિ પચાવી શકે….’

ઈંગ્લિશ મીડિયમમાં સિનિયર કે.જી.માં ભણતા એક બાળકની મહત્વાકાંક્ષી મમ્મી સાથેનો આ મારો સંવાદ છે. આ વિષય આમ તો બહુ જૂનો થઈ ગયો છે. અંગ્રેજી-ગુજરાતી માધ્યમના લાભ-ગેરલાભના ગરમ-ગરમ લેખો પણ બહુ લખાયા, વંચાયા ને ભુલાયા. મારે તો વાત કરવી છે પેલી કાળી પથ્થરિયા સ્લેટ અને સફેદ કબૂતરનાં પીંછાં જેવી નાજુક-નાનકી-વહાલી પેનની. એક આખો યુગ પલટાઈ ગયો છે. મોંઘાદાટ દફતરો, ચોપડાં, યુનિફોર્મ, ફી, ટ્યુશન, ઍડમિશન, ડૉનેશન ત્યારે ક્યાં હતું ? હતી પપ્પાના જૂના પેન્ટમાંથી બાએ સિવડાવેલી કે ભરત ભરેલી થેલી. થેલીમાં સ્લેટ-પેન નાંખ્યાં કે સીધી દોટ બાળમંદિર ભણી. બાળમંદિર એટલે ઘરડા-પ્રેમાળ બચુ માસ્તર અને તેમનાં પત્નીનું ઘર. પિતાથી માંડીને અમે ત્રણે ભાઈ-બહેનો એમની પાસે જ એકડો શીખેલાં !

સત્તાવીસ વર્ષના અંતરાલ પછી પણ એ ઝાંખા લીલા રંગના ઘરની દીવાલો ઉપર બાળમંદિરના પ્રથમ દિવસની સ્મૃતિ ચંચળ ખિસકોલીની જેમ સરર…સરર… ફરે છે. પાંચ વર્ષની થઈ એટલે એક દિવસ મોટી બહેન અને બહેનપણી મને એ ‘શિશુસદન’માં લઈ ગયાં. હું સંકોચાઈ-ગભરાઈને લાંબી પાથરેલી શેતરંજી પર બેઠી. કુસુમબહેને મને મણકાં ગણવાનું સાધન કે એવું જ કંઈ બતાવ્યું ને એટલી વારમાં મોટી બહેન અને બેનપણી છાનામાનાં ચાલ્યાં ગયાં. થોડી જ વારમાં મારું ધ્યાન ગયું. મને ખૂબ મૂંઝારો થયો. પણ રડી ન શકી. અજાણ્યાં વચ્ચે એકલાં હોવાની લાગણી પહેલી જ વાર અનુભવી. બહેને સમજાવી : એ લોકો હમણાં જ આવશે… હું જાણી ગઈ હતી કે એમની વાત ખોટી હતી.

પણ પછી તો મને ત્યાં ગોઠી ગયું. બપોર પડ્યે બહેન અમને ઘરનો બનાવેલો નાસ્તો પણ આપતાં. સાવ નજીવી ફીમાં એમને કઈ રીતે પોસાતું હશે ? ભણવાનું તો મને ગમતું. બપોર પડ્યે ઘણાં બાળકો ભીંતે અઢેલી ઝોકાં ખાતાં. એમનાં માથાં આમથી તેમ ઢળતાં. મને કદી ઊંઘ ન આવતી. પછી એકવાર મેં પણ ખાલી-ખાલી

આંખ મીંચી ભીંત ઉપર આમથી તેમ માથું ઢાળી ઝોકાં ખાવાનો ખોટોખોટો, રમૂજી-નિર્ભેળ આનંદ માણ્યો. નાસ્તામાં મમરા હોય તો ઘણાં છોકરાં જીભ લાંબી કરી સીધાં જ ડીશમાંથી ખાતાં. એક વાર મેં પણ એમ કર્યું તો બહેને મને ટોકી. એક સ્લેટમાં ઊભી અને આડી બે લીટી દોરેલી ઘણીવાર મને દેખાય છે. એની ઉપરના ક, ખ, ગ, ઘ એના અસ્સલ વળાંક સહિત વંચાય છે. ભાઈએ લખી આપેલા એ અક્ષરો મેં હીંચકા ઉપર બેસી ઘૂંટી-ઘૂંટીને જાડાં કર્યાં હતાં. એ ક્ષણો મારા સ્મરણની કાળી સ્લેટ કદી ભૂંસાઈ નથી. પણ બહુ લાંબા સમય સુધી બાળમંદિર મારા મનમાંથી આઘું ચાલ્યું ગયેલું. પેલા બિચારા માસ્તર કે બહેનને યાદ કરવાની તો કોને ફુરસદ ? પણ દીકરી દ્વિજાને પહેલે દિવસે શાળામાં મૂકવા ગઈ અને વર્ગખંડમાં તેના ટીચરે ખંજરી વગાડી કે તરત જ મારા મનમાં ખણણણ… પડઘા પડ્યા.

એ બાળમંદિર છોડવાનું ઝીણું દુઃખ મારા બાળમનને થયું કે નહિ તેની યાદ પર તો વિસ્મૃતિના પહાડ ખડકાઈ ગયા છે. પણ હવે મારે થોડી મોટી શાળામાં જવાનું હતું. ત્યાં પહેલા દિવસે બા મૂકવા આવી હતી. બધાં છોકરાં રડતાં હતાં અને મને સહેજે રડવું આવતું નહોતું ! જીવનભારતી… મારી વહાલી શાળા… એના હૂંફાળા ખોળામાં મારાં ઊગતાં-ખીલતાં જીવનનાં કેટલાં અમૂલ્ય વર્ષો વીત્યાં ! એના જૂના-ખખડધજ મકાનની જગ્યાએ તો વર્ષોથી મોટું ઍપાર્ટમેન્ટ ચણાઈ ગયું છે. ત્યાંથી પસાર થતી વેળા ક્યારેક અચાનક એ ઍપાર્ટમેન્ટ ચણાઈ ગયું છે. ત્યાંથી પસાર થતી વેળા ક્યારેક અચાનક એ ઍપાર્ટમેન્ટ અદશ્ય થઈ જાય છે અને ધૂળિયું મેદાન, લાંબા ઓટલા, લાકડાનો જૂનો-પહોળો દાદર, વર્ગખંડો, એની જર્જરિત દીવાલો, મોટી બારીઓ, શિક્ષકોના પ્રેમાળ ચહેરા, કાળું પાટિયું, બાળકોના હાથના સ્પર્શથી લીસ્સી થઈ ગયેલી બેન્ચો બધું જ કોઈ ચિત્રની માફક ઊભું થઈ જાય છે.

અહીં ચાર વર્ષ તો આંખના પલકારામાં વીતી ગયાં. પાંચમા ધોરણથી છેક દૂર જવાનું એની ઘરડાં દાદીને બહુ ચિંતા. ને મનેય મોટામસ પરિસરવાળી શાળામાં પગ મૂકતાં જ ઝળઝળિયાં આવી ગયાં. અહીં કોઈ મને ઓળખતું નહોતું. બધું નવું અને વસમું લાગતું હતું. સિટી બસમાં હું ચીનુનો હાથ ઝાલી જેમતેમ ધક્કામુક્કીમાં ચઢતી-ઊતરતી. ક્યારેક બસ ઊપડી જતી ને એકલી બસસ્ટૅન્ડ પર રહી જતી. દૂબળી-પાતળી તે કદી હડફેટમાં આવી પડી પણ જતી ને ફરી આંખમાં પાણી આવી જતાં. પાંચ પૈસાની અડધી ટિકિટ લેતી, ત્રણ રૂપિયામાં આખા મહિનાનો પાસ કઢાવતી, ને કદી પાસ ઘેર ભૂલી જવાયો હોય તો પારેવાની જેમ ફફડતી. મારાં કંપાસમાં કે નવા સિવડાવેલાં ઘૂંટણ સુધીના લાંબા, કઢંગા ખાખી સ્કર્ટમાં આઠ આના કે રૂપિયો પણ માંડ રહેતો ! આ શાળામાં પણ પછી ગોઠતું જતું હતું. સીવણ, સંગીત, ચિત્ર, ગરબા વગેરે ઈતર પ્રવૃત્તિઓમાં રસ પડતો. એક પછી એક ધોરણ બદલાતાં, શિક્ષકો બદલાતાં, સાદાઈ-શિસ્ત-પરિશ્રમ-સમાનતાના પાઠ શીખવાડાતાં, રિસેસમાં શાળામાંથી જ સરસ નાસ્તો મળતો. મોટો ચિત્રકલા ખંડ, શાળા છૂટ્યાં પછી ચિત્ર-પરીક્ષાના વર્ગો, સ્વાધ્યાયપોથીના નવાં નક્કોર પાનાં, પેન્સિલને બદલે મળેલી ઈન્ડીપેનનો ભૂરો-ભૂરો રોમાંચ, રોજ વર્ગ-મેદાનની સફાઈ, કલાભવનમાં સંમેલન, સંમેલનમાં પ્રાર્થના, સમાચાર, વાચન, ભાષણો, જુદાંજુદાં તાસ, નાની રિસેસ – મોટી રિસેસ, નાસ્તાની લાઈન, ડિશ ધોવાની લાઈન, પાણી પીવાની લાઈન… લાઈનમાંથી બહાર ક્યારે નીકળી જવાયું ?

એસ.એસ.સી.માં બહુ સારા માર્ક્સ આવ્યા તેથી બહેને તેનો આખો પગાર ખર્ચી મને સાઈકલ અપાવી ! પછી બસની હાડમારી છૂટી. પણ પછી ધક્કામુક્કી અને બસ મળ્યાંના આનંદની વાત પણ છૂટી ગઈ. અગિયારમા ધોરણમાં દેખાદેખીએ કોણ જાણે કેમ મેં વાણિજ્યના વિષયો લીધા જે મને કદાપિ ગમતાં કે ફાવતાં નહિ. કોઈ મને પૂછે કે તમે શું ભણ્યાં ? તો હું પૂંછડા જેવી ડિગ્રી બોલું છું ખરી પણ મારા મનમાં હોય છે એસ.એસ.સી ! બસ, ત્યાં સુધી જ મને ભણાવવામાં, ભણવા જવામાં સાચો રસ પડ્યો. ટન ટન કરતો શાળાનો છેલ્લો ઘંટ ક્યારે વાગ્યો ને હું ઘેર ચાલી ગઈ એની પછી કંઈ સરત રહી નહીં. હજી ક્યારેક કોઈ કારણસર ત્યાં જવાનું બને છે તો શાળાના એ સુંદર બાગમાં અમે વીણેલી ઝીણી સોપારી, રૂમાલ ભરી માળીએ આપેલાં મરવા, અમારા સ્પર્શથી બિડાઈ જતી લજામણી, કુમળાં પગ નીચે કચડાતું ઘાસ બધું ચિત્રની જેમ દેખાય છે ને પછી કલાભવનનાં પગથિયાં પરની ધૂળ એની ઉપર ફરી વળે છે. કલાભવનની બહારના નોટિસ બોર્ડ પર ક્યારેક મારું ચિત્ર પણ મુકાયું હતું એ વાત હું એ ખાલી કાચની તિરાડની આરપારથી તાકી રહું છું.

મારી સાત ચોપડી ભણેલી મા પહેલો નંબર લાવવા કદી મારી પાછળ આદુ ખાઈને પડતી નહીં. ચિત્રકામની પ્રેક્ટિસનો અર્થ એ કદી સમજી નહોતી. અંગ્રેજી ગ્રામર કે ગણિતના દાખલાની ભાંજગડ એણે કદી કરવી પડતી નહિ. યુનિફોર્મને ગડ કરીને મૂકે કે ભયો ભયો ! ફી ભરવા સિવાય કદી એને શાળામાં આવવું નહોતું પડતું. પિતાને તો એટલીયે તસ્દી લેવી ન પડતી. આજે ઘણી સ્કૂલોમાં દર પંદર દહાડે-મહિને મા-બાપે જઈ બાળકનો રિપોર્ટ જાણવો પડે છે. સ્વચ્છતા, બૂટ પૉલિશ, ઈસ્ત્રીટાઈટ યુનિફોર્મનો દર મહિને રેન્ક મળે છે. દર અઠવાડિયે સરપ્રાઈઝ ટેસ્ટ થાય છે. મા-બાપ અને બાળક પર લટકતી તલવાર રહે છે. બાળક ઘરથી ટ્યુશન અને ટ્યુશનથી શાળા વચ્ચે ઠેબાં ખાય છે. એને મૂંઝાવાનો પણ અવકાશ નથી. ગોખણપટ્ટી કરતાં એ શું ગોખે છે એય ભૂલી જાય છે ! એને પણ શેરીમાં રમવાનું, ગલૂડિયાં ઊંચકવાનું, હુર્રેર્રે કરતાં બૂમ પાડવાનું મન થાય છે. પરંતુ એ બધું નોટબુકમાંના મૃત પતંગિયાની જેમ કેદ થઈ જાય છે.

આ બધાંમાં પેલું નાના ઘરમાંનું બાળમંદિર, એના માસ્તર, ઝોકાં ખાતાં બાળકો, મમરાનો નાસ્તો, ખણણ વાગતી ખંજરી… બધું એક સદી જેટલું દૂર ચાલ્યું ગયું છે. બે પટ્ટીની સાદી સ્લીપરને બદલે ચકાચક બૂટ ધમધમાટ દોડે છે. શાળાનાં ધૂળિયાં મેદાનોમાં કોઈની નાની પગલીઓ પડતી નથી. ઘર્રર્રર… કરતી રિક્ષા બકરાંની જેમ બાળકોને ઠાંસી-ઠાંસીને આવે છે અને ઘર્રર કરતી જાય છે ત્યારે તેની સાથે પથ્થરિયા સ્લેટ, પેન અને થેલી ક્યાં ને ક્યાં આઘે ફંગોળાઈ જાય છે. અદ્વૈતનું અધમણિયું દફતર તો મારાથી ઉચકાતું યે નથી. થોડા સમય પહેલા અખબારમાં સમાચાર હતા કે દફતરનો પટ્ટો ગળે ભરાવાથી શ્વાસ રુંધાતા કે.જીમાં ભણતું એક બાળક મૃત્યુ પામ્યું ! બાળકના હાથમાંથી બાએ સીવેલી પેલી રૂપકડી થેલી ફગાવી એને ગળે કૂતરાના પટ્ટાની જેમ દફતર ભેરવવાનો ગુનો કોણે કર્યો ? કોણે ? મારી પાસે આનો જવાબ નથી. માત્ર ખંજરીના ખણણણ… અને ઘંટના ટનન… અવાજના ભીના પડઘા ઊઠે છે.

## [2] રાઈ જેવડું દુ ખઃ- રીના મહેતા

ઘરમાં લગભગ સતત ચાલ્યા કરતા માંદગીના ચક્કરથી કંટાળી હું એક જ્યોતિષ મિત્રની ઑફિસમાં જાઉં છું. પ્રતીક્ષા ખંડમાં હું મારો વારો આવવાની પ્રતીક્ષા કરતી બેઠી હોઉં છું, ત્યાં જ બારણું ખૂલે છે. અંદરથી એક પંદર-સોળ વર્ષની છોકરી બહાર આવે છે, બલ્કે એને બહાર લાવવામાં આવે છે, એ જરાતરા ડગ ભરે છે. બાકી તો એને એની માતા અને અન્ય સંબંધી ઝાઝી-ઝાલીને દસ-પંદર ડગલાં ભરાવે છે. છોકરીને ખુરશી ઉપર બેસાડવામાં આવે છે. એનું માથું, ખભો બધું નીચે ઢળ્યાં કરે છે. મહાપરાણે એ એનું માથું સહેજ ઊંચકી બધાંને જોઈ શકે છે. એની માતા સતત એને ખભેથી ઝાલી રાખે છે.

માતાની ઉંમર પણ ઝાઝી નથી. એ આશ્ચર્યકારક રીતે હસમુખી અને આનંદી છે ! છોકરીને કારની ચાવી પકડવા માટે કહે છે. છોકરી જેમતેમ એક વેંત જેટલો હાથ લંબાવી ચાવી પકડે છે. માતા ખુશખુશાલ થઈ જાય છે. ‘ચાવી તારી છે ? કાર તારી છે ?’ જેવાં પ્રશ્નો માતા પાંચ-સાત વાર પૂછે ત્યારે છોકરીના મગજ સુધી પહોંચે છે. જો છોકરી સાચો જવાબ આપે તો માતા રાજી થઈ જાય છે. કદીક છોકરી માથું હલાવી હા કે ના કહે છે. કદીક તે તેની માતા જ સમજી શકે તેવા ધીમા અવાજે બોલે છે. ‘ભાઈ ક્યાં છે ? ભાઈ શું ભણે છે ? ભાઈ મોટો કે તું ? તું કેટલું ભણી છે ?’ ડોકું ઢળી જતું જતું, મોઢું લાળ ટપકતું ટપકતું, ‘હા-ના’માં કે હોઠના ફફડાટથી ઉત્તર આપ્યા કરે છે. માતા કહે છે, ‘થોડા મહિનાથી જ એને આવું છે. એ તો એસ.એસ.સી. પાસ થઈ તે પછી કદીક કદીક ચક્કર આવતા પડી જતી. છેલ્લે એને ખેંચ આવી પછી આવી થઈ ગઈ ! અમે મુંબઈમાં રહીએ છીએ. ડૉક્ટરો કહે છે : મગજ ડૅમેજ થાય છે.’

મારા હૃદયમાં ચિરાડો પડી જાય છે. એસ.એસ.સી. સુધી ભણેલી, હસતી-રમતી ખીલતી કળી જેવી છોકરી અચાનક એક-બે વર્ષની બાળકી જેવી થઈ જાય ! અને હૃદય ઉપર પથ્થર મૂકી સતત હસતી આ માતા એની બાળકીને જાણે ફરી નવેસરથી ઉછેરી રહી છે. એને મન એ ફરી નાની, સાવ નાની બાળકી છે. ફક્ત એનું શારીરિક કદ જ મોટું છે. થોડી મિનિટો પછી માતા-પિતા-છોકરી ધીમે ધીમે દાદર ઊતરતા ચાલ્યા જાય છે. અહીં એમને આશાનું કોઈ કિરણ લાધ્યું કે કેમ ખબર નહીં, પણ મને થયું કે કેબિનમાં ગયા વિના જ હું પાછી ફરી જાઉં. હું અહીં શા માટે આવી ? મારા રાઈ જેવડાં દુઃખના ઈલાજ માટે ?

બીજાનું મોટું દુઃખ જોઈએ ત્યારે આપણને આપણું દુઃખ હળવું લાગે છે, એ વાત મેં વારંવાર સાંભળી છે. માતૃત્વ અને દુઃખ એ બંને સ્થિતિ ધીરજ, સહનશક્તિ, ઉદારતા, વિશાળતા, સમર્પણ માગે છે. માતા ધરતી જેવી છે. એ બળબળતા તાપમાં બળી શકે છે. બર્ફીલી ઠંડીમાં થીજી શકે છે. વરસાદમાં ઓગળી શકે છે. એને વહાલના ઝીણાં-ઝીણાં ફણગા ફૂટે છે. એ વૃક્ષ બની બધું આપ્યા કરે છે. ન અપાય ત્યારે કુહાડીથી પોતાની જ શાખાઓ કાપ્યા કરે છે. બાળક માતાની મોટી નબળાઈ છે. બાળક સમક્ષ એ સૌથી શક્તિવાન અને સૌથી લાચાર છે. બાળક માટે એ પર્વત જેવી કઠણ અને રૂ જેવી પોચી બની શકે છે. બાળકને એ કદીક વઢે છે, મારે છે ત્યારેય

એના ક્રોધની પાછળ પ્રેમ રહેલો છે. ઘણીવાર એ પોતાના બાળક માટે આળી થઈ જાય છે. બાળકની નાની નિષ્ફળતા અણઆવડત એ ખમી શકતી નથી. ત્યારે કોઈ અપંગ, વિકલાંગ મંદ બુદ્ધિના બાળકની માતા તેના બાળકના જતન-સંવર્ધન પાછળ આટલી બધી અખૂટ ધીરજ, સહનશીલતા, કઈ રીતે એકત્રિત કરીને ટકાવી રાખતી હશે એવો પ્રશ્ન થાય.

માતૃત્વની પ્રાપ્તિ પીડા વિના, અસહ્ય દુ:ખ વિના શક્ય નથી. પીડાની વેણની ચરમ સીમાએ જ માતૃત્વની પ્રાપ્તિ છે. માતા બન્યા પછી સ્ત્રી પૂર્ણત્વ પામતી હોવાનું અમથું કહ્યું ન હોય. એમાં માત્ર સ્થૂળ શારીરિક માતૃત્વની વાત નથી. એવું માતૃત્વ મેળવ્યા વિના પણ સ્ત્રીનું હૃદય માતૃત્વ અનુભવી શકે. માતૃત્વ પામ્યા પછી સ્ત્રી બાળકના દુ:ખે દુ:ખી રહે છે. બાળક મોટું થાય, એનાથી અલગ હોય તે છતાંય તે એના દુ:ખે દુ:ખી થતી રહે છે. બલકે તેની પીડા જ તેને માતૃત્વની સજલ અનુભૂતિ કરાવતી રહે છે. તેમાંય બાળક જો વિકલાંગ હોય તો માતા આજન્મ તેને છાંયડો આપતી ઊભી રહે છે. વિકલાંગ બાળકની માતાનું આખું અસ્તિત્વ જ બદલાઈ જાય છે.

અમારી એક સંબંધી સ્ત્રી, યુવાન, આધુનિક મહાનગરમાં રહે. પ્રેમલગ્ન કરેલાં બે દીકરા. મોટો નૉર્મલ અને નાનો મંદ બુદ્ધિનો. જે આજે ચાર વર્ષનો થયો. ચાલે-દોડે છે, પણ બીજો ઝાઝો વિકાસ નહિ. નાનાના જન્મ પછી સ્ત્રીના જીવનનું કેન્દ્રબિંદુ જ બદલાઈ ગયું. ઘરમાં બધા પ્રકારે સુખ-સમૃદ્ધિ. સ્ત્રી બાળકને લઈ ક્લિનિકોમાં જાય. કસરતો કરાવે. એને સાવ નજીવી વાત શીખવાડવા થાક્યા વિના મથ્યા કરે. રાત-દિવસ નેપી બદલે. લાળવાળું મોં લૂછે. અમે બે દિવસ એને ત્યાં રહ્યા. રાતે મારો દીકરો શરદી-ઉધરસને કારણે ખૂબ રડવા લાગ્યો. આખું ઘર ઊંઘે, પણ પેલી સ્ત્રી ? જે અત્યાર સુધી મને અતડી, અતિ આધુનિક લાગતી તે – વારંવાર આવી ખબર જોઈ જાય. દવા પીવડાવી જાય. પછી કહે : 'હું આમ તો રાતે જાગતી જ હોઉં. નાનો આવ્યો પછી મને આવું થઈ ગયું છે. આ મોટા બિલ્ડિંગમાં કોઈનુંયે બચ્ચું મધરાતે રડે તો હું વૉચમૅનને પૂછું છું કે કોણ રડે છે ? કેમ રડે છે ? કોઈપણ બાળકના રડવાથી મને કંઈ કંઈ થઈ જાય છે !' વૈયક્તિક માતૃત્વ એને વૈશ્વિક માતૃત્વ તરફ લઈ જાય છે.

એક દિવસ એક નાની બાળકી રમતી-રમતી અમારે ઘેર આવી ચઢી. હું જાણું કે એને મા નથી. એ માસીને ઘેર ઊછરે. ખૂબ તંદુરસ્ત, પરાણે વહાલી લાગે એવું મીઠું બોલબોલ કર્યા કરે. તમે એને લપ ગણી ઘરે વિદાય કરવા ચાહો તોય કરી ન શકો. થોડીવાર રમી એ મારી પાસે હીંચકે બેઠી. મેં એને પૂછ્યું : 'તારી મમ્મીનું નામ શું ?' એણે એની માસીનું નામ કહ્યું, 'તારા ગામમાં કોણ રહે છે ?', 'મારા પપ્પા. મારા નાના ભાઈને મારા કાકી રાખે. મારી મમ્મી તો મરી ગઈ !' – માના મરી જવાની વાત એણે એટલી સહજતાથી કહી કે એની અબુધતા પર મારી આંખ ભરાઈ ગઈ. અરે ! આટલી નાની છોકરીની મા નથી ? મા નથી – એ શબ્દો જ કેટલા ભયંકર છે. પરંતુ એ નાનકીને તો એની કંઈ જ અનુભૂતિ નથી જણાતી. એ તો હસતી-કૂદતી-રમતી રહે છે. જ્યાં જાય ત્યાં આનંદ મેળવે છે અને આપે છે. ઈશ્વરે મા ન હોવાની ખાલી જગ્યામાં આનંદનું ઝરણું મૂકી દીધું છે. મારા પુત્ર વેદાંગને મને ચૂમી ભરતા જોઈને એ કહે છે : 'મને પણ કરો ને !' હું એના માથે હાથ ફેરવું છું. આ બાળકી કોઈ પણ સ્ત્રીને એના માતૃત્વનાં મૂળ યાદ કરાવી શકતી હતી.

ઘરમાં હું સૌથી નાની, તેથી મને કોઈ બાળક રમાડવા ન મળેલું. અઢારેક વર્ષની હતી ત્યારે ભત્રીજો અદ્વૈત જન્મ્યો. એને જોઈ મને અદ્દભુત આનંદ થતો, વિસ્મય થતું. બે મહિનાનો હતો ત્યારે એકવાર એની માતા એને મારા ખોળામાં સુવાડી કોઈ કામ માટે ગઈ. મારા ખોળામાં કોઈ નવજાત શિશુ, લોહીની સગાઈ ધરાવતું, આંખ મીંચીને પ્રથમવાર એકલું સૂતું હતું. હું કલાક સુધી એમ જ બેસી રહી. ઝાઝું હાલી-ચાલી પણ નહિ. રખેને એ જાગી જાય ને રડે તો ? થોડી વારે એની માતા પાછી આવી. હજી શિશુને આમ જ ખોળામાં સુવાડેલું જોઈ આશ્ચર્યપામી બોલી : 'નીચે સુવાડી દેવો તો ને ? નહિ જાગતે.' મારાં પગેય ખાલી ચઢી ગઈ હતી પણ એ એક કલાક હું નવજાત બાળક સાથે પ્રથમવાર એકલી હતી. મારા હૃદયમાં મુગ્ધ માતૃત્વની પ્રથમ સરવાણી ફૂટી હતી ને હું એમાં તરબતર થતી બેસી જ રહી હતી.

માતૃત્વની કોમળતા હવે તો બાળકોને વઢવા કે કદીક મારી બેસવાની કઠોરતા સુધી ચાલી ગઈ છે. બાળક્ને કદી મારવા ન જોઈએ, એને ગમતું કામ કરવા દેવું જોઈએ વગેરે જોશભેર ચાલતી ચર્ચામાં હુંય કદીક ઝંપલાવું છું. પણ, વાસ્તવમાં કદીક એનાથી વિપરીત આચરણ મારાથી થઈ જાય છે. કલાકો ટી.વી. જોતાં, ન ભણતા બાળક પ્રત્યે મને પારાવાર ગુસ્સો આવે છે. એ ચિત્રકળાને નામે આખા ઘરમાં કલર, પેન્સિલ વેરવિખેર કરે, કાતર વડે કાગળની ડિઝાઈનો બનાવી અસંખ્ય કાપલીઓ અસંખ્યવાર ચારે તરફે વેરે ત્યારે હું મારી સ્વભાવગત બધી જ ધીરજ ગુમાવી જોરથી ઘાંટા પાડી વઢું છું. બે હળવી થપ્પડ મારી દઉં છું. બાળક એની લાંબી પાતળી-સુંદર આંગળીથી જે કાતર વડે ડિઝાઈન કાપે છે એ જ કાતર વડે 'તારી આંગળી કાપી નાંખીશ' જેવા હિંસક શબ્દોય બોલી ઊઠું છું ! ત્યારે અચાનક મને પેલી છોકરીની હસમુખી માતા, રાતભર જાગ્યા કરતી પેલી સ્ત્રી, પેલી નમાઈ છોકરીની પ્રેમાળ માસી યાદ આવે છે. એ સાથે જ હું મનમાં ક્ષોભ અનુભવું છું. ત્યારે તેમની પહાડ જેવી ધીરજ-સહનશીલતા ઉપરથી મારું રાઈ જેવડું દુ:ખ દડદડ દડી જાય છે !

## [3] ખીંટી માણસને ગમે છે – રીના મહેતા

જૂના ઘરની રંગ અને પોપડા ઉખડેલી ભીંતો ઉપર ઠેકઠેકાણે ખીંટી જડેલી રહેતી. જુદીજુદી ખીંટી ઉપર જુદીજુદી વસ્તુઓનું સ્થાન. આગલા ખંડની એક મોટી ખીંટી ઉપર વર્ષો પહેલાં દાદાની લાલ ઝોળી, રાખોડી રંગની પાઘડી, લાલ-ઘસાયેલી છેટી તથા અબોટિયું કે પંચિયું લટકતાં રહેતાં. ખીંટી મોટી એટલે એની ઉપર ઘણાં થેલા-થેલી-કપડાં લટકાવી શકાતાં. થોડાં વર્ષો પછી એ મોટી ખીંટી ઉપરથી ઝોળી, છેટી, પંચિયું – અબોટિયું અદશ્ય થયાં અને એ ખીંટીથી સહેજ ઉપરની નાની ખીંટીએ દાદાની તસવીર ઝૂલતી થઈ ગઈ. હજી એ મોટી ખીંટી છે. કપડાં લટકાવવાનો ક્રમ ચાલુ છે. પેઢી બદલાઈ છે.

વર્ષો પહેલાં આધુનિક આર્કિટેક્ચરનો મહિમા નહિ. લીંપણવાળો ઓરડો અને જર્જરિત દીવાલો પર જ્યાં જુઓ ત્યાં ખીંટી, ખીલી જડેલાં કશુંક લટકાવવું હોય તો ઝપ્પ દઈને લટકાવી દેવાય. કોઈ આધેડ-પ્રૌઢ પુરુષ બહાર જઈને આવે કે તરત જ પોતાની થેલી, ટોપી ખીંટીએ ભેરવે અને હાશ કરીને હેઠે બેસે. કોઈ છોકરું દોડતું અડવા પગે નિશાળેથી હડી કાઢતું આવે ને ખીંટીએ એની થેલી કમ દફતર મૂકે ને સીધું જાય ખાવા. અમારા

ચંદનબાની મંદિરે જવાની નાની-બચુકડી થેલી કોઈ ખીંટીએ અચૂક લટકતી હોય. વળી, કોઈક ખીંટી તો ચાવી માટે અલાયદી. અમારા ભાડૂત વર્ષોનાં વર્ષો સુધી ઉપર ચાવી ભેરવી ગયા અને ક્યારે લઈ ગયા એની સરત પણ ન રહે એટલી સાહજિકતા પ્રવર્તતી. કોઈ સજ્જન ખીંટીએ લાકડી લટકાવે, કોઈ છત્રી લટકાવી ભૂલીયે જાય. એકાદ ખીંટી વળી કાળી મેંશ બાઝેલા ફાનસનીયે ખરી. એક ખીંટી પર દળેલી ખાંડની પિત્તળની બરણી લટકતી હું દાયકાઓથી જોઉં છું. એમાંથી કેટલીય વાર ખાંડ ચોરીને ખાધી હશે. વળી, એક ખીલે લટકતી બરણીમાં સૂકો મેવો, એલચી વગેરે મોંઘેરી ચીજો સંઘરાયેલી. એ અમારા આકર્ષણનું કેન્દ્ર પણ ખરી. કોઈ ખીંટી પર વર્ષોજૂનાં કૅલેન્ડરો ઝૂલે, કોઈ ખીલી પર તુલસીમાળાઓ સ્થિર થઈ બેઠી હોય, કોઈ પર બિલ-હિસાબોના સેંકડો નકામા બની ગયેલા કાગળોનો તાર તેની વીતી ગયેલી છતાં બાકી રહેલી અગત્યતા દર્શાવતો લટકતો હોય તો વળી કોઈ ખીંટી પર પિત્તળની છીણી પણ ઝૂલતી હોય.

નવા ઘરમાં તો શોભા બગડી જાય તેથી ક્યાંય ખીંટી-ખીલા-હૂક રખાતાં નથી. સ્વચ્છ, ખાલી, કોરીકટ્ટ દીવાલો સુઘડતા વ્યક્ત કરે છે. ઘરના જાત-ભાતના અસબાબના કરચલિયાળા જર્જરિત અક્ષરો વિનાની ભીંતો યુવાન અને સુંદર લાગે છે. નવા ઘરમાં ખીંટીને કશું સ્થાન નથી પણ જૂના ઘરમાં તો એકએક ખીંટી કેટકેટલા ઈતિહાસને પોતાની ઉપર ભેરવે છે.

આ સાવ નગણ્ય લાગતી ખીંટી એટલા માટે યાદ આવી કે હમણાં એક પ્રસંગકથા વાંચી. શ્રી શાંતિલાલ ડગલીએ અંગ્રેજીમાંથી રજૂઆત કરી છે. એક સુથારને ઘરમાં રિપેરકામ માટે બોલાવાયો. કામના પહેલા જ દિવસે રસ્તામાં ટાયર પંક્ચર થયું. ચાલુ કામે તેની ઈલેક્ટ્રિક કરવત બગડી. ઘરે પાછા ફરતાં એનું વાહન ચાલ્યું નહીં. જેમને ત્યાં કામ ચાલતું હતું એ સજ્જન સુથારને ગાડીમાં મૂકવા ગયા. ઘર આવતા જ સુથારે સજ્જનને અંદર આવવા નિમંત્રણ આપ્યું. ઘરમાં દાખલ થતાં પહેલા સુથાર એક નાના ઝાડ પાસે રોકાયો. બંને હાથ એણે ઝાડ પર મૂક્યાં. બારણામાં દાખલ થતાં જ એનામાં અજબનું પરિવર્તન દેખાયું. તેના થાકેલા ચહેરા પર સ્મિત ફરી વળ્યું. બાળકોને વહાલ કર્યું અને પત્નીને ચૂમી ભરી. સજ્જન બહાર નીકળ્યા ત્યારે સુથાર કાર સુધી મૂકવા આવ્યો. પેલા ઝાડ પરથી પસાર થયા ત્યારે સજ્જને કુતૂહલથી પૂછ્યું : 'ઘરમાં દાખલ થતાં પહેલાં તમે ઝાડને શા માટે અડક્યાં ?'
સુથારે કહ્યું : 'અરે હા ! આ ઝાડ તો મારા મનની ખીંટી છે. હું કામે જાઉં ત્યાં કોઈ ને કોઈ તકલીફ તો આવે જ. પણ ઘરે મારા પત્ની-બાળકોને એની સાથે શું લેવાદેવા ? એટલે સાંજે જ્યારે કામ પરથી ઘરે પાછો આવું ત્યારે તકલીફો આ ઝાડ પર લટકાવી દઈ ઘરમાં દાખલ થાઉં છું. સવારે કામ પર જતાં આ ઝાડ પરથી તકલીફો પાછી લઈ લઉં છું. પણ નવાઈની વાત તો એ છે કે રાતે મૂકેલી તકલીફોમાંથી ઘણીખરી સવારે ત્યાં હોતી નથી.

માણસને કોઈપણ સ્વરૂપે ખીંટી ગમે છે. પોતાના દુ:ખ, તકલીફ, પીડા, વ્યથા, મૂંઝવણ, ક્રોધ વગેરે કોઈક ને કોઈક ખીંટી પર ટિંગાડવા એ પ્રયત્ન કરતો રહે છે. કોઈને આ સુથારની જેમ વૃક્ષ જેવી જીવંત ખીંટી મળી પણ જાય છે. ખીંટી વગરનો માણસ સતત આ બધો ભાર પોતાની ઉપર લઈને ફર્યા કરે છે. કોઈકોઈ પોતે જ સ્વયં ખીંટી જેવાં હોય છે. તેની ઉપર સતત બધાં જાતજાતનો ભાર ટિંગાડતા હોય છે. ક્યારેક એ માણસ ભાર ઝીલી-

ઝીલી ભીંતમાંથી હાલતી ખીંટી જેવો પણ થઈ જાય છે. છતાં એને પોતાનું ખીંટીપણું ગમે છે. લટકતી વસ્તુઓનું પ્રમાણ એટલું બધું વધી જાય છે કે ખીંટી દેખાતી પણ નથી.

એથી ઊલટું, ક્યારેક કંઈ મનગમતું વાંચતા હોઈએ ત્યારે તે સિવાયનું બાકીનું બધું સુખ પણ અને દુ:ખ પણ, પેલી પુસ્તકની બહારની ખીંટીએ લટકતું હોય છે. જેવું પુસ્તક બંધ કરીએ કે ખીંટી પરથી બધું આપણા મન પર ભેરવાય. ખીંટી તો બિચારી મૌન છે, મૂક છે. તેની ઉપરની વસ્તુઓ બોલકી છે. પણ ખીંટી એનેય પોતાની જેમ મૌન બનાવી દે છે. તેથી જ પેલું વૃક્ષ એની ડાળીઓ પરનાં પર્ણો જેટલી જ સહજતાથી પેલા માણસની તકલીફો પહેરી લે છે – એ પર્ણો પવનમાં ફરકે એટલાં હળવાં હશે. સવાર સુધીમાં કેટલાંક પર્ણો આપમેળે જ ખરી જતાં હશે. બાકીના સમયાંતરે ખરશે અને નવાં પણ ફૂટશે જ. પેલો સુથાર જે વૃક્ષોના લાકડાં કાપી સર્જન કરે છે એને માટે વૃક્ષ કોઈ વસ્તુ નહિ પરંતુ પરમ સખા છે.

પરમ તત્વ સમીપે જતાં માણસે પોતાના દુ:ખ અને સુખ, આનંદ અને પીડા, પ્રેમ અને દ્વેષ બધું જ કોઈ અદષ્ટ ખીંટી પર લટકાવતા જવાનું છે. ખીંટી માણસને કેટલો નરવો બનાવે છે ! આખા જીવન દરમિયાન મનુષ્ય ખીંટી પર રોજબરોજ કેટકેટલું લટકાવતો રહે છે અને છેવટે પોતેય ખીંટીએ લટકી જાય છે, તસવીર બની.

## [4] રમકડાંની દુનિયા – રીના મહેતા

વર્ષો પહેલાં મેળામાંથી એક રમકડું લીધું હતું. એમાં સામસામે બે ફૂકડા હતાં. વચ્ચે નાની વાડકી હતી. નીચે એક પતરાંની વાળેલી પટ્ટી હતી. એ બે બાજુએ દબાવો એટલે બંને ફૂકડા વારાફરતી વાંકા વળી વાડકીમાં ચાંચ નાંખે. વારાફરતી ટક-ટક ઊંચા થાય, નીચા થાય. મારા બાળ મનને એનું બહુ કૌતુક થતું. દિવસો સુધી એ રમ્યા કર્યું. કિંમત તો એની બે રૂપિયા હશે. પછી કોણ જાણે કેમ એ રમકડું મારાથી કે બીજા કોઈથી બગડી ગયું. કદી ન ઝઘડતાં બે સમજદાર ફૂકડા હવે વારાફરતી ખાવાને બદલે એક સાથે વાંકા વળવા લાગ્યા. ગરબડ થઈ ગઈ. બંનેનાં માથાં અથડાવા લાગ્યા. આમ કેમ થયું તે હું સમજી ન શકી. બંને ફૂકડાની દોસ્તી પર મુગ્ધ બનેલું મારું મન જરીક ભાંગી ગયું. રમકડું રીપેર કરવાનો મેં પ્રયત્ન કર્યો ને એ વધારે બગડ્યું. પેલાં ફૂકડાં હવે સાથે ડોકાં નમાવતાંયે બંધ થઈ ગયા ! છતાં વર્ષો સુધી મેં એ રમકડું ભંગારમાં આપવા ન દીધું. બે ફૂકડા પાછા સમજદાર બની ટક ટક ચણવા માંડે એ બાળઆશા વિરમી ત્યાં સુધી !

બીજી, મારી પાસે એક ઢીંગલી હતી અમેરિકાની. ત્યારે તો એવી સાચા વાળવાળી ઢીંગલી અહીં ખાસ ન મળતી. અમારા કોઈ દૂરના સગા અમેરિકાથી મુંબઈ આવેલા. અમે એમને મળવા ગયા ત્યારે એ બહેને મને આઠ-દસ ઢીંગલી કાઢીને બતાવી. પછી કહે : 'આમાંથી તને જે ગમે તે રાખી લે.' આવી સુંદર ઢીંગલીઓ પહેલી જ વાર જોઈ હું એટલી દિગ્મૂઢ થઈ ગયેલી કે ઢીંગલીને અડકીને જોવાનીયે મારી હિંમત નહોતી. શરમાઈને બાની સોડમાં હું ભરાઈ. બે-ત્રણ ઢીંગલી ખૂબ નાની-બચૂકડી બેબી જેવી હતી. એ જોઈને મને બહુ આશ્ચર્ય થયું. પણ બાએ બધાંમાં મોટી દેખાતી એક લાંબી ઢીંગલી લેવા કહ્યું ને મેં લઈ લીધી. પણ, પેલી ટબૂકડી ઢીંગલી યાદ

રહી ગઈ. વર્ષો સુધી હું અને મારી બહેનપણીઓ એ લાંબી ઢીંગલી રમ્યા. પણ, એનો બિનભારતીય દેખાવ અમને જરા કઠતો. વર્ષો સુધી એ ઢીંગલી રહી. પછી કોઈ રમનાર ન રહ્યું એટલે આમતેમ અટવાતી રહી. અદ્વૈતા-ધ્રુવા પણ એને થોડુંક રમ્યાં. પછી એના ડોકાને વારંવાર છૂટું પાડતાં એક બાજુ ફાટી ગયું. પછી તો ક્યાંક ઢીંગલીનું એકલું ધડ અને ક્યાંક એકલું માથું ! બહુ વરવું ને બિહામણું લાગતું છેવટે એય ભંગારમાં ચાલી ગયું.

એકવાર મને ગોબરું નીકળેલું. દિવસો સુધી તાવમાં બોલ્યા વિના પથારીમાં મૂંગી પડી રહેતી. એક સાંજે અપ્પુ એક પીળાશ પડતાં રંગનું રમકડાનું સસલું લઈ આવ્યા. મારા ફિક્કાં હોઠ પર સ્મિત અને મુગ્ધતા છવાઈ ગઈ. લાંબા કાન, ગોળ આંખો અને ગાજર ખાતું એ રમૂજી દેખાવનું સસલું મને બહુ જ ગમી ગયું. મારી વય તો ત્યારે આઠ-નવ વર્ષની હશે. કંઈ સાવ સસલું રમવા જેવડી તો નહિ જ. છતાં, દિવસો કે વર્ષો સુધી એ સસલું છાતીસરસું ચાંપી હું રમ્યા કરતી. સસલાને હું ગાજરના ખેતરમાં લઈ જતી. જંગલમાં તેની સાથે સંતાકૂકડી રમતી, ઝાડીમાં લપાઈ જતી… ક્યારેક હું અને અપ્પુ તેના બે લાંબા કાનની વચ્ચે લાલ બોલપેનથી લાંબો ચાંલ્લો કરી ખૂબ હસતાં. સસલું પાળેલી બિલ્લી જેવું વહાલું હતું – હજી છે. હા, એ સસલું હજી મારા નવા ઘરના માળિયાના એકાદ કોથળામાં લપાઈને સૂઈ ગયું છે. એની નાની ચીતરેલી મૂછ, મોં-ફાટ, નાની પૂંછડી, ગુલાબી કાન આ બધાનો સ્પર્શ હજી મારા ટેરવે અકબંધ છે.

સસલાનો જ જોડીદાર એક કૂતરોય મારી પાસે હતો. કાળો-બદામી, મોટી ડરામણી આંખ અને જાડા વાળવાળો. એકદમ કડક પ્લાસ્ટિકનો. બીજાં અજાણ્યાં છોકરાં તો એ કૂતરો જોતાં જ રડવા લાગતાં. એનો ફાયદો એ થયો કે એ ડાઘિયો હજી ત્રીસ વર્ષ પછીયે એવો ને એવો છે. હું પહેલીવાર મુંબઈ ગઈ હતી ત્યાંથી કદાચ એ લીધો હતો. એનું પ્લાસ્ટિક એટલું જાડું ને મજબૂત હતું કે બાળક એના ઉપર આખું ઊભું રહી દબાવી અવાજ કરે તોયે એ કૂતરાને કંઈ ન થતું. પણ સસ્સારાણા જેવો ભાવ કૂતરાભાઈ જોડે ન જ બંધાયો. એ વરસોમાં મુંબઈમાં ડબલડેકર બસ નીકળેલી. એની પ્રતિકૃતિ જેવી પતરાંની એક લાલ બસ પણ મારી પાસે હતી. એનાં ચાર પૈડાં ઘસીએ તો ખર્રર… અવાજ કરતી ચાલતી. એ બસમાં નાની બારીઓ, નાની સીટો, ઉપર માળ, નાનો દાદર, વચ્ચેનો પેસેજ, પકડવાનો સળિયો બધું હતું. એ બસ અમારા બધાનાં વિસ્મયનું કેન્દ્ર હતી. અમે મનોમન એમાં બેસતા, દાદર ચઢતાં, ટીન-ટીન ઘંટડી વગાડતાં ને ક્યાંના ક્યાં પહોંચી જતાં. પછી ખબર નહીં એ બસ ક્યાં ચાલી ગઈ ખર્રર કરતી મારા બાળપણની જેમ !

એક શંખ-છીપલાંવાળી ઢીંગલી પણ કાચના કબાટમાં ગોઠવાયેલી રહેતી. પણ, એ કંઈ રમી શકતી નહીં. છીપલાંનું ઘેરદાર ફ્રોક, છીપલાની હેટ, પછી બધાં છીપલાં તૂટી કે ઊખડી ગયા. લાકડાની લાલ-પીળાં પૈડાવાળી બે ગાડીઓ પણ હતી. એક લાકડાંની બાઈ પણ હતી, વર્ષો જૂની. વર્ષો સુધી રહી. પાછળના ઘરના કબાટમાં પિત્તળનો કાળો પડી ગયેલો એક નાનો ડબ્બો રહેતો. એમાં લાકડાનું બનાવટી બિસ્કિટ, બદામ, એલચી, દ્રાક્ષ, કાજુ વગેરે રહેતાં. એકદમ સાચાં જ લાગે – ખાવાનું મન થઈ જાય એવાં. અમે સાચવીને એ દાબડી ખોલતાં, રમતાં અને સાચવીને પાછાં મૂકી દેતાં. પછી એ ક્યાં ગયાં ખબર નથી. હું થોડી મોટી થઈ એ અરસામાં નવી-નવી 'ગેઈમ' નીકળેલી. એમાં ગોળ ફૂલ જેવાં લાલ-પીળાં-ધોળાં-ભૂરાં ચકરડાં. બધાં જોડીને જુદાંજુદાં આકાર

બનાવવાના. સાઈકલ, ઊંટ, ઘર. કંઈ કેટલુંયે. હું આઈસ્ક્રીમની વાટકી-ચમચી-ફૂલ એવું બધું બનાવતી. અઘરા આકાર મેહુલ બનાવી આપતો, કેટલાયે વર્ષો એ 'ગેઈમ' સાચવીને અમે રમતાં. હજી અત્યાર સુધી એના થોડાં ચકરડાં હતાં !

વળી, દર ગોકુળ અષ્ટમીએ લોખંડના કટાયેલાં ગોળાકાર ડબ્બાની કડી ખોલી એમાંથી કાચના રમકડાં બહાર કાઢવામાં આવતાં. ભગવાનના પારણાની બાજુમાં ઊંચા બાજઠ ઉપર એ કાચના વિવિધ રમકડાં ગોઠવાતાં. દાદી અને બા 'જો…જો… તૂટે નહિ' એમ કર્યાં કરતાં. અમે કોઈ એમાંથી એક્કે રમકડું તોડતાં નહિ. કાચની એક-બે ધોળી પૂતળીઓ, તેનાં નાજુક ચહેરાં, તરલ આંખો, રંગીન લૂગડું – એના સળ દર્શાવતો કાચ બધું મને બરાબર યાદ છે. વર્ષોથી આ રમકડાં જોયાં નથી. એમાં એક સાવ નાનું, કથ્થઈ-કાળા રંગનું ગલૂડિયું હતું. મને એ બહુ વહાલું હતું. એનો એક પગ તૂટેલો હતો. એ બરાબર ઊભું રહી શકતું નહિ. હું એને ઊભું રાખવા મથ્યાં જ કરતી ! આવડા મોટા ઘરના આવડા મોટા અસબાબમાં ખબર નહિ એ ક્યાં ખોવાઈ ગયું ? આ રમકડાં અમને કદી રમવા ન મળતાં. એ ભગવાનનાં રમકડાં કહેવાતાં. દર વર્ષે ડબ્બામાંથી બહાર નીકળતાં અને છ દિવસ રહી પાછાં ડબ્બામાં ચાલ્યાં જતાં. એ છ દિવસ એને હળવેથી જોઈ, અડકી લેવાનાં. એટલે જ કદાચ એનું આકર્ષણ હતું.

પછી, પાછળથી આ કાચના રમકડાં જોડે મદ્રાસના વાજાંવાળાં પણ ગોઠવાતાં. હલકા વજનના લાકડાનાં વાજાંવાળાં રંગે-રૂપે રમૂજ ઉપજાવે તેવાં હતાં. કોઈ શરણાઈ, કોઈ ઢોલક, કોઈ વાજું વગાડતી મુદ્રામાં હતાં. એમનાં બૂટ પગ સાથે પાતળી ખીલી વડે જોડેલાં. હું જુદાં જુદાં આકારમાં એમના સરઘસને ગોઠવતી અને પછી તો જાણે સરઘસ આગળ ચાલતું. પછી તો પગની ખીલી ઢીલી પડી જતાં બધાં વાજાંવાળાં વારંવાર જાતે જ ગબડી પડતાં. એક પડે તો પાછળનાં બધાં ધરાશાયી… એ પણ જન્માષ્ટમી જાય પછી ખોખામાં મૂકી દેવાતાં. કેટલાં બધાં વર્ષ એ ઘરમાં રહ્યાં ! મૂંગા-મૂંગા, વાજાં વગાડતાં ! એ સરઘસ ઠેઠ આટલે વર્ષે ઘરની બહાર ગયું.

આ સિવાય કેટલાક સિઝનલ રમકડાં પણ મળતાં. શ્રાવણ મહિને કતારગામથી પોપટ લેવાતો. મેળામાંથી વાંસળી મળતી. વાંસની ચીપનો સાપ આવતો, જે લાંબો-ટૂંકો પણ થતો. કોઈને થશે કે ઓહો ! મારી પાસે કેટલાં બધાં રમકડાં હશે કે રમકડાંની લાંબી વાત માંડીને બેઠી છું. મારા બાળકોને ઘણીવાર કહું છું, તમારી પાસે તો ઢગલો રમકડાં છે. અમારી પાસે કંઈ આટલાં બધાં રમકડાં નહોતાં. કોઈ અપાવતું નહિ. ત્રણ પૈડાની લાલ સાઈકલ મને બહુ ગમતી. એ સાઈકલ જાણે બહુ મોંઘી. કોઈ અપાવે એવી તો કલ્પના જ ક્યાં ? હું દીપુની સાઈકલ પર ક્યારેક ક્યારેક બેસતી અને એ ચલાવવાનો અવર્ણનીય આનંદ માણી લેતી. તે વખતે કોઈ પાસે છે એવું રમકડું આપણે પણ લેવું જ એવી જીદ તો કોને પોષાય ? બધાં એકબીજાનાં રમકડાંને સહિયારી રીતે રમી લેતાં, અડકી લેતાં, ને રાજી થઈ જતાં. અત્યારે થાય છે કે મારી પાસે પણ કંઈ ઓછાં રમકડાં નહોતાં ! ઉપર વાત કરી એ તો ખરાં જ, બાકીના તો નકામાં ડબ્બા-ડબલી વગેરેમાંથી રમકડાં સર્જતા અમને ક્યાં નહોતું આવડતું ? શાંતાકાકી દાદાને પૂજામાં આવેલા લાલ કપડાંનો ઢીંગલો સીવી આપતાં કે અમે રાજી રાજી. ભગવાનના ધૂપની નાની સગડીયે છાનીમાની રમતાં. બંગડીના કાચ, કાચની નાની શીશીઓ, પ્લાસ્ટિકના બૂચ, ઢાંકણાં, લખોટી… પાર વગરની વસ્તુઓ…

બે-ત્રણ દિવસ પહેલાં જ હું રમકડાંની દુકાને ગઈ હતી. ઓહોહો… જાત-જાતનાં રમકડાં. નાના-મોટા ટેડિબેર, નાની-મોટી બેબી જેવડી બોલતી ઢીંગલીઓ, મોટરો, ગેઈમ્સ, કીચનસેટ, કબાટ, સ્ટેન્ડિંગ કીચન, ફ્રીજ, ઢીંગલી ઘર… બધું જ. હવે તો આ બધુંયે કંઈ નવું નથી રહ્યું. બહુ ઝડપથી બધું જૂનું થઈ થઈ જાય છે. હવે બાળક કંઈ પેલા સસલાને વર્ષો સુધી છાતીસરસું રાખી શકતું નથી. એમના વિશ્વ સાથે એમનું રમકડાનું વિશ્વ પણ બહુ ઝડપથી દોડે છે. એમાં પેલું સસલું ક્યાંય પાછળ રહી જાય છે. છતાં બાળક એ બાળક છે. એ નવી પેઢીનું હોય કે જૂની પેઢીનું. એને રમકડાં માત્રમાં આનંદ આવે છે. અરે ! બહુ જૂનાં, ભાંગલાં-તૂટલાં રમકડાં માળિયેથી ઉતારીએ તોય એમને નવાં લાગે છે ને રમવા મંડી પડે છે. દ્વિજા એની ફોઈની યે ફોઈનાં પિત્તળનાં નાનાં વાસણ ઊલટથી રમે છે. પિત્તળનો સ્ટવ, સાણસી, ઝારી, પેણી, તપેલી, તાંબાકુંડી, થાળી, ચૂલો… બધું આપણનેય રમવાનું મન થઈ જાય એવું.

બાળકને તો રમકડું બે રૂપિયાનું હોય કે બસો રૂપિયાનું – બધામાં અપાર આનંદ મળે છે. આ આનંદ અને વિસ્મય જ નકામી વસ્તુને રમકડું બનાવી દે છે. જ્યાં સુધી એમનામાં વિસ્મય હોય ત્યાં સુધી તેઓ કોઈપણ રમકડાંમાં ઈશ્વરની માફક જીવ મૂકી શકે છે. બસ, પછી કંઈ નહિ.

## [5] સ્મૃતિમાં ઝગમગતાં તુલસીવિવાહના દીવા – રીના મહેતા

દિવાળીના ઘોંઘાટિયા પર્વનાં કેટલાક સૌમ્ય-શાંત સ્વરૂપો મને ગમતાં રહ્યાં છે. જેમકે સાથિયા પૂરવા, દીવા પ્રગટાવવા, આંગણું વાળી પાણી છાંટવું, ઘૂઘરાની કોર વાળવી. બેસતું વર્ષ જાય એટલે આમ તો દિવાળી પૂરી થઈ લાગે. પણ, તે પછીયે ભીતરમાં તુલસીવિવાહના દિવસ માટે તુલસી-માંજર જેનો ઝીણો-ઝીણો રોમાંચ બાકી રહ્યો હોય. હમણાં એક દિવસ કાગળ ઉપર મેં દ્વિજાને તુલસી-વિવાહના દિવસે ખાસ પુરાતો સાથિયો દોરી આપ્યો. તે પછી તુલસી-વિવાહનો અર્થ સમજાવવા માટે મેં એક તુલસીનું કૂંડું, તુલસીની ઝીણી પોપટી-લીલી પાંદડીઓ, શેરડીના ત્રણ સાંઠાનો મંડપ, એની ઉપર તાંબાનું ડોકિયું, તેની નીચે રાધા-કૃષ્ણની મૂર્તિઓ, મૂર્તિ સમક્ષ હારબંધ નવ દીવડા અને છેવટે સાથિયા ઉપર ભગવાનની લાલ કંકુની નાની પગલીઓ – બધું દોરી આપ્યું. સમગ્ર ચિત્ર દોરતાં-દોરતાં મારા મનઃચક્ષુ સમક્ષ એક આખો પરિવેશ અકબંધ – યથાતથ ચિતરાઈ ગયો. મારા મનમાં તુલસીની વિશિષ્ટ સુગંધ અને એકસામટા નવ-દસ દીવાનો પ્રકાશ છવાઈ ગયો.

એકાએક જાણે કે મેં પગની પાની ઊંચી કરી અગાસીની પાળ ઉપરથી ત્રીજે ઘેર ડોકિયું કર્યું, અને પંદર-વીસ વર્ષ પહેલાંની રાતે દસ-અગિયાર વાગ્યે એ વાડામાં ઝાંખા પીળા બલ્બના પ્રકાશમાં બ્રાહ્મણકુટુંબ દ્વારા થઈ રહેલી તુલસી-વિવાહની વિધિ મને દેખાવા લાગી. જોકે હું એ ઝાઝી વાર જોતી નથી ને પછી અગાસીની ખરબચડી લાદી ઉપર મેહુલે ચૂના વડે દોરેલા સુરેખ તુલસી કૂંડાને જોઈ નીચે જતી રહું છું. નીચે તો મારે માટે બધું બહુ રાહ જોતું બેઠું હોય. બપોરનો જ પલાળેલા ચૂના વડે મેહુલે ભગવાન આગળ સાથિયો દોરી દીધો હોય. વળી એમાં કોરા રંગમાં ગુંદર-પાણી ભેળવી રંગ પણ કર્યા હોય. સાથિયો કરવા સળીમાં રૂ ભેરવવાની ક્રિયામાંયે મને પારાવાર રસ પડતો. સાથિયાની વચ્ચે બે નાની પગલી પણ દોરી હોય. શેરડીના ત્રણ સાંઠાનો મંડપ પણ

બની ગયો હોય. એ મંડપમાં સોળે-શણગાર સજી રાધા-કૃષ્ણ જ મુકાતા ! સાથિયા પરની પગલીઓમાં કંકુ ભરીને તેની બરાબર ઉપર કૃષ્ણ ગોઠવાતા. કૃષ્ણ જાણે રાધા સાથે પરણવા જતાં હોય એવો ઉલ્લાસ વ્યાપી જતો.

ઓસરિયા ઉપર દાદીએ એમની લાલ કાચની બંગડીઓના રણકાર સાથે ઘસેલાં ચંદનની આછી સુગંધ મારા બાળ-ચિત્તમાં વ્યાપી જતી. બા જતનપૂર્વક નવ કોડિયાં તૈયાર કરતી. હું પણ આખો દિવસ બધી તૈયારીમાં નાના પગે દોડી-દોડીને મદદ કરતી. ફૂલપાંતરી લઈ આવતી, દરોઈ ચૂંટી દેતી. દાદા શ્લોકોચ્ચાર સહિત પૂજા કરતાં. દાદાની જ લાકડી ઉપર ઢળતા રાખી નવ કોડિયાં હારબદ્ધ મૂકવામાં આવતાં અને છેલ્લે એક ત્રાંબાનું કોડિયું સાવચેતીથી મંડપ ઉપર, શેરડીના ત્રણ સાંઠા વચ્ચે રચાયેલા ખૂણામાં મુકાતું. એ કોડિયું નીચે ન પડી જાય તેની ખૂબ જ કાળજી લેવાતી. જ્યારે એ સળગતું કોડિયું મંડપની નીચે પડી જાય ત્યારે કુટુંબમાં કોઈનું મરણ થાય એવી વર્ષો જૂની માન્યતા. દાદીના મનમાં કોડિયું પડવાની ખૂબ જ ફડક.

પણ, જ્યારે નવ દીવા પ્રગટાવવામાં આવતાં ત્યારે આખો ઓરડો, બધું જ વાતાવરણ ઝળહળ થઈ ઊઠ્યું. મને એ નવ દીવા, મંડપ, મંડપ ઉપરનું ભય પ્રગટાવતું કોડિયું, રંગીન સાથિયો, કંકુ-પગલી, રાધા-કૃષ્ણની ફૂલોથી શોભતી મૂર્તિ – એ આખું દશ્ય બહુ જ ગમતું. પૂજા થઈ ગયા પછી છેવટે આરતીનો સમય થતો. ઘરના અને અડોશપડોશનાં બધાં હાજર રહેતા. દાદા શેરડીના નાના સાંઠામાં ચીરો પાડી એમાં દીવાની વાટ ખોસી સળગાવતા અને મેહુલ પાસે ‘આજ દિવાળી, કાલ દિવાળી, દેવદિવાળીનું મેરિયું’ ગવડાવી આરતી કરાવતા. ત્યારે વાતાવરણ થોડું બોલકું થઈ જતું. પછી એ મેરિયું ઘરનાં બારણાં બહાર ખોસવામાં આવતું. અને પેલાં નવ દીવા ઘરનાં જુદા જુદા ગોખલે, ટોડલે, ઉંબરે અમે ગોઠવી દેતાં. વળી, અગાસીમાં તુલસીના કૂંડાને તુલસીના ચીતરેલાં સાથિયા આગળ ગોઠવવામાં આવતું. બા હાથના પંજા ઉપર સૂતરનો દોરો 365 વાર વીંટાળી, તેને કાપી, તેની જાડી વાટ કરતી. તે દીવો તુલસી પાસે મૂકવામાં આવતો. આ દીવો બહુ મોટો સળગતો. દાદી અચૂક કહેતાં, ‘જો ! જો ! અલ્યા, તુલસીમાતા દાઝી ન જાય !’ પછી અમે ભગવાન આગળ દિવાળીના વધેલાં બે-ચાર તનકતારા સળગાવતાં, પ્રસાદ ખાતાં.’

દાયકાઓથી ચાલ્યો આવતો આ રમણીય ક્રમ મેં પણ ઘણાં વર્ષો માણ્યો. પરંતુ, એકવાર મંડપ ઉપર મુકાતો પેલો દીવો કોઈનીયે ગફલત વિના નીચે પડી ગયો. ‘હાય ! હાય ! દીવો પડ્યો !’ દાદી ફડકભર્યા અવાજે બોલી ઊઠ્યાં. નબળાં હૃદયવાળાં દાદી વારંવાર માંદા પડી જતાં. એમણે કહ્યું : ‘અલી ! જસુ ! આવતી દિવાળીએ હું નહિ હોઉં !’ પરંતુ બન્યું એથી વિપરીત. થોડા જ મહિના પછી એકદમ તંદુરસ્ત એવા દાદા દાદર પરથી અચાનક નીચે પડી ગયા અને અવસાન પામ્યા. બીજી દેવદિવાળીએ તો શોક હતો. બા અને દાદીએ આખું વર્ષ ધોળાં લૂગડાં પહેરી શોક પાળ્યો હતો. નવ-નવ દીવાના અજવાળામાં ઝગમગી ઊઠતો દાદીના ગોરાં કપાળ ઉપરનો લાલ કંકુનો ચાંદલો ખરીને પેલી લાલ કંકુ-પગલીમાં ભળી ગયો હતો. દીવા વિનાના અંધારા જેવા ગળગળા અવાજે દાદીએ કહ્યું : ‘જસુ ! હું નો’તી કે’તી ? દીવો પડે ત્યારે અશુભ થાય છે. તે હું આજ મરું – કાલ મરું જેવી જીવતી રહીને તારા બાપા સાજા-નરવાં બિચારા ચાલ્યા ગયા….!’

પછીનાં વર્ષોમાં દાદા વિના તુલસીવિવાહ થતાં રહ્યાં. ક્રમ એ જ રહ્યો, પણ સાંઠાના મંડપ ઉપર દીવો મૂકતી વેળા બાના હાથ કદાચ વધુ ધ્રૂજી જતાં. કોડિયું બરાબર ગોઠવાયું છે કે નહિ તેની ફરીફરીને ખાતરી કરી લેવાતી. તે પછી પાંચ વર્ષ બાદ ત્રીજે નોરતે દાદી મૃત્યુ પામ્યાં તે પહેલા આગલા તુલસીવિવાહે કોડિયું નીચે તો નહોતું પડ્યું. તે પછીની દેવદિવાળીએ ઘરડાં કાકી મૃત્યુ પામ્યાં. પણ, બાએ દાદીના કહેવા પ્રમાણે એમના મૃત્યુ પછી બીજા જ વર્ષે તુલસીવિવાહનો રિવાજ જ કાઢી નાંખ્યો. આ રિવાજ કાઢી નાંખ્યાનું બધાંને જણાવતી વેળાએ એકસાથે જાણે હળવાશ અને ખાલીપો અનુભવતી હતી. એને થતું : હાશ ! હવે કદી દીવો પડશે જ નહિ. ને એ સાથે જ મૃત્યુની ફાળ પણ ! પછી લાકડીના ટેકે ઢળતાં મુકાતાં નવ કોડિયાંની હાર ફરી કદી પ્રગટી જ નહિ. કેવળ, તુલસી ક્યારે ત્રણસો પાંસઠ તારવાળો મોટો દીવો પ્રગટતો. તુલસી ઉપર એકલા રહી જતાં અને ભગવાન નીચે ગોખલામાં ! સાથિયાની હું બહુ શોખીન, પણ પેલો સળીમાં રૂ ભેરવી આલેખાતો ચૂનાનો સાથિયો મારાથી અમસ્થોયે ચીતરાયો જ નહીં. જૂના કેટલાયે વિધિ-વિધાન-રિવાજને વળગી રહેલી બાએ કૃષ્ણ જન્મોત્સવ જેવા જ સુંદર એવા આ પર્વને કેમ કાઢી નાંખ્યો એવો પ્રશ્ન મને ઘણી વખત થતો રહ્યો.

ભગવાનના ગોખલા સમક્ષ મંડપ નીચે આલેખાતો એ ચૂનાનો છેલ્લો સાથિયો ઘણા વખત સુધી ઝાંખો-ઝાંખો રહ્યો. બા ન હોય ત્યારે પૂજા કરતી વેળા હું એને જોતી અને તેની અડધીપડધી ભૂંસાઈ ગયેલી રેખાઓને મેળવવા મનોમન પ્રયત્ન કરતી. હાથમાં સળી લઈ, રૂ ભેરવી, તેને ચૂનામાં ઝબોળી દોરવા જતી ને ફડક દઈ પેલું કોડિયું જાણે નીચે પડ્યું ને મને નવ-નવ દીવાનો અંધકાર ઘેરી વળતો. પછી તો ચૂનાના શ્વેત રંગની જરાં સરખીયે ઝાંય ન રહી ! રહી કેવળ મનમાં દાદીએ ઘસેલા ચંદનની તુલસીક્યારે થતાં દીવામાં ભળી-મળી જતી પવિત્ર સુવાસ !

## [6] આ વાદળો ઠીક મળ્યાં છે – રીના મહેતા

ફરીથી ખુલ્લા વિશાળ આકાશ નીચે, નદીના શ્યામ પાણીની માફક સર-સર વહેતી આ શાંત રાતે અગાસીમાં સૂતી છું. પથારી, ગોદડું અને ઓશીકાની જેમ મારું મન અને શરીર પણ આખી રાત દરમિયાન ઠંડુંગાર થઈ જશે. ઉનાળો ઝાઝો ગમતો નથી પરંતુ આવી ઉનાળુ રાત્રિઓના હળવા આશ્લેષમાં વીંટળાઈ અડધાં જાગતાં-અડધાં સૂતાં પડ્યાં રહેવું મને વરસોવરસ ગમે છે. અગાસી બદલાઈ હશે, આ રાત્રિઓ એવું લાગે છે કે કદી નથી બદલાતી. આ ધોળાંધોળાં રૂના ઢગ જેવાં વાદળાં પણ કદી નથી બદલાતાં. ફરીફરીને, એ આકાશનો વિશાળ ચકરાવો પૂરો કરી મારી છત ઉપરથી પસાર થયાં કરે છે. આખું વર્ષ છત નીચે ટપ-ટપ ટપકતાં અંધકારમાં હું એમને જોવાનું વીસરી જાઉં છું. એમને હાથ લંબાવી પસારવાનું વીસરી જાઉં છું પણ ઉનાળુ રાત્રિઓમાં એ મને નથી ભૂલતાં. વર્ષો પહેલા મારી જૂની અગાસી પરથી ઉનાળુ રાત્રિઓમાં ટીરીરી....ટીરીરી કરતાં સફેદ પંખીઓ એકાએક ઊડી જતાં ત્યારે એ પંખીઓ પણ મને વાદળ જેવાં જ લાગતાં. વર્ષો પછી હજીયે હું છત નીચે કોઈક ઉનાળુ રાતે એમનો વિશિષ્ટ અવાજ પારખી જાઉં છું ને મારામાં સફેદ વાદળાં ઉનાળુ રાત્રિનું ચિરંતન સ્મિત પ્રગટાવી દે છે. આ વર્ષે તો એ પંખીઓએ પણ મને સાદ ન પાડ્યો કે પછી મેં ન સાંભળ્યો !

પહેલી રાતે હું અહીં આવી ત્યારે આકાશ એકદમ ખાલી હતું. ટમટમતાં તારાઓ અને અર્ધચંદ્ર સિવાય બીજું કંઈ ન હતું. ખૂબ દૂર વિમાનની ઝબૂકતી લાઈટ આઘેઆઘે સરકતી જતી હતી અને મારામાં કશીક દૂરપણાની લીટી ચીતરી ચાલી જતી હતી. ઉપર અગાસી, નીચે ઘર, ઓહો ! એક આખો સંસાર હું નીચે મૂકીને આવી હતી. અગાસીએ આવી હતી કે આકાશમાં ? અહીં બધું શાંત અને સ્થિર થઈ ગયું હતું. એકદમ આપમેળે. આ બધું યુગોથી આવું જ હતું. એક અલગ જ વિશ્વ હતું ઉપરનું. ના, એને વિશ્વ પણ ન કહેવાય. આ તો જાણે કંઈ જ નહોતું. એક વિશાળ શૂન્યાવકાશ. ગમે તેવો શૂન્યાવકાશ. નીચે કોલાહલ જરા જરા વારે પડખું ફર્યા કરતો હતો. એની બેચેની કોઈ વાતે મટવાની નહોતી. ક્યારેય મટવાની નહોતી.

થોડીવાર પહેલાં એક ઊંચો દાદર ચઢી હું અહીં આવી હતી. બહુ લાંબા સમય પછી કદાચ એક વર્ષ પછી. કદાચ એક ચોમાસા, એક શિયાળા અને એક અર્ધઉનાળા પછી. અહીં આવતી વેળા જ માર્ગમાં દાદરના છેક ઉપરના પગથિયે જૂઈ મળી હતી. ત્રણ-ચાર વર્ષથી એને એક્કે ફૂલ લાગતાં નહોતા ને એકાએક ઉનાળાના દઝાડે તેવાં આલિંગનથી એની ચાર-પાંચ કળીઓ ધોળુંધોળું ઊઘડી ઊઠી હતી ! એને નજીક ખેંચી સૂંઘી-ચૂમી અને ઉનાળુ રાતની શાંત સુવાસ મારામાં વ્યાપી ગઈ. મારા હાથમાં જૂના ફૂલોનું ઝૂમખું હતું કે ટમટમ થતા પેલા દૂરના તારકો ?

આકાશ નીચેની પહેલી રાતે બધું જ નવું-નવું લાગતું હતું. ઠંડી પથારી પણ, ઓશીકા પણ અને ચંદ્રનું અજવાળું ઝીલતું મારું શરીર પણ. બહુ આછી ધોળી લકીર જેવું – એક લાંબી પથરાયેલી ટેકરી જેવું વાદળ આવ્યું. ન વરતાય એમ પસાર થઈ ગયું. વેદાંગ એને જોઈ આશ્ચર્યમાં ડૂબી ગયો. 'આ શું છે ?' મેં કહ્યું : 'બહુ આછું-આછું વાદળ છે.' ને એ સાથે જ મને વાદળના પેલાં ઝુંડનાં ઝુંડ યાદ આવ્યાં. પેલી વીતી ગયેલી અને હવે પછી વીતનારી ઉનાળુ રાત્રિઓ યાદ આવી. આંખો ઉઘાડી રાખી આકાશને, ચંદ્રને, તારાઓને તાક્યાં કરતી હું યાદ આવી. રાત્રિઓમાં ભળી નિદ્રાધીન થઈ જતું મારું મન યાદ આવ્યું.

પણ હું અત્યારે પેલાં ધોળાં વાદળોની રાહ જોતી નહોતી. એમની રાહ જોવાનો મને ખ્યાલ પણ નહોતો આવ્યો. ચંદ્રના અજવાળાથી, તારાઓના ઝબકારાથી, જૂઈની પવિત્ર દૈવી ખુશ્બૂથી તરબતર થઈ ઠંડી રાત્રિમાં ઝબોળાયેલું મારું મન જંપી ગયું હતું. અડધી રાતે હું આંખ ખોલ્યા વિના કેટલીયે વાર જાગી અને ફરી ઊંઘી ગઈ. મળસ્કે કોયલના મોટા ટહુકાથી મારી આંખ ઊઘડી ગઈ. જોયું તો આકાશ પણ ઊઘડવાની તૈયારીમાં હતું. એ સવાર અને રાતનો સંધિકાળ હતો. હમણાં જ અંધારાનું પડ જરાક આછું હતું. પૂર્વમાં નહિ જેવી રતાશ ઊભરવા માંડી હતી. ચંદ્ર દેખાતો નહોતો. બસ માત્ર એક તારો પૂર્વમાં થોભી ગયો હતો – મારી આંખ ઊઘડવાની પ્રતીક્ષામાં ! અર્ધનિદ્રામાં એ તારાને જોઈ, કોયલ અને કાગડાના અવાજને કાનમાં લપેટી, ઠંડાગાર ગોદડાંને શરીરે વધારે વીંટાળી મેં ફરી આંખ મીંચી દીધી અને જાગી ત્યારે તડકો ઝાકમઝોળ ! હજી સાત પણ નહોતા વાગ્યા. ઝટ ઝટ નીચે ઊતરતાં જૂઈનું ઝૂમખું હાથ લાગ્યું. એ એક્કેય ખર્યાં નહોતા. પણ રાત્રિના અંધકારમાં એનાં મુખ જેટલાં ગોરાં લાગતાં હતાં એટલાં અત્યારે નહોતાં લાગતાં. દાદરના પગથિયાં એક પછી એક ઊતરતાં હું ફરી સંસારમાં પ્રવેશતી જતી હતી.

ફરી રાત. બીજી, ત્રીજી, ચોથી.... વાદળોને હવે મારા હોવાની ખબર પડી ગઈ હતી. આકાશ હવે વાદળ વિના ઘડીયે રહેતું નહોતું. ઠંડી પથારીમાં પડ્યાં પડ્યાં ચંદ્ર અને તારાને જોવા કરતાં હું ધોળાં વાદળોના ઢગને જોવા લાગી. થોડી વારમાં તો મને જાણે એમ લાગવા માંડ્યું કે આ વાદળો સિવાય બીજું કંઈ જ હું જોતી નથી. ચંદ્ર જોઉં છું તો આ વાદળોની પારથી, તારા જોઉં છું તો વાદળની નીચેથી, જૂઈને સૂંઘું છું તો વાદળના શ્વાસથી, રાત્રિને ઓઢું છું તો વાદળની ગોદડીથી. વાદળ-વાદળ-વાદળ વાદળ..... એક પછી એક પસાર થયાં જ કરે છે. દૂર સુધી એમને જતાં જોઉં છું ને પછી ત્રીજા ઘરની ઊંચી દીવાલની પેલી પાર એ ગરક થઈ જાય છે. ફરી બીજાં આવે છે અને ચાલ્યાં જાય છે. જેમ એક પછી એક ક્ષણ આવે અને ચાલી જાય. કોઈ નાના ગભરું ધોળા વાછરડા જેવા. કોઈ વિશાળકાય ડાયનાસોર કે વ્હેલ માછલી જેવા, તો વળી કોઈ ભૂલી પડેલી, આમતેમ અટવાતી-કોઈને શોધતી જતી, આ દુનિયાની ન હોય એવી નાની વાદળી ! આ વાદળો જ્યારે ચંદ્ર ઉપરથી પસાર થાય ત્યારે અદ્દભુત તેજવર્તુળ રચાય. એ તેજવર્તુળ પણ રચાય અને વિખરાય, રચાય અને વિખરાય.

ત્રીજી રાતે તો બાળકો પણ મારી સાથે વાદળોના જાતજાતના આકાર શોધવા લાગ્યાં. કોઈ વાદળ અમને હોડીની માફક પસાર થતું લાગે, તો કોઈ કરચલા જેવું. કોઈ નાના નિર્વસ્ત્ર બાળક જેવું ઊંધું પડેલું લાગે તો કોઈ ઘરડા ડોસા જેવી આકૃતિ રચે. કોઈ ભારતના નકશા જેવું લાગે તો કોઈ મગરના પહોળા થયેલાં જડબાં જેવું ! પણ ઘણી વાર એમને જે આકાર દેખાય તે મને ન દેખાય અને મને જે દેખાય તે એમને ન પરખાય ! એમને આ વાતની બહુ નવાઈ લાગી. એમ કેમ ? એમના નાનકડા મગજમાં મારી વાત ઝાઝી ઊતરી નહિ. મેં કહ્યું આ બધાં આકારો તો આપણી નજર રચે છે. વાસ્તવમાં એવું કંઈ નથી. વાદળ એ વાદળ છે. આકારોનો આપણને ભાસ થાય છે. પણ વાદળોએ મારી વાત સાંભળી નહિ. એ તો પસાર થતાં ગયાં. ચોથી રાત્રિએ પણ.

પાંચમી રાતે હું દાદર ચઢી વાદળોના જ ખ્યાલમાં. જૂઈનાં ફૂલો આજેય રોજની માફક મારી વાટ જોતાં ઊભાં હતાં. એમને પસવારી લેતાં જ મને થાય છે કે આજે અજવાળું કેમ ઝાઝું નથી ? જોઉં છું તો આખું આકાશ વાદળોથી ભરાઈ ગયું છે. મોટાંમોટાં વાદળોએ તેરસના ચંદ્રને ય ઢાંકી દીધો હતો. પથારીમાં પડતાં જ મેં જોયું કે ચંદ્રના અજવાળાને લીધે વાદળોનો રંગ આછો ગુલાબી પડતો થઈ ગયો હતો. મોટાંમોટાં આ વાદળો ખૂબ ધીમાંધીમાં ખસતાં હતાં. પૂર્વમાં તો જાણે વાદળોની ભીડ જામી ગઈ હતી. આકાશનો શ્યામ-ભૂરો રંગ પણ ઝાઝો દેખાતો નહોતો. આકાશ એક મહાકાય વાદળ બની ગયું હતું. હું વિખરાતાં-જોડાતાં વાદળને જોતાં જોતાં આકાશને શોધવા લાગી હતી !

પડખું ફરીને સૂવાથી કાનમાં છત નીચે ઘરર-ઘરર ફરતાં પંખાનો અવાજ સંભળાતો હતો. કોલાહલનાં ઘસાતાં પડખાંનો અવાજ સંભળાતો હતો. અને ચત્તાં થઈ આ વાદળોને જોતાં ? જાણે કે વાદળો મને જોતાં હતાં ! આ વાદળો અત્યારે આકાશમાંથી નહિ, મારામાંથી પસાર થયે જતાં હતાં. હું આકાશની માફક સ્થિર હતી. હૃદય અને ક્યાંક ઊંડે ઊંડે આખી રાત જાગતાં-ઝબૂકતાં આત્મા પરથી આ વાદળોની માફક જ આ તમામ ઉનાળુ રાત્રિઓ, આ વરસો-વરસ ટીરીરી.... કરી ઊડી જતાં ઉનાળુ પંખીઓ, આખી રાત દરમિયાન એક પછી એક વિલીન થતાં તારાઓ પસાર થતાં જતાં હતાં. પેલાં મારી પ્રતીક્ષામાં ઊભેલાં જૂઈનાં ઝૂમખાંની સુગંધ, મારાં પગલાંની રાહ જોતો દાદર, ઠેઠ ઉપર વહી આવતી મધુમાલતીની માદક સુગંધ, જાસૂદની બિડાઈ ગયેલી રક્તિમા, આકાશ

ભરીને પથરાયેલી આ મોકળાશ, આકાશ ભરીને ઊભેલી આ પરમ શાંતિ, આકાશ જેવી અચાનક વ્યાપી જતી એકલતા, જેને હું નીચે મૂકીને આવી હતી એ આખો ને આખો સંસાર, એ સંસારની અવિરત ઘટનાઓ, એના કોલાહલના ઘસાતાં પડખાંઓ, રાત્રિના એક પછી એક પ્રહરો, મને ખબર ન પડે એમ ખરતા તારાઓ, મને દેખાય નહિ એવો દૂર જતાં વિમાનનો ઝબકારો, મારામાં ડૂબી ગયેલાં તમામ કાળઝાળ દિવસો, તમામ ઉકળાટભરી સાંજો, મળસ્કે જગાડતી કોયલના તમામ ટહુકાઓ, મારાં અને આ કાળના તમામ ટહુકાઓ, મારાં અને આ કાળના તમામ વરસો, મારી આ તમામ જિંદગીઓ – તમામ જિંદગીઓ....

બધું જ મારામાં વાદળની જેમ પસાર થતું હતું. પસાર થયા કરતું હતું. દરેક રાત્રિએ – ઠેઠ સવાર સુધી. હું એમ જ સ્થિર ઊભી હતી આકાશ જેવી. પેલા પૂર્વમાં મારા જાગવાની પ્રતીક્ષામાં થોભી ગયેલા તારા જેવી. તારો વિલીન થાય છે ને પૂર્ણ ઊઘડેલી સવારે જોઉં છું તો આકાશ ખાલી નથી. શ્યામ-રાખોડી રંગનાં વાદળો દૂરદૂરથી પાછાં ફરી રહ્યાં છે – કદાચ પાણી ભરીને.

## [7] ઘરમાં ઘર ને એમાં ઘર – રીના મહેતા

આજકાલ અમારું નાનકડું ઘર અન્યોને ઘણું પસંદ પડી ગયું લાગે છે. અન્યો એટલે માણસો નહિ પણ ચૂં ચૂં કરતાં ઉંદરમામા અને ચીં ચીં કરતી ચકલીબાઈને ! છેલ્લા બે-ત્રણ મહિનાથી મોટા ઉંદર આવે. નાની ઉંદરડીઓ તો અહીંતહીં આખો દહાડો દોડાદોડ કરી નાસી જાય.

વિલન જેવાં મોટા ઉંદરો અડધી રાતે તરખાટ મચાવે. અભરાઈ ઉપરના ડબ્બા ખણણ... કરતાં ગબડાવે, પ્લાસ્ટિકના ડબ્બા કટર-કટર કોતરે, ઢીલાં ઢાંકણવાળા ડબલાં-ડુબલી ખોલી મોજથી નાસ્તો કરે. સ્વેટર-કપડાં કાણાં કરી મૂકે. રાતે બારથી ચાર એમનો આ ખેલ ચાલે. અમે વારાફરતી લાઈટ ચાલુ કરી ડબ્બા ફરી મૂકીએ, ઝાડુ કે લાકડી લઈ સમૂહમાં ઝનૂનભેર એની ઉપર ત્રાટકીએ, સંતાકૂકડી કે પકડદાવ રમીએ, પાંજરામાં એને પકડવાના નિષ્ફળ પ્રયત્ન કરીએ, વેન્ટીલેટર ઢાંકવાની મથામણ કરીએ. ઊંઘ બગડતાં લગભગ રોજ રાતે હું નક્કી કરું કે કાલે તો દુકાનમાંથી ઉંદર મારવાની દવા લઈ જ આવું. છો ને બધા ઉંદર ટપોટપ મરતાં ! રોજનો આ ત્રાસ તો જાય ! પણ નજર આગળ બેચાર મોટા ઉંદરનાં શબ ગંધાતાં દેખાય ને અરરર... થાય.

વળી, માળિયામાં ઝીણો ઝીણો ચૂં ચૂં અવાજ કેટલાય દિવસથી આવે છે. ઉંદર રહીરહીને ત્યાં જ જાય. નક્કી એણે ત્યાં જ બચ્ચાં મૂક્યાં હશે. થાય કે લાવ બચ્ચાંને જ બહાર મૂકી દઉં. રાવ કે જગદીશનની જેમ ઑપરેશન ડિમોલિશન કરવા સ્ટૂલ લઈ માળિયે ડોકિયું કરું છું. માળિયાના મહાભંગારમાંથી કેરી પકવવાના ટોપલા, ઘાસ બધું એક પછી એક કાઢી નાખું છું. પણ બચ્ચાં કશે દેખાતા નથી. હાશ ! ઉંદરડા એની મેળે જ લઈ ગયા કે શું ? પણ ત્યાં ફરી ઝીણુંઝીણું ચૂં ચૂં સંભળાય છે. અથાણાની કદી ન વપરાતી ઉઘાડી બરણી ત્રાંસી રાખીને ચીંથરા, પ્લાસ્ટીકની કરચો, ઘાસ વગેરેનું આવરણ રચી ઉંદરે એનું ઘર બનાવ્યું છે ! એમાં લપાયેલાં ઝીણાંઝીણાં બચ્ચાં મારા વિકરાળ પંજાથી ગભરાઈને ચૂં ચૂં-નો આર્તનાદ કરે છે. શું કરું ? ફેંકી દઉં ? ન રહે બાંસ ન બજે બાંસુરી... હાથ લંબાવું અને પાછો વાળું છું. મુશ્કેલી બંને બાજુ છે. જો દવાથી ઉંદરને મારી નાખું તો બચ્ચાં મા વિનાનાં

થઈ મરી જાય અને બચ્ચાં ફગાવી દઉં તો ઉંદર રઘવાયા થઈ બચ્ચાંને શોધે ! સાંજે બધાંને પૂછીને જે કરવું હોય તે કરીશ એમ વિચારી સ્ટૂલ પરથી ઊતરી જાઉં છું.

ઉંદર હવે માટીમાં દર બનાવતા લાગતા નથી. ઘરના આવા અવાવરું ખૂણામાં દર બનાવી દે છે. કેટલાયે વખતથી ઉંદરે નિરીક્ષણ કર્યા કર્યું હશે કે આ જગ્યા સુરક્ષિત છે. ક્યા સમયે અહીં બત્તી બંધ થાય અને પોતે જઈ શકશે એની વગર ઘડિયાળે એને ખબર પડે છે. કુદરતે આવા મૂક પ્રાણીનેય કેવી અદ્દભુત આંતરિક સૂઝ આપી છે. કેટલીય રાત બધું કટ-કટ કાપ્યા કરીકરીને, શોધીશોધીને બધું બરણીમાં ભરી તેણે પોતાનાં નવજાત બચ્ચાં માટે પોચું-પોચું, વાગે નહિ એવું ગાદી જેવું ઘર બનાવ્યું છે. એમાં ગુલાબી કાન, ગુલાબી ત્વચા અને બચૂકડી આંખવાળા સાત-આઠ નાના-નાના જીવો નિશ્ચિત જીવે પોઢે છે, ધક-ધક ધબકે છે અને ધીમેધીમે મોટા થાય છે.

આવું જ ચકલીનું છે. એકાદ મહિનાથી એ વારંવાર ઘરની અંદર બહાર ફરરરર-ફરરરર કર્યા કરતી હતી. એક દિવસ જોયું તો જાળી અને બારણાં વચ્ચે પૅસેંજમાં મીટરબોક્ષની ઉપર એક ખોખાની આડશમાં એણે પોતાનો માળો બનાવી દીધો છે. આ જગ્યા એવી છે કે ઘરને તાળું હોય તોય ચકલીબાઈ બે સળિયા વચ્ચેથી ફર્રર કરતા આવ-જા કરી શકે. હજી માળો અધૂરો હશે તેથી આખો દિવસ ચકા-ચકી ઝાડુની સળીઓ, રૂ, દોરીઓ વગેરે નાની ચાંચમાં લાવી-લાવી ત્યાં મૂકવાની મથામણ કર્યા જ કરે છે.

ચકલી મારા ઘરમાં એનું ઘર બનાવે તેથી મને અંદરથી એક પ્રકારનો – ચકલી જેવો જ ફર્રર કરતો હળવો આનંદ થાય છે. એક દિવસ ત્યાંથી પણ ચૂં-ચૂંની માફક ઝીણુંઝીણું ચીં-ચીં સંભળાશે. મેં નાંખેલા દાણા કે ભાત ચકલી એનાં બચ્ચાંને ખવડાવવા લઈ જશે. એ કલ્પનાને હું સળી અને તાંતણાથી ગૂંથું છું. ચકલીના નાનકડાં માથામાં પણ કુદરતે કેવી કુદરતી સૂઝ ભરી છે. એ પણ જરૂરિયાત સમજાતાં માળો બાંધવા માટેની સુરક્ષિત જગ્યા જહેમતપૂર્વક શોધી કાઢે છે. કેટલી મહેનતથી એકએક સળી અને એકએક તાંતણા એકઠા કરે છે અને એને એકમેકમાં ગૂંથે છે. રૂ-ચીંથરા વગેરેની પોચી ગાદી કરી છે. મનુષ્યને ઘર બનાવવા માટે પૈસા, સિમેન્ટ, રેતી, ઈંટ જેટલા કીમતી લાગે છે એટલાં જ કીમતી ચકલીને ઝાડુની સળી, રૂ, તાંતણા લાગતાં હશે. આ બધું ગૂંથવામાં ચકલીએ એની ચાંચમાંથી હૂંફની કેટલી ગૂંથણી ગૂંથી હશે ! ક્યાંક્યાં ઊડીઊડીને એણે એકએક સળી મેળવી હશે અને એનું ઘર બનાવ્યું હશે.

મનુષ્યનું ચાર દીવાલ અને એક છતનું ઘર પણ પ્રેમ, વાત્સલ્ય, હેત, ઝઘડા, ચકચક અને કચકચની ગૂંથણીમાંથી ગૂંથાય છે. એની એકએક ઈંટ ઉપર પ્રેમના, સ્નેહાળ વાતચીતના, રીસામણા-મનામણાના કેટલા પડઘા અંકાય છે. એવું એ ઘર પૃથ્વીનો છેડો લાગે છે તો કદીક કેદ પણ ! ઉંદર અને ચકલીના બચ્ચાંની જેમ એમાં પણ મનુષ્યના બચ્ચાં ચૂં-ચૂં, ચીં-ચીં, ઉંવા-ઉંવા કરે છે. બચ્ચાં મોટાં થાય છે અને કદીક ઊડી પણ જાય છે બીજા પોતીકા ઘરમાં.

પણ સૌથી મોટું ઘર તો ઈશ્વરે આ વિશ્વનું બનાવ્યું છે. જ્યાં માથે આકાશની છત છે. પોચી ગાદી જેવાં ખેતર છે. વહેતી નદીનાં નીર છે. રેતાળ રણ છે. દૂરદૂર નજર ન પહોંચે એવી ક્ષિતિજ છે. એમાં આપણે સૌ સૌના અલગ

ઘર બનાવ્યાં છે. એ ઘરમાં વળી બીજા જીવો ઘર બનાવે છે. ઘરમાં ઘર અને એમાંય ઘર. એ ઘરના રહેવાસીઓ ચૂં ચૂં કરી રાતે ઊંઘ બગાડતા હોય કે ચીં ચીં કરતા સળીઓનો કચરો કરતાં હોય. જ્યારે વિશ્વના માલિકે મને એનું ઘર રહેવા આપ્યું છે ત્યારે પેલાં ચૂંચૂં-ચીંચીંનું ઘર હું કઈ રીતે છીનવી શકું ?

## [8] આપણે સહુ સરખાં !– રીના મહેતા

શહેરમાં ને શહેરમાં હું અન્યોની માફક ઘણા પ્રવાસ કરું છું. ક્યારેક લાંબા, ક્યારેક ટૂંકા. ક્યારેક સ્કૂટર પર, ક્યારેક રિક્ષામાં અને ક્યારેક પગપાળા. આ ટૂંકા, ઝડપી, કામસરના પ્રવાસ દરમિયાન મને ઘણીવાર મનને સ્પર્શી જાય તેવાં ઘણાં દશ્યો જોવા મળે છે. આ દશ્યો ક્યારેક આહ્લાદક, ક્યારેક ગમગીનીપ્રેરક, તો ક્યારેક નિરર્થક હોય છે. હું જોઉં છું માણસોના ટોળાંના ટોળાં. અપરિચિત, એકસરખા, અલગ અલગ વિશ્વ આખું જાણે ત્યારે કીડિયારાંથી ઊભરાતું લાગે છે. મારું ખુદનું અસ્તિત્વ પણ મને કીડિયારાંમાંના સૂક્ષ્મ, ક્ષુદ્ર જીવથી વિશેષ નથી લાગતું. આ અનુભૂતિ ક્યારેક નિરર્થકતાની લાગણી ભણીય દોરી જાય છે.

પણ બહુધા આવું બનતું નથી. ટોળાને બદલે હું માણસોને નિરીક્ષું છું. આ નિરીક્ષણ પણ સાવ અજાણપણે થઈ જાય છે. જો રિક્ષામાં બેઠી હોઉં તો જુદાં, પગપાળા જતી હોઉં તો જુદાં અને સ્કૂટર પર પાછલી સીટે બેઠી હોઉં તો જુદાં માણસો મળે છે, જુદા પ્રકારે માણસો નિરીક્ષવા મળે છે. દાખલા તરીકે, હું મારા ઘરથી નાકા પરની દુકાને ચીજવસ્તુઓ ખરીદવા કે શાકભાજી ખરીદવા ચાલતી જોઉં છું. જો સાંજ ઢળી ગઈ હોય તો એ દુકાને ઘણી ભીડ હશે. અહીં ઉચ્ચ મધ્યમ વર્ગના માણસો કરતાં નિમ્ન વર્ગના માણસો વધુ આવે. છતાં, દુકાનદારના સારા સ્વભાવને કારણે મને ત્યાં જ જવું ગમે. હું મારી ચીજોનું લાંબુ લિસ્ટ એને આપું એટલી વારમાં તો જીથરાળા વાળ, મેલાઘેલાં કપડાં, કાળા વાનવાળા કેટલાય લોકો બે રૂપિયાની ચા, બે રૂપિયાની ખાંડ કે બે રૂપિયાનું તેલ લઈ જાય. શેર ચોખા કે શેર લોટ લઈ જાય. આ લોકો રોજનું કમાઈ રોજનું ખાનારા. પણ એ દરેક સ્ત્રી-પુરુષ લગભગ છેલ્લે એક-બે રૂપિયાનું ગુટખાનું પડીકું અચૂક ખરીદે. મને થાય કે તેલ લેવા ઝાઝા પૈસા નથી અને ગુટખો લે છે ? પાછી ફરું ત્યારે સૂર્યાસ્ત થઈ ગયો હોય છે. શાકભાજી-ફળ વગેરેની લારીઓ પર લોકો ખરીદી કરતાં હોય છે. ઢળતાં સૂર્યનાં કિરણો એમને માળામાં પાછાં ફરતાં પંખી જેવા બનાવી દે છે. કોઈવાર કોઈ ઘરડા દાદાને હઠ કરી હાથ ખેંચી તાણી જતાં ઘસડી જતાં બે તોફાની છોકરાઓય દેખાય છે. કોઈ વાર ઘરડો મોચી શ્રમજીવીની ચંપલ રસપૂર્વક રીપેર કરતો જોવા મળે છે. નજીકના મંદિરનો સાયંકાળની આરતીનો ઘંટારવ કાનને ભરી દે છે. એમાં ખરીદી કરતાં, રકઝક કરતાં સેંકડો લોકોના અવાજ ડૂબી જાય છે. સૂર્યનાં છેલ્લાં કિરણ પછી સૌ પોતાના ઘરે ચાલ્યા જશે – બીજા દિવસની શરૂઆત માટે.

ક્યારેક અલપઝલપ દશ્યો રસ્તે મળી જાય છે. કોઈ પુરુષ સાઈકલ પાછળ પત્નીને અને આગળ બાળકને બેસાડી જતો હોય છે. કોઈ સવારે સાઈકલનો રન લેવા નીકળેલો બાળક ઊંચો ઢાળ ચઢાવી શકતો નથી. હું પાછળથી એને ધક્કો મારવા જાઉં છું તો તે શરમાઈને ઊતરી જાય છે અને જેમતેમ જાતે જ સાઈકલ ચઢાવી ખુશ થતો મારી પીઠને જોઈ રહે છે. ક્યારેક રસ્તે પાછલાં બે પગ ચગદાઈને પૂંછડી જેવાં બની ગયાં હોય એવું

ડુક્કર પણ જોઉં છું. ક્યારેક દાદાનો હાથ તાણતા છોકરાઓને કહું છું : 'અલ્યા ! દાદા પડી જશે !' દાદા બોખા મોઢે હસતાં કંઈક બોલે છે જે મને સંભળાતું નથી. ક્યારેક ગામના લીમડાઓની ઘટાદાર છાંયા નીચેથી પસાર થવાની મોજ માણું છું. કોઈ ઘરમાંથી ભજનમંડળીની રમઝટ મારા સુધી વહી આવે છે. ક્યારેક મોડી સાંજે કોઈ બાળક ખભે દફતરના ભાર સાથે ટ્યુશનેથી યુનિફોર્મભેર ઘેર પાછું ફરતું મળે છે. એ શાળાએથી સીધું જ ટ્યુશન ગયું હશે ! એ વિચારનો મને થાક લાગે છે. આ બધાને મળતી-મળતી એમાં ભળતી-ભળતી હું ઘેર આવું છું અને ઉંબર બહાર જ એમની સ્મૃતિ મૂકી દઉં છું. હું જાણું છું કે આ બધું કંઈ યાદ રાખવાનું હોતું નથી. છતાં એ યાદ રાખવું મને ગમે છે.

દૂર જવાનું હોય ત્યારે મારે દસપંદર મિનિટનો રિક્ષા પ્રવાસ કરવો પડે છે. રિક્ષાવાળાઓ મોટે ભાગે સારા હોય છે. કોઈ ધીરગંભીર તો કોઈ મસ્તમૌજી એ પોતાના મૂડ પ્રમાણે રિક્ષા ચલાવે છે અને પેસેન્જરોને લે છે. રિક્ષા ચાલતી હોય છે ત્યારે હું બહાર તાક્યા કરું છું. મારા વિચારમાં મગ્ન હોઉં છું. ક્યારેક અંદર પણ મારું ધ્યાન ખેંચાય છે. ક્યારેક કોઈ ગરીબ દાદીમા તેની પૌત્રી કે દોહિત્રીને લઈ, ભાવની રકઝક દયામણા કંઠે કરતી, રિક્ષામાં બેસે છે. જૂનાં લૂગડાંના છેડે બાંધેલી ગાંઠમાંથી બે-ત્રણ રૂપિયા કાઢે છે. દાદીમાના મુખ પરની લાગણીની કરચલિયાળી રેખાઓ મારા હૃદયને અડી જાય છે. હું તેના ખોળામાં બેઠેલી પૌત્રીવત બની જાઉં છું. ક્યારેક કોઈ પ્રૌઢ નોકરિયાત પુરુષ મારી બાજુમાં બેસે છે. તેના ઑફિસના પાકીટ ઉપર તેણે કરેલી વર્ષોની કારકુનીનો ભાર હોય છે. પાકીટના હેન્ડલ તેની હથેળી જેટલાં જ ઘસાઈ ગયાં છે. તેના ચશ્માંમાંથી દેખાતી નિષ્પ્રાણ આંખો મને કોઈ વાર્તાના પાત્રની યાદ દેવડાવે છે. કેવી હશે તેની જિંદગી ? કુટુંબ ? હું વધુ વિચારું એ પહેલા તો એ રિક્ષામાંથી ઊતરી અદશ્ય થઈ જાય છે. થોડી ક્ષણ પછી હું એનો ચહેરો ભૂલી જાઉં છું – જે મેં કદાચ બરાબર જોયો પણ નથી. પણ પેલું ઘસાયેલું પાકીટ અને તેનું ઘસાયેલું હેન્ડલ મને બરાબર યાદ રહી જાય છે !

ક્યારેક કોઈ છેલબટાઉ રિક્ષાવાળો અન્ય મહિલા ઉતારુ સાથે મસ્તીથી વાતો કરે છે. એ મહિલા સંભવત: કોઈ બંગલે કામ કરી રાતે પાછી ફરી રહી હોય છે. જોડે એનું બાળક પણ છે. રિક્ષાવાળો મહિલાને દર થોડા દહાડે મળતો હશે. બીજે દિવસે મળવાનો સમય પણ તે નક્કી કરી લે છે. મારી કે કોઈની હાજરીની તેને પડી નથી. શું એ મહિલા ત્યક્તા હશે ? જે હોય તે, મારે શું ? રિક્ષાની અંદર બીજી એક વૃદ્ધા બેસે છે. રિક્ષાવાળો હવે ચૂપ થઈ જાય છે. રિક્ષાની બહાર તો દશ્યો સડસડાટ દોડી રહ્યાં છે. મારે એ જોવા થોભવાનું યે નથી. ગાડીઓ, ગાડાંઓ, સ્કૂટરો, બસો, ટેન્કરો…. વૃક્ષોની હારમાળા, દુકાનોની હારમાળા, ટોળાંની હારમાળા.

કેટલાયે મહિના પહેલા રિક્ષામાં મારી સાથે એક નાનકડી છોકરી બેઠી હતી. તે યાદ આવે છે. ગુજરાતી શાળાનો ગણવેશ પહેરેલી એ છોકરી પાસે ભારે દફતર, ઉપરાંત મોટું ટિફિન, પાણીનો બાટલો વગેરે પણ હતા. ટિફિન જોઈ મને નવાઈ લાગી. પાણી ગળવાથી એની જોડે મારાં વસ્ત્રો પણ થોડા પલળવા લાગ્યાં. અડધે રસ્તે તેણે રિક્ષાવાળાને રિક્ષા થોભાવવા કહ્યું. પોતે ખભા પરના દફતર સાથે જ હાથમાં ટિફિનવાળી થેલી, પાણીનો બાટલો લઈ ઊતરી, ઝડપથી ટ્રાફિકથી ધસમસતા રોડને ઓળંગી સામે પાર પહોંચી. ત્યાં ફૂટપાથ પર કેટલાક ફેરિયા,

લારીવાળા વગેરે હતા. તેમાંના કોઈકને ટિફિન આપી દોડતી એક શ્વાસે પાછી ફરી. એ એના પિતા હશે. માતાએ મોકલેલું ટિફિન એ આપી આવી હતી. એ બાળકી પણ પેલા પુરુષની મા જેવી જ હતીને !

એકવાર એક મુસ્લિમ ચાચા રિક્ષા ચલાવતા હતા. તેમના પત્ની પાછળ મારી બાજુમાં બેઠેલાં હતાં. પછી બીજી બે મહિલા આવી, તેથી ચાચી-ચાચાની બાજુમાં આગળ બેસી ગયાં ને હસતાં હસતાં કહે, 'એમાં શું શરમ ? નકામા પેસેન્જર જવા દેવા ?' પેલી બે મહિલા ઊતરી ગઈ. ચાચી પાછાં મારી બાજુમાં આવ્યાં. હું તાવથી ધગતા શરીરવાળા વેદાંગને લઈને બેઠેલી. એનું મોં જોઈ ચાચી સમજી ગયા. બહારથી તડકો વેદાંગ પર આવતો હતો. ચાચીએ પોતાનો દુપટ્ટો આડો ઢાંક્યો. કહે : 'બિચારાને તડકો લાગે છે. બહુ તાવ છે.' રોડ પર ઉતારતાં ચાચા કહે : 'બહેન, ઘર સુધી મૂકી જાઉં ?' મેં ભરાઈ ગયેલા અવાજે કહ્યું : 'ના કાકા, ચાલશે. ઘર ઝાઝું દૂર નથી.' રિક્ષામાં બેઠેલા ચાચી સામે હાથ હલાવી પીઠ ફેરવતાં મને થયું હું જેમાં બેઠી હતી એય ઘર જ હતું ને !

ક્યારેક સ્કૂટર પર દૂર દૂર સુધી જાઉં છું. કદીક લાઈબ્રેરી તરફ, કદીક દૂરના દવાખાના સુધી. લાઈબ્રેરી તરફ જવાનો રસ્તો સુંદર હોય. વચ્ચે ઊંચાં ઊંચાં આલિશાન મકાનો આવે. લીલાંછમ વૃક્ષો આવે. કેસરિયાળા ગુલમહોર આવે. મન પ્રફુલ્લિત થઈ જાય. દવાખાને જવાનો રસ્તો ઘણો લાંબો. પહેલા પહોળા સરસ રસ્તા પરથી પસાર થાઉં. જે ધીમે ધીમે સાંકડી ગલીઓમાં પલટાતો જાય. ગીચ મકાનોની હાર પસાર થતી જાય. કેટલાક મકાન તો નાની ખોબો જેવડી ઓરડીના હોય. કેટલાકનો ત્રાંસો ઓટલો-દાદર હોય. બધાં મકાનોનાં બહાર કે અંદરનાં અલપઝલપ દશ્યો દેખાય અને દોડી જાય. ગીચ અને ગીચ, સાંકડા અને સાંકડા મકાનો ચાલતાં ચાલતાં મારી છાતી સુધી આવી મને ભીંસવા લાગે. ગરીબ, મધ્યમવર્ગી લોકોનાં એ ઘરોની બહાર માળીની, પીપરમિન્ટ ચૉકલેટની દુકાનો હોય. ક્યાંક વાંસના ટોપલા-ટોપલીનો ગૃહોદ્યોગ હોય. ક્યાંક હાથસાળ કે સંચા હોય. બહુ આઘેથી એ મટમેલાં મકાનો હું જોતી રહું. સ્ત્રીઓ ઓટલે મૂંગી મૂંગી શાક ચૂંટતી દેખાય. બત્તીઓના અજવાળામાં એ સાંકડા ઘરો અને એમાંની સાંકડી દુનિયા મને વધુ ને વધુ સાંકડી થતી જતી લાગે. આ બધું કશા કારણ વગર મારામાં અપરંપાર ગ્લાનિ સર્જે. શું આ જ જીવન છે ? ટોળામાં, સંકડાશમાં ખદબદતું ? ગૃહજીવનની મથામણમાં એક સાંધે ત્યાં તેર તૂટે એવાં તારને વણ્યાં કરતું ?

કંઈ કેટલીયે વાર પછી હું એ જ રસ્તેથી પાછી ફરું છું. મકાનો તરફ હવે મારી પીઠ હોય છે. પણ હું એ મકાનોના, એ જિંદગીઓના હારબંધ ચહેરા ઓળખી શકું છું. સાંકડા ગીચ રસ્તા છેવટે પહોળા થતાં જાય છે. એકાએક આકાશમાં ઊગેલા ચંદ્ર ઉપર મારી નજર પડે છે અને મારાથી મોકળાશભર્યો હાશકારો મુકાઈ જાય છે. છતાં પેલી ગ્લાનિ સાવ ઓગળતી નથી. આ અને આવા પ્રવાસો ટ્રેનના પ્રવાસો જેવાં છે.... બેઠાં હોઈએ એટલી વાર સહયાત્રીઓ, એમની વાતો સાથે હોય. ઊતરી જઈએ એટલે બધું ટ્રેનની અંદર રહી જાય છે. ટ્રેન આગળ દોડી જાય છે. પણ ક્યારેક આપણી સાથે ટ્રેનમાંથી ઊતરી જાય એવુંયે કંઈક હોય છે. જે કશુંક અંદરથી સ્પર્શી જાય છે. એ માટે હું હંમેશાં આંખ-કાન ખુલ્લાં રાખું છું. દાખલા તરીકે મેં જેને છેલબટાઉ માનેલો એ રિક્ષાવાળો એક વૃદ્ધાને બેસાડે છે. વૃદ્ધા પણ શ્રમજીવી છે. એને દૂરની બસ પકડવાની ઉતાવળ છે. ઊતરતી વેળા એ બેને બદલે એક રૂપિયાનો સિક્કો આપી ચાલવા માંડે છે. રિક્ષાવાળો બૂમ પાડે છે. વૃદ્ધા પાછી આવે છે. 'અંધારામાં

સિક્કો ઓળખાયો નહિ', એમ કહેતા ચોળીમાંથી પોટકી કાઢી બેનો સિક્કો ફંફોસે છે. રિક્ષાવાળો કહે છે, 'કંઈ નહીં કાકી. ન હોય તો ચાલશે.' કાકી ઝડપથી સિક્કો એના હાથમાં મૂકી ચાલી જતાં કહે છે, 'ના ભાઈ ના, ન આપું તે ચાલે ? તુંયે મારા જેવો જ ને ભાઈ ?'

આ રિક્ષાના, બસના, સ્કૂટરના, પગપાળા કે કોઈપણ પ્રવાસમાં – અરે ! જિંદગીના પ્રવાસમાંય, આપણે ભાઈ, એકબીજા જેવાં જ ને ?

## [9] શિયાળુ તડકાનું કૂણું કૂણું ગીત-- રીના મહેતા

વર્ષો પહેલાં અમારા ઘરમાં હંમેશાં એકાદ પાળેલી બિલાડી તો આંટા માર્યા કરતી જ હોય. ચોમાસામાં એના શરીર પર બે-ચાર છાંટા પડતાં જ એ ગભરાઈને સંકોચાતી લપાઈ જતી. ઉનાળામાં એનું લયસભર શરીર લાંબુપહોળું કરી હીંચકા નીચે એ ઘોરતી હોય અને આવા જ બરબર જામેલા શિયાળામાં અડધી રાતે છાનીમાની પગ આગળ ગોદડામાં ભરાઈ જતી. ઠંડીના દિવસોમાં અમારી ઘરની બારણાં જેવડી મોટીમસ બારીમાંથી આઠ-નવ વાગ્યે કુમળો-કુમળો તડકો હળુહળુ કરતો ઘરમાં આવતો. કડકડતી ટાઢમાં નહાયા પછી એ કૂણા તડકામાં બેસવાનું મન થતું. પણ પહેલાં જ ઘણું કરીને પેલી બિલ્લીબાઈ ત્યાં અડ્ડો જમાવીને બેસી ગઈ હોય.

સૂર્યસ્નાનને રુંવેરુંવેથી માણતી બિલાડીને જોવાનો-નિરીક્ષવાનો કેવો સુખદ સુંદર અનુભવ હતો એ. ઘણુંખરું તો એ આંખ મીંચીને ઊંઘી ગઈ હોય. કદીક ગેલમાં હોય તો મોજાં પહેરેલા હોય એવા પંજાથી પોતાની પૂંછડી પકડવાનો રમૂજપૂર્ણ વ્યર્થ પ્રયત્ન કરતી. કદીક બારીની જાળીના ડિઝાઈનવાળા પડછાયા સાથે પણ ખેલતી. થોડીથોડીવારે બેસવાની મુદ્રા પણ બદલ્યા કરતી. તડકામાં તડકતી માંજરી આંખ ઉઘાડી તડકા જેવી જ સોનેરી રૂંવાટી જીભ વડે ચાટી-ચાટીને સ્વચ્છ કરતી. સારી પેઠે તપી ગયા પછી અને થોડી મીઠી નીંદર માણ્યાં પછી આગળ-પાછળ લાંબી-ટૂંકી આળસ મરડીને શરીર ખંખેરી, પૂંછડી ઊંચી કરી મ્યાઉં બોલતીકને એ ફરી રસોડાના સુગંધભર સામ્રાજ્યમાં પુન:પ્રવેશ કરતી. તડકો પણ પછી સમેટાઈને છત પર પહોંચી જતો.

બિલાડી અને શિયાળુ તડકાની આ રમ્ય ગોષ્ઠિમાં ભંગ પાડવાનું હું તો ઘણું ખરું માંડી વાળતી, પણ દાદીમા... અમારા નાજુક શરીરવાળાં ઘરડાં દાદીની વાત્સલ્યથી હરીભરી કરચલીઓમાં તો શિયાળો બોખા મોઢે હસી પડતો. નાની અગાસીના જર્જરિત બાથરૂમમાં નહાઈને દાદી ધ્રૂજતાં શરીરે ધોળું લૂગડું સંકોરતા – માથે ઓઢતાં આગલા રૂમમાં આવતાં. એમની પ્રિય એવી લાકડાના હાથાવાળી ખુરશીમાં બેસવા જતાં જુએ તો પેલાં બિલ્લીબાઈ મોજથી તડકો ખાતાં હોય. 'મૂઈ ઊઠ અહીંથી...' કહી કૃત્રિમ ગુસ્સો કરીને દાદી બિલાડીને ત્યાંથી ઉઠાડી પોતે ખુરશી પર બેસી માળા કરતાં હોઠ ફફડાવતાં. સોનેરી તડકો દાદીના ગોરા, કરચલિયાળાં સૌમ્ય મુખ ઉપર અદ્દભુત આભા પાથરતો. બિલાડી નીચે લાલ-પીળી ટાઈલ્સ ઉપર શરીર લંબાવતી અને કાણી આંખે દાદીને કતરાઈને તાકતી. અગિયારેક વાગ્યા પહેલાં દાદીની માળાના મણકા સ્થિર થતા. દાદી અને બિલાડીનું તડકા-સ્નાન લગભગ સાથે જ પૂર્ણ થતું.

દાદીમા અને બિલાડીની જેમ જ સવારે તડકામાં જઈ બેસવાનું મન થાય એવી મોસમ હમણાં ચાલી રહી છે.

તડકો હવે જૂના ઘરની બારીને બદલે મારા વાડાના બારણામાંથી આવે છે. દાદીમા અને પેલી બિલાડી બંને હવે ક્યાંય નથી. રાત આખી ટાઢું ટબૂકલું મારા ઘરનું બારણું ઠોકતું રહ્યું છે. દાદીના અવાજમાં ધ્રૂજતી ટાઢા ટબૂકલાની વાર્તા મને અડધીપડધી જ યાદ છે. પણ બાળપણમાં બાપુએ અપાવેલો લાલ કાશ્મીરી કોટ – એમાં ભરેલાં ઝીણા ભરતના હેતાળ સ્પર્શ જેટલો જ યાદ છે. એ લાલ કોટ પહેરી માથે પીળો સ્કાર્ફ બાંધી હું સવારની શાળાએ જતી. બાપુએ મને ત્યારે ખાસ્સો મોંઘો લાગે એવો કોટ અપાવેલો એનું છાનું ગૌરવ એના બચૂકડાં ખિસ્સામાં હજી ધબકતું લાગે છે. વર્ષોના વર્ષો પછી ફરતોફરતો એ કોટ દ્વિજાને પહેરવા કામ લાગે તેથી ફરી મારા ઘેર આવ્યો અને શાળાની બેન્ચ પર મારી જોડે બેઠેલા કુમળા તડકામાં એના લાલ રંગના છૂટતા ફુવારા યાદ લાવ્યો. મનોમન તડકાની આંગળી ઝાલી હું શાળાના મેદાનમાં દોડી જાઉં છું.

હવે તો વહેલી સવાર અને ઢળતી સાંજે શિયાળો સ્વેટર-ટોપી-મફલર-શાલમાં વીંટળાઈ-વીંટળાઈને ખુદ ઊનના દડા જેવો થઈ ગયો છે. દડાનો એક છેડો મને મળતો જ નથી. વૃક્ષો, પર્ણો, ફૂલો અને શાળાનું મેદાન હજી ઝાકળની ભીની શાલ ઓઢી ઠંડીમાં ફરફરતા હસે છે પણ મારા બરડ મનને એની ખબર જ નથી પડતી. બાળકોના ફાટી ગયેલા ગાલ ઉપર જાહેરખબરિયા કોલ્ડ ક્રીમ લગાવું છું પરંતુ સવારે પૂર્વ દિશામાં મારા પેલા લાલ કોટના પ્રતિબિંબાતા રંગનો ફુવારો છૂટે છે એ જોવા જેટલી હામ મારામાં બચી નથી. કામની વ્યર્થ દોડધામ વચ્ચે પેલો વહાલો કુમળો તડકો બિલ્લીપગે બારણામાંથી ક્યારે ઘરમાં પ્રવેશી જાય છે અને આકરો થઈ પાછો જતો રહે છે એની પણ સરત રહેતી નથી.

છતાં કદીક-કદીક દાદીની દુખતી કમ્મર તાપવા બાએ સળગાવેલી પેલી સગડીનો ધુમાડો અને કોલસાનો લાલ-કેસરી રંગ વર્ષોને પાર કરી મારા મનની ઠંડી રાત પાસે આવીને બેસે છે અથવા તો પેલા બિલ્લીબાઈ કુમળા તડકામાં તપેલું એનું સુંદર શરીર મારા શરીર સાથે ઘસે છે ત્યારે આખું વિશ્વ મને શિયાળુ તડકા જેવું જ હૂંફાળું અને હેતાળ લાગે છે. તડકીલી લાગતી એ ક્ષણોમાં હું બિલાડીની સુંવાળી રૂંવાટી પહેરી લઉં છું અથવા તો ટૂંકો પડી ગયેલો પેલો લાલ કાશ્મીરી કોટ ! ઠંડીથી ઠરી ગયેલાં તન-મન-હૃદય ઉપર એ ક્ષણો પીંછાની જેમ ફરે છે અને પીળાં-સોનેરી સૂરજમુખી ઉગાડે છે. શિયાળુ તડકાનું કુદરતે લખેલું કૂણું-કૂણું ગીત જ્યારે એ ગાય છે ત્યારે મને ખબર ન પડે એમ મારું મન બિલાડીની જેમ જરીક ઝોલે ચઢી જાય છે પણ પછી ગીત પૂરું થઈ જાય છે અને તડકો આકરો બની જાય છે.

## [10] વાડા પાછળ ચંપો વાવ્યો – રીના મહેતા

વધુ ને વધુ જર્જરિત બનતાં જતાં અમારા જૂના ઘરના એવાં જ જર્જરિત – અવાવરું કૂવા જેવા વાડામાં ઉપરથી અગાસીએથી બાળકો શેરડીના કૂચા ફેંકે છે. હું એકદમ બૂમ પાડી ઊઠું છું – 'અલ્યા ઓ ! કેમ કૂચાં ફેંકો છો ? કીડી આવશે !' પણ આટલી વારમાં તો એમણે ઢગલો કૂચા બેધડક વાડામાં નાખી દીધા છે. હું દાદર ઊતરી વાડામાં જાઉં છું ને જાઉં તો થાય છે કે કીડી અહીં કરડે તો કોને ? વાડો લગભગ કચરાપેટી જેવો થઈ ગયો છે. અહીં અવારનવાર કચરો તો વળાય છે. પણ જૂની દીવાલો પરથી કોઈને ન સંભળાય એવાં અવાજે ખર-ખર, ખર-ખર ધૂળ ખરતી રહે છે. અસ્તવ્યસ્ત ખડકાયેલા સામાન, ધૂળ ઉપરાંત શેરડીના કૂચાને કારણે વાડો એવો તો

ગંદો લાગે છે કે હું ઝટપટ જેવુંતેવું ય ઝાડું વાળવા માંડું છું. વાળતાં-વાળતાં કચરો એક ખૂણે ભેગો કરતાં જ અચાનક વર્ષો પછી હું આ જગ્યાનો સઘન સ્પર્શ અનુભવું છું. ક્ષણના એક જ ઝબકારમાં આ વાડો, તેની ભેજિલ-વિશિષ્ટ ગંધ અને ઉપરથી આવતો મંદ ઉજાસ મને મારા ગમતીલા ખૂણામાં લઈ જાય છે.

ઓહો ! એ ખૂણામાં તો કંઈ કેટલુંય પડ્યું છે. રસ્તેથી વીણી ભેગાં કરેલા બંગડીના રંગીન કાચના ઢગલી, જાત-જાતના પથ્થર, ડબલા-ડૂબલી..... અત્યારે સોસાયટીનાં એકસરખાં બીબાંઢાળ મકાનો જેવાં ઘર ત્યારે નહીં. શેરીના દરેક ઘરના અંદર-બહારના ચહેરા જુદા. એ જ રીતે દરેક વાડાનો ચહેરોયે અલગ. પણ, અમારા વાડાનો ચહેરો કંઈ સોહામણો તો ત્યારે ય નહિ ! અત્યારની જેમ ત્યારે ય નકામો સરસામાન ભંગારમાં જવાની રાહ જોતો પડ્યો રહેતો. ઉબડખાબડ તૂટેલા પથ્થર, વચ્ચે ક્યાંક રેતી-માટી અને જૂની દીવાલો પરથી ખરતી કાંકરી. પરંતુ વાડાનો રોજિંદો વપરાશ એ કાંકરી-ધૂળને પગલાં ભેળી ક્યાંની ક્યાં લઈ જતો ! દોરીઓ પર સુકાતાં કપડાં માણસની હાજરીનો હોંકારો ભણતાં !

હા, અમારા વાડામાં ચંપો, કરેણ, મોગરો, ટગર કે પારિજાત કદી ઊગ્યાં નહોતાં. તુલસીનું રડ્યુંખડ્યું કૂંડુંયે યાદ નથી. કદીક રમતમાં મેં અને ચીનુએ રોપેલાં કેરીના ગોટલાને પહેલા વરસાદ પછી ફણગો ફૂટતો અને આંબાના એ નાનકડાં રોપ ઉપરના કુમળાં, રતાશ પડતી ઝાંયવાળા પાંદડાં હવામાં પ્રથમ ફરકાટ કરતાં, એ સાથે જ અમારાં મનમાં એક આંબો ઊંચો વધી જતો ને એને કેરીના મરવા પણ લાગી જતાં. કેમકે, ઉનાળામાં માણેલી કેરીની ગંધ હજી ઢૂંકડી જ હોય, અથાણું કરવા માટે નીચે શાંતાકાકીએ લૂગડું ભરીને હળદર-મીઠાવાળી કેરીના ટુકડા સૂકવ્યાં હોય, આખું આંબાવાડિયું અમારા શ્વાસોશ્વાસમાં આવ-જા કરતું હોય, ખાટી કેરીના કેટલાયે ટુકડા છાનામાના ખવાઈ ગયા હોય ને તે છતાંયે જીભ રવ-રવ થયા કરતી હોય ને ત્યારે ઉપરની નાની અગાસીના કઠેરે ઝળૂંબી હું વાડાને ઘડી-ઘડી સાદ પાડતી હોઉં.

આ વાડો ત્યારે આવો મૂંગો ક્યાં હતો ? ચોમાસે પાણીના ધોધવા નીચે મૂકેલી ડોલની માફક ઊભરાયા કરતો. શિયાળે ગરમ પાણી માટે સળગાવેલાં લાકડાંની હૂંફ માણતો. ઉનાળે બહારની દુનિયાના તાપને આઘો ઠેલી અજબની ઠંડક વેરતો. વાડાની ત્રણે બાજુ ઊંચી દીવાલ. તેમાંય એક તરફની દીવાલ તો ઠેઠ બે માળ ઊંચી. એ દીવાલ પર ચોમાસે લીલનું નાનું મેદાન સર્જાઈ જતું. ઉપર પાણી ન ચઢતું ત્યારે પીપમાંથી કાથીની દોરી વડે ડોલ ખેંચતી વેળા વાડો કૂવો જેવો બની જતો.

સવારથી જ વાડામાં અવાજ પથરાયાં કરતો ચોકડીમાં ધબ-ધબ ધોકા મારતાં સુંદરાબાઈ આખા ગામની વાતો કર્યાં કરતાં. બા અને દાદી એમને ઉપરની રસોડાની બારીથી જવાબ આપ્યાં કરતાં. સાંજ પડ્યે વાડામાં ઍલ્યુમિનિયમની સ્કૂલ બૅગ ઉપર નોટબુક મૂકી અમે સમૂહમાં લેસન કરતાં. જોડાજોડ શાંતાકાકી શાક ચૂંટતાં કે જુવાર અથવા ચોખા વીણતાં. ચીં....ચીં... કરતાં ચકલાં દાણો લઈ ફરર... ઊડી જતાં. એકાએક સાંજનું અંધારું અમારી નોટબુકોમાં ઊતરવા માંડતું ને અમે નોટ બંધ કરી રમવા દોડી જતાં. વાડા પછી બે લાલ રંગેલાં લાકડાના તોતિંગ બારણાં. એની પાછળ જ અમે સંતાકૂકડી રમતાં-રમતાં સંતાઈ જતાં. આ જ વાડામાં કશુંક ઉગાડવાની અદમ્ય ઈચ્છામાં ચીકુ ખાધાં પછી તેનાં કાળાં બિયાં પથ્થર વગરની થોડી અમથી જગ્યા ખોદી

રોપ્યાં હતાં. તેની ફરતે માટીની સરસ મજાની ક્યારી પણ કરી હતી. દિવસો સુધી પાણી પાઈ-પાઈને ચીકુનું ઝાડ ઊગવાની વાટ જોયા કરી હતી.

આ સિવાય પણ આજુબાજુના બીજાં કેટલાંયે ઘરોના વાડાઓ મનમાં મંદ-શાંત અજવાળું પાથરતાં રહ્યાં છે. કોઈ વાડામાં ગણપતિ ચોથે કરેણ લેવા દોડી જવાતું, તો કોઈ વાડામાં છાબ ભરી પારિજાત. કોઈ સાંકડા વાડાની માટીમાં બરફ ગોળાની સળીનો માંડવોયે રોપાતો ને ઢીંગલા-ઢીંગલીના લગ્નોયે થતાં. કોઈ વાડામાં યજ્ઞ-હવનની વેદી કે પાણી ગરમ કરવાના તાંબાના બંબાનો અગ્નિ પ્રજ્વલતો. કોઈ વાડામાં તુલસી-વિવાહ પણ થતાં. એક બાળ-વિધવા ડોશી એના વાડામાં તુલસી ઉગાડી બધાંને રોપા વહેંચતી. એ બ્રાહ્મણીનું બોડકું માથું, ગોરા કપાળને ઢાંકતો ઘેરો લાલ સાડલો, ખૂબ ઊજળો વાન તથા તેના સુંદર વાડાનું ચિત્ર મારામાં અજબનું અલપઝલપ મિશ્રણ પામ્યાં છે. એમાંના ઘણા વાડાઓ હવે રહ્યા નથી. કોઈ વાડા પર બહુમાળી મકાન ઊભું છે. તો કોઈ વાડાનું જૂનું રૂપ ભૂંસાઈ ગયું છે. અમારો વાડો રહ્યો છે ! રહ્યો છે ખરો પણ એનું વાડાપણું તેની નિર્જનતામાં, ખર-ખર ખરતી ધૂળની ઢગલી નીચે પ્રાચીન કાળના કોઈ નગરની માફક ઊંડે-ઊંડે દટાઈ ગયું છે. શાંતાકાકી ઘર ખાલી કરી ગયાં તે સાથે વાડો પણ ખાલી થઈ ગયો. કપડાંની ખાલી દોરીઓ પણ તડકો ખાઈ-ખાઈ સડીને તૂટી ગઈ. પેલી ઊંચી દીવાલે લીલના પોપડા બાઝી-બાઝીને સુકાતા રહ્યા. પેલાં લાલ તોતિંગ બારણાંને તાળું વસાતું થયું અને બંધ બારણાં પાછળ અમારા સંતાવાના રોમાંચનોયે થપ્પો પડી ગયો. ચીકુનાં બિયાં રોપવા જેવાં અબુધ-ભોળાં સપનાને તો હવે ફણગો ક્યાં ફૂટે ? પછી તો ચોમાસાના પાણીથી ખવાઈ-ખવાઈને પેલાં તોતિંગ બારણાંયે છૂટાં પડી ગયાં. એ નીચેનું ઘર બારણાં વગરનું થઈ ગયું !

બારણાં વગરના ખંડેર જેવા ઘરની ચોકી કરતો વાડો હવે માત્ર ચકલીના ચીંચીંકારથી જાગી-જાગીને લાંબી નિદ્રામાં ઊંઘ્યા કરે છે. અંદરના ઓરડામાં ચકલીનાં બે નાનાં બચ્ચાં મારામાં હજી બે પણ ઝીણી પાંખનો ફરકાટ જગાડી જાય છે. પણ હું જાણું છું કે આ બે બચ્ચાં ફરી કદીયે આ ઘર, આ ઓરડા અને આ વાડો કે એમાંના કશાને પણ પોતાના ચીંચીકારથી સજીવન કરી શકવાના નથી. કેમકે, આ બે બચ્ચાંને શાંતાકાકીની થાળીમાં વીણાતા ચોખાનો દાણો ચણવા નથી મળવાનો !

જૂનો વાડો છોડી મેં ક્યારનો નવો વાડો વસાવી લીધો છે. આ વાડા વગર મારું આ ઘરમાં રહેવું શક્ય જ નથી. નવા વાડામાં ફૂલો મઘમઘ્યા કરે છે. ચકલાં, કાબર, કાગડા આવે છે. ક્યારેક કૂંડામાં ગુલાબ, મોગરો કે ખરેલી માંજરમાંથી નવા તુલસી ઊગવા જેવી સરસ ઘટનાયે બને છે. અહીં સૂર્ય, ચંદ્ર, વાદળ, તારા કે સ્વયં આકાશ પણ અડકી શકાય છે. આ વાડો મારાં હોવા જેટલો નિકટ છે. છતાં અત્યારે વાડાની વાત કરું છું ત્યારે આ તમામ મઘમઘતી વાતો વરસાદમાં રેઈનકોટ પહેરવા જેવી થઈ જાય છે. જૂનો વાડો – ઘરડા ડોસા જેવો, અવાવરું, ધૂળ-કચરાંવાળો, શેરડીનાં કૂચાંયે ફેંકી શકાય એવો નક્કામો, નગણ્ય, નિર્જીવ બની ગયો છે તે છતાં દ્વિજા જ્યારે હીંચકે હીંચતી તેની પરીક્ષાનું ગીત – 'વાડા પાછળ ચંપો વાવ્યો, ઝમ્મ રે ઝાંઝરિયાં લ્યો….' મોઢે કરે છે ત્યારે મને મારો એ અને એ જ વાડો યાદ આવ્યો છે. કોઈના વાડામાં મેં ભલે ચંપો જોયો નથી પણ કશુંક ઉગાડવાની બાળ મનમાં રોપાઈ ગયેલી ઝંખના ગીત ગાતાં ગાતાં પેલાં ચીકુના બિયાંની માફક ચંપાનું સપનું રોપી ઉપર

માટી પાથરી દે છે. આ સુકાઈ ગયેલું મન તેને સરસ મજાની ક્યારી પણ કરી દે છે અને પછી આંખની ઝારી પાણી પાયા જ કરે છે....

## [11] 'સ' સગડીનો 'સ' – રીના મહેતા

હવે કક્કામાં સગડીના 'સ'ને બદલે સફરજનનો 'સ' બોલાવાય છે. ગૅસ અને માઈક્રોવેવના જમાનામાં આજના બાળકો સગડી વિશે ક્યાંથી જાણે ? તેથી તો એક નાનું બાળક સગડીમાં સળગતા લાલ કોલસાને પહેલી વાર દીઠીને બોલી ઊઠે છે : 'મારે લાલ-લાલ કોલછા ખાવા છે !' સગડીમાં જાદુથી મક્કાઈ બનતી હોય એમ બીજું બાળક કહે છે : 'મક્કાઈ આપો ને !' ત્રીજું તો વળી હાંડવાને માંડવો કહી બોલે છે : 'જલદી માંડવો ખાવા આપો ને !'

અલબત્ત, અમનેય સગડી, કોલસા, તેની કાકડી, તડતડ ઊઠતાં તણખાં, વીંઝાતો પંખો, એનું સળગવું – ન સળગવું વગેરે વિશે પેલાં બાળકો કરતાં લગીરે ઓછું કૌતુક નહોતું ! હતો તો એ જ એકધારો રવિવાર. પણ, ગમતું અખબાર બુકસ્ટોલ પર લેવા જવાના દર વખતના ક્રમ વચ્ચે લાકડાની વખાર અમારા ધ્યાનમાં આવી ગઈ. 'કોલસા મળે કે ?' લાકડાં ભેગાં લાકડાં જેવાં સ્વભાવના થઈ ગયેલા એક માણસે હા પાડતાં કહ્યું : 'કોથળી લઈ આવો તો આપું.' અમારા હાથ ખાલી હતા. રસ્તા પર ક્યાંક કોથળી ઊડતી હોય એ જોવા નજર દોડાવી. અરે ! પ્લાસ્ટીકની રૂપાળી ડસ્ટબીનમાં છાનુંમાનું જોઈ લીધું. કોલસા જ લઈ જવા હતાને ! છેવટે એક દુકાનમાં કશું ખરીદીને કોથળી મેળવી. કોલસા લીધા અને ભેગો કાળોકાળો રોમાંચ પણ લીધો. ઘરે આવી ગૅસ પર ચઢવાની તૈયારી કરતાં હાંડવાના વાસણને અટકાવ્યું. ધૂળ ખાતી એક સગડી બહાર કાઢી.

સગડી, માટલાનું ઊંધિયું, કોડિયામાં કરાતાં વઘારવાળી દાળ, ચૂલામાં શેકેલો રીંગણનો ઓળો વગેરેના ભારે શોખીન મિત્ર પણ સગડી સળગાવવાના અમારા ભગીરથ પ્રયાસમાં જોડાયા. અડધો કલાકે ચાર-પાંચ કાકડી, ડઝનેક દિવાસળી બાળ્યાં પછી સગડી બરાબર સળગી. ધૂળવાળા પિત્તળના તપેલાને માંજી તેને સગડી પર મૂક્યું. તેમાં વઘાર મૂક્યો. અરે ! અહીં તો બધું સાવ નિરાંતવું હતું. ગૅસ પર ઝપાટાભેર તડતડ કરી રઘવાટ કરી મૂકતી રાઈ પણ આજે એયને નિરાંતજીવે ઝીણું-ઝીણું તડતડ તતડી. હાંડવાનું ખીરું રેડ્યા પછી ઉપર તાવી ઢાંકી થોડા કોલસા ઉપર પણ મૂક્યા. બસ, હવે કલાક પછી જ એને જોવાનો. પડ્યોપડ્યો નિરાંતે થયા કરે. પણ, અમારા અધીરાં જીવોને ક્યાં નિરાંત હતી ? થોડી થોડી વારે કોઈ પંખો વીંઝતું. કોઈ કોલસા ચીપિયા વડે ઉપરતળે કરતું. કોઈ નીચે બળી તો નહિ જાય એની ફિકર કરતું. પણ પછી ખાસ્સી વારે ઉપર ગુલાબી-ગુલાબી પોપડો થયો.

મારા મનમાં એ જ ક્ષણે વીસ વર્ષના પોપડા ઊખડી ગયા. જૂના રસોડાની બારી પાસે સગડી સામે અબોટિયાની રેશમી પીળી સાડી પહેરી પાતળા ચીપિયા વડે રોટલી શેકતાં દાદી સમક્ષ નાની પિત્તળની થાળી જાણે મેં ધરી દીધી. ફ્ટ દઈને ફૂલેલા દડા જેવી રોટલે થાળીમાં પડી. વરાળ નીકળી ગઈ. રોટલી સંકોરાઈ ગઈ. કોલસા

ઉપરતળે કરતાં દાદીના હાથ પર તડતડ તણખા ઝર્યા ને હું સહેજ બીને આઘી ખસી ગઈ. વર્ષોનાં વર્ષો એ સગડી ઉપર હજારો રોટલીઓ થઈ હશે. સમજણી થઈ ત્યારથી જોતી આવતી એ બેઠા ઘાટની નાજૂક-નમણી સગડી મને બહુ ગમતી, દાદીની જેમ જ. બપોરે બધાં જંપી ગયાં હોય ત્યારે લીંપણવાળી પાછલી ઓરડીમાં ધોવાઈને એકલી બેઠેલી એ સગડી પાસે હું પહોંચી જતી. તાપ વધઘટ કરવા માટે વપરાતા નાનકા બારણાને ધીમેધીમે ખોલબંધ કરતી. સગડી વચ્ચે જાળી હતી એથી કે કોણ જાણે કેમ, હું એની સાથે જેલ-જેલ રમતી ! ક્યારેક જેલમાં પુરાઈ જતી તો ક્યારેક બહાર નીકળી જતી. કોઈ આવવાનો ભાસ થાય કે ઝપ્પ દઈને સગડી પાસેથી ખસી જતી.

બીજે દહાડે સવારે અગાસીમાં સળગવા મૂકેલી સગડીને પંખો વીંઝતા આશ્ચર્યપૂર્વક કોલસા વચ્ચેની કાકડી હું જોઈ રહેતી. ભમભમિયા પ્રાઈમસને કાકડો અને નાજુકડી સગડીને કાકડી ! રેશમી સાડી પહેરેલાં દાદી અદ્ધરથી અમારી થાળીમાં રોટલી નાખતાં, ત્યારે પાટલા પર અર્ધગોળાકારે બેઠેલાં અમને ત્રણેને વારાફરતી રોટલી ઝીલવાની મજા પડતી. ખરી-ખરી, થોડી બળેલી રોટલી ખાવાની શોખીન બહેન દાદીને 'હજી કડક, હજી કડક કરો' કર્યા કરતી. તે એક દહાડો દાદીએ મીઠા ગુસ્સામાં આખ્ખી રોટલી કાળીમેંશ બાળીને એની થાળીમાં નાખતાં કહ્યું : 'લે મૂઈ ! ખા હવે !' એ બળેલી રોટલીનો કાળો રંગ, દાદીનો કૃત્રિમ ગુસ્સાવાળો ચહેરો, બહેનનું રડમસ છોભીલું મોઢું, થાળીમાં પડેલી એ ન ખાઈ શકાય તેવી રોટલી – બધું કાળના કાળા રંગમાં સેળભેળ થઈ ગયું.

સગડી ઉપર બા પણ દાદીની જેમ જ રોટલી કરતી. એની એ બારી, એની એ સગડી, એની એ રોટલી – હાથ બદલાયા. દાદીની નમણાશ અને બાનું ખડતલપણું રોટલીના બે પાતળા પડ વચ્ચે આબાદ રીતે હળીમળી જતું. ઘરમાં ગૅસ આવ્યો છતાંય ક્યાંય સુધી સગડી પર માત્ર રોટલી કરવાનો ક્રમ ચાલુ રહ્યો. દાયકાઓથી વપરાઈ-વપરાઈને, તપી-તપીને, ધોવાઈ-ધોવાઈને પેલી નાજુક સગડી પણ હવે દાદીના શરીર જેવી ઘરડી થઈ ગઈ હતી. તેનું તળિયું કટાઈને કાણું થયું હતું. જે નાના બારણાને ખોલ-બંધ કરીને હું રમતી હતી તે એક છેડેથી તૂટીને નમી જતાં વસાતું જ નહોતું. સગડીને ખબર ન પડે એમ હું એની તૂટેલી જાળીમાંથી હંમેશા માટે બહાર નીકળી ગઈ હતી. મારા મન અને શરીરનું કદ હવે પેલી ગમતીલી જેલમાં સમાઈ શકે એવું રહ્યું પણ નહોતું. પથારીવશ રહેતા દાદીના નિષ્પ્રાણ હાથની જેમ સગડી પણ ઠંડીગાર રહેવા લાગી. એની ઉપર નિરાંતે શેકાતી 'નિરાંત' ક્યારે પેલી કાળી રોટલીની જેમ બળીને ખાખ થઈ ગઈ તેની સરત પણ ન રહી. સગડી ઘરના કદી ન વપરાતાં એક ખૂણે સરી ગઈ. લીંપણની ભોંયનો જે ભાગ કોલસાની ગુણી પડી રહેવાને કારણે સદા કાળોમેશ રહેતો ત્યાં હવે કોલસાની કણી પણ લાધવી મુશ્કેલ બની. કદીમદી બાને કંસાર બનાવવો હોય ત્યારે સગડી સળગાવવાનો જુસ્સો ચઢતો. પણ પછી તો નૉનસ્ટીકની બોલબાલામાં એય ચોમાસાના પલળી ગયેલા કોલસા જેવો ટાઢો પડી ગયો.

સગડી સળગાવવાની, તેનો માફકસરનો તાપ રાખવાની અને તેમાં નિરાંતે રસઝરતી રસોઈ કરવાની કલા વીસરાઈ ગઈ. કલા કડાફૂટ બની ગઈ અને છેવટે કડાફૂટ પણ ભૂંસાઈ ગઈ. પરંતુ, સદનસીબે રવિવારની એ સાંજે મારી સમક્ષ એક સગડી સળગી. પેલી વહાલી સગડી જેવું અનુસંધાન આ બીજી સગડી સાથે ન સધાયું છતાં બીજે દહાડે મેં પણ દાદીની માફક વિશિષ્ટ રંગ-રૂપ-ગંધવાળી નમણી રોટલી બનાવી. રાતે ગૅસની ઉપર

બનાવેલી ઊની ભાખરીની જગ્યાએ દાદી સવારની વધેલી ટાઢી રોટલીનો આગ્રહ કેમ રાખતાં તે આટલા વર્ષે સમજાયું. રોટલી કરી લીધાં પછી નિત્ય અગ્નિદેવને આહુતિ આપતાં દાદીને યાદ કરી મેં પણ લાલચોળ અંગાર પર ઘી અને ભાત મૂક્યાં. તડતડ અવાજ કરતો ધુમાડો સગડીમાંથી ફૂટી નીકળ્યો. મારી આંખમાં પાણી આવ્યાં. ધીમે રહીને કોલસા પણ હોલવાઈ ગયા. તેની ઉપર રાખોડી રંગની રાખ રહી હતી. દોઢ દાયકામાં દાદીના દેહની રાખ તો ક્યાંની ક્યાં ઊડી ગઈ ?

## [12] કોઈ પણ ક્ષણે – રીના મહેતા

આ દિવસો જ કંઈક એવાં છે કે કારણ વિના ભીતર ગ્લાનિ છવાઈ જાય છે. નજીવી વાતે અથવા કોઈ વાત વિનાયે જીવ બળ્યાં કરે છે. હૃદય અને મન કોઈ અજાણ ઉદાસીનું બખ્તર પહેરી દે છે. મન કશે ઠરતું નથી, બેસતું નથી. બસ, ઉભડક જીવે બધે ફર્યા કરે છે. કલમ તો જાણે હાથમાં પકડવાનીયે હિંમત નથી ચાલતી ને આ બધું અહીં લખવા બેઠી છું. આ શબ્દોને વાંચનારા અંગત મિત્રો હોય એમ માની લઉં છું. હા, મિત્રો તો ખરાં જ ! કેટલાકને જાણું ઓળખું છું. કેટલાકને જાણતી ઓળખતી નથી. છતાં એ નામ વિનાના ચહેરાઓ આઘે રહી રહીનેય જાણે મારાં દોસ્ત થઈ ગયાં છે. મારો આનંદ, મારી પીડા, મારી સભરતા, મારી એકલતા બધું જ એમની સમક્ષ ઉઘાડી બેસું છું.

એટલે જ આ ઊંડે-ઊંડે આંખોમાં કચરાની જેમ કંઈક ખટક્યા કરે એવાં દિવસોની મૂંઝવણ પણ લખી દઉં છું. હું જોઉં છું તો મારી આસપાસ બધું શાંત-સ્વસ્થ છે. અહીં કશું બન્યું નથી. પણ કોણ જાણે ખબર નથી પડતી મારું મન શું ઝંખે છે ? બહુ ઊંડેઊંડે જોઉં છું તો મારું ઘણું બધું હમણાનું ખોવાઈ ગયું છે. કેટલાયે દિવસોથી હીંચકે બેસવા છતાં હિલ્લોળાઈ ઊઠતી નથી. સૂની બપોરે કલબલતા પક્ષીને શોધવાને કાજે છાનું ડોકિયું કરવા આ શરીર ઊઠી જ શકતું નથી. વહેલી સવારનું મધુર દર્શન કે ધોધમાર વરસતો વરસાદ બધું મારી અંદરની કોઈ દીવાલની પેલે પાર ચાલ્યું ગયું છે.

બાળકો સાથે રમું છું, એમના આનંદથી નાચું-કૂદું પણ છું ! પણ, એ આનંદની અંદર, મને ચોક્કસ ખબર છે કે રાખની અંદર, પેલી ગ્લાનિની ઝીણી લાલ કોલસીઓ હજુ ધગે છે. એ ઝીણું-ઝીણું મને બાળે છે. આ અગ્નિ મને નથી ગમતો એવું પણ ક્યાં છે ? આ અગ્નિ જ કડકડતી કાળી રાતોમાં તાપણાની જેમ મને હૂંફ આપે છે. પણ આમ કેમ ? હું મને જ આંખ નીચેના અંધકારમાં શોધી પૂછું છું. આમ કેમ ? મારી ઉપર જાણે કાળી માટીના થરના થર કોઈ પાથર્યે જાય છે. આ 'કોઈ' વળી શું છે ? વર્તમાન ? ભૂતકાળ ? કે સનાતન શાશ્વત સમય ? મારી ચેતનાનું બીજી હજી કેટલું ને કેટલું અંદર દટાઈ રહ્યું છે. હા, હવે સમજાય છે ! આ અંધકારમાં, ગાઢ અંધકારમાં કંઈક આગિયા જેવું ઝબૂકે છે. મને સમજાય છે કે ગ્લાનિ અને ઉદાસીમાંથી હું નિરર્થકતામાં સરી પડી છું.

ગ્લાનિ કે ઉદાસી ઉપરાંત મને કશીક ગૂંગળામણ પણ અનુભવાય છે. જાણે કે હું કચડાઈ રહી છું, દબાઈ રહી છું. અંદર ને અંદર ઊતરી રહી છું. પણ એક ઊગેલું વૃક્ષ કંઈ પાછું જમીનમાં ઊતરી જઈ શકે ? આ શક્ય નથી. મને ઘણીવાર થાય છે કે મારે ક્યાંક દૂર જવું છે. અજાણી જગ્યાએ..... અત્યારે એ લાગણી પ્રબળ બને છે. હું

સ્વપ્નમાં ને સ્વપ્નમાં દૂર ઊડી જાઉં છું કેમ કે મારે કોઈ અજાણી નદીના શીતળ પાણીમાં નહાવું છે. પેલી ગ્લાનિને નિરમાળની જેમ વહાવી દેવી છે. અથવા કોઈ ઊંચો પર્વત પણ મને ગમશે. હું મોટેથી સાદ પાડ્યા કરીશ. પણ કોને ? કોને ? પૃથ્વીને ? આકાશને ? પર્વત પરથી છમ-છમ વહેતાં ઝરણાંને જોવા મળે તો ? તો એના પર હું મારા બાળક જેવું વહાલ ઢોળીશ. પણ આ બધું તો હું મનોમન વિચારું છું. બંધ આંખે જોઉં છું. જોકે હવે મને સપનાં જોવાની ટેવ નથી રહી. પણ મારા ગ્લાનિમાં ડૂબી જડ બની ગયેલાં હૃદયને સજીવન કરવા માટે, કોઈ અજાણ-નરવાં આનંદને તે સ્પર્શી શકે એ માટેય હું બંધ આંખે નદી, પર્વત, ઝરણું, ખીણ, બરફ આચ્છાદિત શિખરો, વૃક્ષો, પક્ષીઓ કંઈ પણ જોઉં છું. હવે મન થોડુંથોડું જાગવા માંડ્યું છે. ટૂંટિયું વાળીને દિવસોથી સૂતું હતું એ થોડીવારમાં જ બેઠું થવા માંડ્યું છે. બારીના કાચની બહાર પવનથી મધુમાલતીની વેલીની ડાળખી ઝૂમી રહી છે. તેનાં આછાં ગુલાબી ફૂલો કેટલાય દિવસોથી મને હસાવવા પ્રયત્ન કરી રહ્યાં છે. હું છેક આજે તેમને જોઉં છું. આ ક્યારી, આ કૂંડાં કેટલાયે દિવસોથી મારા સ્પર્શ વિના રહ્યાં છે. ગાય કે કૂતરાની પીઠ પસવારતા તેઓ આનંદ અને હૂંફ અનુભવે એમ મારી દૃષ્ટિથી તેઓનો આનંદ હું વાંચી શકું છું.

આ નાનકડી ક્યારી પાસે ઊભી રહી અચાનક દૂર એક સ્વપ્ન પાસે દોડી જાઉં છું. અરે ! આ જગ્યા તો ઘણી મોટી છે ! અહીં પ્રવેશદ્વારે આસોપાલવ પણ રોપીશ જ. કાનુડાના પારણે તોરણ બાંધવા કોઈ ઘર બહાર – ઊભેલા આસોપાલવનાં પાંદડાં તોડતાં જ મેં વિચારી લીધું હતું. મારી પેલી કપાઈ ગયેલી દાડમડી પણ કોઈ ખૂણે સમાઈ જશે. એને કંઈ ઝાઝી જગ્યા ન જોઈએ સાવ પાતળાં થડવાળું ઝાડ ! જૂઈ, મધુમાલતીના છોડ તો આ ક્યારીમાંથી જ લઈ જઈશ. પારિજાતનો છોડ પણ ક્યાંકથી મેળવી લઈશ. ખુલ્લી જગ્યામાં તુલસી પણ ખૂબ મહોરી ઊઠશે. જાસૂદ, બારમાસી મારાં વફાદાર જૂનાં દોસ્ત ! ગુલાબ પણ ખાતર નાંખી ઉગાડીશ જ. આહા ! કેવી મજા આવે છે. આ ધરતી વિનાની, વાસ્તવ વિનાની જગ્યા પર ચાલવામાં, આવું સરસ મજાનું સ્વપ્ન જોવામાં !

લ્યો ! જુઓને ! એટલામાં આ બધું ઊગી ગયું. પેલાં આસોપાલવના કુમળાં, રતૂમડાં ચળકતાં પાન મને નવું જીવન આપી રહ્યાં છે. દાડમના કેસરિયાળાં ફૂલો મને એની છાલક છાંટી ગયાં છે. મારા શ્વાસમાં દાડમની જૂઈ, પારિજાતની, મધુમાલતી, મોગરાની, લીમડાની કંઈ કેટકેટલીય ગંધ-સુગંધ ભરાઈ જાય છે. મારો શ્વાસ ભારે-ભારે થઈ જાય છે. આ સુગંધો સીધી મારા ફેફસામાં, હૃદયમાં અને લોહીમાં ભળવા માંડે છે. મારી શિરાઓમાં આનંદ-નિતાંત આનંદ વહેવા માંડે છે. પ્રકૃતિથી દૂર ગયેલી હું ગ્લાનિમાં ડૂબી મરું છું. તો સ્વપ્નમાંય પ્રકૃતિની પાસે જતાં નિતાંત-નરવું હાસ્ય પામું છું. મારી ઉપર ધરબાયેલા માટીના પડના પડ એકાએક ખસતાં જાય છે.

લાગે છે – કોઈપણ ક્ષણે બીજને ફણગો ફૂટશે ! અત્યારે તો બસ, પેલા લાલ મુનિયા પક્ષીની જેમ માટીમાં ધરબાઈ ગયેલાં બીજને મૂંઝાઈને શોધ્યા કરું છું. આ લાલ મુનિયાની બાળવાર્તા તેનાં ચિત્રો સહિત મને બહુ ગમે છે. હું વારંવાર બાળકોને એની વાતો કહું છું. વાર્તાનું શીર્ષક છે : મુનિયાને સોનું મળ્યું. મુનિયા નામનું એક પક્ષી હતું. બહુ વરસાદને કારણે મુનિયા બે-ત્રણ દિવસથી ક્યાંય જઈ શક્યું નહોતું. આજે વરસાદ અટકતાં તે ખોરાક શોધવા દૂર ગયું. ત્યાં સોનેરી ચેરીના વૃક્ષ પરથી તેને એક ચેરીનું ફળ મળ્યું. ખુશ થઈ તે ચાંચમાં લઈ એક ઝાડ પર બેઠું. પણ અચાનક ચાંચમાંથી પેલું મહામહેનતે મેળવેલું ચેરી નીચે પડી ગયું. વરસાદને કારણે

પોચી થયેલી જમીનમાં ચેરીનું ફળ ખૂંપી ગયું. મુનિયાએ ચેરી ઘણું શોધ્યું પણ જડ્યું નહિ. મુનિયા પછી રોજ આ જગ્યાએ આવીને ચેરીનું ફળ શોધતું. એક દિવસ એ જગ્યાએ એણે નાનો છોડ ઊગેલો જોયો. પછી તો મુનિયા રોજ એ છોડને જોવા આવતું. છોડની સંભાળ રાખતું. સસલા ને હરણ ખાઈ જવા આવે તો ચાંચ મારી નસાડતું. છોડની આસપાસ ડાળખીઓ ઝાંખરાં ગોઠવી એનું રક્ષણ કરતું. એકવાર ભારે પવન આવે છે. ડાળી-ઝાંખરાંય ઊડી જાય છે. પછી મુનિયા એના દોસ્તો સાથે મળી છોડની આસપાસ મજબૂત આડશ ગોઠવે છે. છોડ ધીમે ધીમે મોટો થાય છે. મુનિયા અને દોસ્તો ત્યાં જ રમે છે. છોડ એક દિવસ ઝાડ બની જાય છે. ઝાડને સુંદર ફૂલ આવે છે અને મુનિયા એક દિવસ જુએ છે તો એ ફૂલોમાંથી સોનેરી રંગના ચેરી ઊગ્યાં છે. ઝૂમખે-ઝૂમખાં ચેરી ! મુનિયાની ચાંચમાંથી ખોવાઈ ગયેલા ચેરી જેવાં જ. મુનિયાને જાણે કે સોનું મળ્યું ! મુનિયા રાજીના રેડ થઈ જાય છે. એ પોતાના દોસ્તોને બોલાવી લાવે છે. બધાં રોજ આનંદથી ચેરી ખાય છે.

## [13] એકાંતનું અનુસંધાન

આખા ઘરમાં હું એકલી છું! તદ્દન એકલી! આ કોઇ મોટી વાત નથી. પણ, મારે માટે તો રોમાંચક જ છે. આવું એકાંત ઘણા વખત પછી સાંપડ્યું છે. વિશ્વ આખું જાણે ઊંડા મૌનમાં ડૂબી ગયું હોય તેમ ચારે બાજુ શાંતિ જ શાંતિ છે. ઘરમાં મારા પગરવ સિવાય બીજો કોઇ જ અવાજ નથી. કેવળ ઘડિયાળનું લોલક ટક-ટક અવાજ કર્યા કરે છે. મને મીઠી મુંઝવણ થાય છે કે હું શું કરું? કોઇ સરસ કેસેટ સાંભળું કે વાંચુ કે કંઇક લખું કે કોઇને ફોન કરું કે ઘસઘસાટ ઉંઘી જઉ? શું કરું? શું કરું? કે કંઇ ન કરું? હું હો – હો કરીને હસવા જઉં છું ને પછી નાનો અમથો ઠેકડો લગાવી બાળકોના ઝુલે ઝુલી લઉ છું. એક ઓરડામાંથી બીજા ઓરડાંમાં ને પછી ત્રીજા ઓરડામાં જઉં છું. છેલ્લે વાડામાંયે ફરી આવું છું.

કેટલાંક જણ આમ જ વર્ષોનાં વર્ષો એકલાં જ રહેતા હશે. એમને ઢગલે ઢગલાં એકાંત મળતું હશે. પછી એક એકાંત કદાચ એકલતામાં પણ પરીણમતું હશે. ઘણાને એકલાં રહેવુ ગમે છે. તેઓ આનંદથી એકલા જીવે છે. તો વળી કેટલાકને એકલા રહેવાનો ડર લાગે છે. તેઓ ઝાઝો સમય એકલા રહી શકતાં નથી. હકીકતમાં કોઇ તદ્દન ને તદ્દન એકલું રહેતું નથી, તો કોઇ એક્ધારું લોકો વચ્ચે રહેતું નથી. આપણને એકાંત ગમે છે અને નથી પણ ગમતું. આ ત્રીજા પ્રકારનાં લોકોમાં આપણામાંથી ઘણાંનો સમાવેશ થાય છે. જેઓ બધાંની સાથે જીવતા હોય છે, છતાં કેટલીક પળો છૂટક – છૂટક એકલા જીવી લેતા હોય છે. માછલી જેમ શ્વાસ લેવા પાણીની બહાર સપાટી પર આવતી હોય અને અંદર ચાલી જાય, એમ આપણે આવો એકાંતનો શ્વાસ ભરી લેતાં હોય છે. પણ, માછલીમાં અને આપણાંમાં ફરક એ છે કે માછલી જળસપાટી એ આવે છે, જ્યારે આપણે તળિયે ડૂબકી લગાવીએ છીએ. પણ, દર વખત આપણને આમાં સફળતા નથી પણ મળતી. કેટલીક વખત બહાર કરતાં અંદર વધુ ભીડ ને કોલાહલ હોય છે. ત્યારે એકાંત પરપોટાની જેમ ફૂટી જાય છે.

વૃક્ષોથી ભરચક જંગલમાં એકાંત કેવા લીલા ટહુકા કરતું હશે ? માઇલોના માઇલો વહી જતી નદી સાથે તેનું એકાંત પણ વહી જતું હશે. ચાંદનીથી તરબતર રાત્રિએ ઘુઘવતો દરિયો પણ એનું એકાંત અકબંધ જાળવી રાખતો હશે. કિલ્લો પોતાની અંદરના એકાંતને ચોકીપહેરો ભરતો હશે? કાબર એની પીળી ચાંચમાં કલબલ

કરતી એકાંતનો દાણો લઇ ઉડી જાય છે ત્યારે મને પક્ષીઓ, પ્રાણીઓ, પતંગિયાઓ, વૃક્ષો, પર્ણો, નદી, હવા, ચંદ્ર સર્વનાં અંતર્નિહિત એકાંતની ઇર્ષ્યા આવે છે. એમનાં એકાંતના મૂળ એમનાં બીજમાં જ છુપાયેલાં છે. એમનું એકાંત એમણે બહારથી પહેરેલું નહી પણ અંદરથી ઉગેલું છે. ચંદ્ર એનું ધવલોજ્જ્વલ એકાંત ચાંદની દ્વારા સમગ્ર ધરા પર પ્રસરાવી દે છે. પતંગિયું ફૂલો પર બેસીને ઘડીક જંપી જાય છે ત્યારે પોતાના પીળા એકાંતને પીએ છે. હવા બધે પોતાના એકાંતની પાંખ હલાવતી ફરી વળે છે. આ બધાંના એકાંતમાં કોઇ ખલેલ પહોંચાડી શકતાં નથી. કેમકે એમનું એકાંત અંદર અને બહાર બંને તરફ સધાયેલું હોય છે.

સાવ નાનું બાળક હસે છે ત્યારે તેની અંદર થી પ્રગટ થતું અણસમજુ એકાંત પણ હસે છે. એકાંતનું આવું પ્રસન્ન હાસ્ય મને ગમે છે. પણ, એકાંત હંમેશા પ્રસન્નકર જ હોતું નથી. ઘેરા વિષાદમાં ડૂબેલી સાંજ જ્યારે મનની રગ-રગમાં પ્રસરી જાય છે ત્યારે એકાંત આંસુભીનું ગીત ગાય છે. મનની સપાટી પર ધીમે ધીમે એકાંતનાં ટપ-ટપ પડતાં ટીપા વડે ઉદાસીની નાની તળાવડી ભરાઇ જાય છે, ત્યારે એ નાની તળાવડીમાં ઝાકળભીના લાલ ગુલાબી કમળ ઊગે છે.કમળનાં મોટા પાંદડાઓ જળ-સપાટીને ઢાંકી દે છે અને કમળની બંધ પાંખડીમાં ઉદાસીથી સભર એકાંત, બિડાયેલું રહીને મંદ-મંદ હસે છે.

પણ, આ બપોરે મારું એકાંત વાડામાંથી અંદર આવતાં – પ્રતિબિંબાતા નમતા પહોરનાં અજવાળાં જેવું સ્થિર હોય છે, સ્વસ્થ છે. એને ન સવારની પ્રસન્નતા છે, ન સાંજની ઉદાસી. આખી આ બપોર એકાંતના ઝૂલે ઘડીક અમથી ઝૂલે છે. એ મને નાની ચકલીની જેમ ઝૂલાવે છે. ચારે તરફ અંદર – બહાર બધે જ શાંતિ જ શાંતિ છે. વૃક્ષો, વેલીઓ અને પાંદડાઓ અત્યંત ધીમી હવામાં ધીરું ધીરું, નહીં જેવું હાલીને જંપી જાય છે. પક્ષીઓ પણ કલબલાટ ભૂલી ગયાં છે. પવનની આછી લહરમાં વૃક્ષો, પાંદડાઓ, પક્ષીઓને જાણે ઝોકું આવી ગયું છે. એવું જ એકલતાનું ઝોકું, એકાંતનું ઝોકું, એકલાં હોવાનું નાનું અમથું ઝોકું મારા મનને, માર હ્રદયને, મારા સમગ્ર અસ્તિત્વને આવી રહ્યું છે.

બાળપણમાં સવારની શાળા હોય અથવા રજા હોય ત્યારે બા બપોરે સૂઇ જવાનું કહેતી. બા ઊંઘી જાય એટ્લે એનાં પડખેથી હળવેથી બિલ્લીપગે ઊઠીને હું પાછલી લીંપણવાલી ઓરડીઓમાં ચાલી જતી. મૂંગીમૂંગી કંઇક ખાંખાંખોળા કરતી, ત્યારે આખું ઘર શાંત રહેતું. મારી અંદર એ શાંતિ, એ જંપ, એ એકાંત ધીમે ધીમે ઊતરી જતાં. ઓરડીમાંથી હું રસોડામાં આવતી, ત્યાં પણ વાસણોનો ખખડાટ, સગડીનો દેવતા બધું શમી ગયું હોય. ભગવાનના ગોખલાંમાંથી ચંદન અને ફૂલોની ઠંડકભરી સુગંધ એ જ એકાંતમાં લસોટાઇ-લસોટાઇને મને લેપ કર્યા કરતી. હું હિંચકા પર બેઠી કંઇક ગડમથલ કરતી. સળિયાવાળી બારી પર બેસીને ફડફડ કરતી ઉડી ગયેલી ચકલી જોતી. પછી કંઇ ન સમજાતાં વચ્ચેની કઠેરાવાળી નાની અગાશીએથી નીચે વાડામાં ઝૂકીને જોતી, એ સાથે જ જાણે અસીમ શાંતિ કે એકાંતમાં ઝળૂંબતી. નીચેના આખા ઘરમાં એવું જ ભેજિલ અંધારું-અજવાળું ને શાંતિ વ્યાપી ગયા હોય. ઉપર-નીચે આગળ-પાછળ અંદર-બહાર બધી જ દિશાઓમાથી મારામાં એટલી બધી શાંતિ અને એટલું બધું એકાંત પ્રવેશી ગયાં હોય કે રમવા માટે બહેનપણીને બૂમ પાડવા જતો મારો અવાજ એકાએક અટકી જતો. મને મળવા આવેલા એકાંતને હું ભેટી પડતી. જાણે બાની સોડમાં ભરાઇ ઊંઘી જતી.

વર્ષો પહેલાંની એ બપોરનું એકાંતનું અનુસંધાન મને છેક આટલાં વર્ષે આ બપોરે મળે છે. હું એ બપોરની સોડમાં ભરાઇ ટૂંટીયું વાળી જંપી જાંઉ છું.

## [14] લીલોછમ નિશ્વાસ:

મનમાંથી એકદમ લીલોછમ નિ:શ્વાસ નીકળી જાય છે. નિ:શ્વાસ અને તેય લીલોછમ ? હાસ્તો! ચારે તરફ- માત્ર ઉપર આકાશ સિવાય બધે જ લીલાશનો દરિયો-ના, નદી વહેતી હોય ત્યારે એનાથી વિખુટા પડવાની વાતે નિ:શ્વાસ નીકળે તે લીલોછમ જ હોયને !

લીલાંછમ ખેતરો, વૃક્ષો ,કોતરો, પથ્થરો, નદી, રેતાળ પટ ,હોડી-બધે જ રહી રહીને મને એક જ પ્રશ્ન થતો રહ્યો – માણસ પ્રકૃતિથી આટલો દૂર શી રીતે જઈ શકયો? મને તો આ બધે મારી હયાતીનાં મૂળ દેખાતા હતાં. ઊંચી ભેખડ ઉપર વાંસ –લાકડાના કે ગાર-માટીના નાના-નાના ઘર કે ઝૂંપડાં જોઇ થતું કે અહીં એક રાત કે આખું જીવન ન રહી શકાય? શામાટે ? શું ખુટે છે એમાં?

બહુ વખતે ઘરથી દુર નર્મદાના વિધવિધ તટે ફરવા નીકળી પડયાં છીએ.ચાલતાં- ચાલતાં કે ગાડીમાં કોઇ ઝૂંપડા આગળથી પસાર થઈ જાઉં છું. પણ મન તો ત્યાં જ હાશ કરતું પલાંઠી વાળી બેસી જાય છે.એ કોઇ ઘરડાં ડોશીના માથેથી લાકડાનો ભારો નીચે ઉતારે છે, ચૂલો ચેતવે છે, જાડા ચોખાનું આંધણ મૂકે છે, રોટલાનાં લોટનો પીંસો બાંધે છે, હાથ ઉપર ટપ ટપ ટપ મોટો રોટલો ઘડાતો જાય છે અને રોટલો તડ દઇને અધવચ્ચે જ તૂટી જાય છે. મારાં શહીરી હાથ રોટલાને જાળવી શકતાં નથી. મોટર બધાં દશ્યો પાર કરતી આગળ દોડ્યે જાય છે. કેટલાં બધાં ચિત્રો મનમાં આલેખાઇ જાય છે. નદીકાંઠે અથવા કૂવેથી પાણી ભરીને જતી સ્ત્રીઓના બેડાંના પીળાં ચમકારથી મારી આંખો અંજાઇ જાય છે. ગાયો-ભેંસોને લઇ જતાં ભરવાડ કે તેમનાં બાળકો અનેકવાર રસ્તામાં મળે છે. મારી જિહ્વા ફીણ-ફીણવાલા તાજા દૂધ માટે વલવલી ઊઠે છે. ગાયોની ગમાણની છાણ-માટીની ગંધ વારંવાર મારા રોમરોમમાં પ્રસરી જાય છે. કોઇ મને ગાય દોહતાં શીખવાડો !

નીકળ્યાં છીએ નદીતટે જવાં અને વચ્ચે જાણે લીલાછમ રસ્તાઓ પર હોડી હંકારવા જેવું લાગે છે. વળી, ગલગોટાનાં કેસરિયાળાં ખેતરો આંખોમાં એવો તો પીળો – કેસરી રંગ આંજી દે છે કે બધું જ સોનાના સૂરજસરીખું ! રસ્તા પરના વૃક્ષો શહેરી વૃક્ષો જેવાં નથી લાગતાં. એ સીધાં-સટ, ડાહ્યાંડમરાં નથી ઉગ્યાં. તેનાં થડના વળાંકમાં અદભુત વનસૌંદર્ય પ્રગટે છે. કેવડિયામાં નર્મદા ડેમ જોઇ આંખો વિસ્ફારિત થઇ જાય છે. તો વળી ગરુડેશ્વરમાં સાંજ પછીના ખાલીખમ આકાશની પાર્શ્વભૂમાં એ જ નર્મદા વિષાદમય અને ધીરગંભીર લાગે છે. નર્મદાનાં નીર મ્લાન થતાં જાય છે. એક લાંબો ઢાળ ઊતરી જયાં અવધૂત મહારાજે તપશ્ચર્યા કરી હતી ત્યાં જઇએ છીએ. આ જ્ગ્યાએ પહેલાં કેવું તો ગાઢ જંગલ હશે? ઢાળ ચડીને પાછા ઉપર જઇએ છીએ ત્યારે જોઉં છું ખાલી આકાશમાં નદીની ઉપર ચંદ્ર ઊગી નીકળ્યો છે. ક્યાંક કશું સહેજે ખાલી નથી રહેતું. વૃક્ષની પછીતે અંધકાર વીંધીને જોઉ છું તો નદીનો શ્યામ રંગ, ચંદ્રનો ઊજળો ચહેરો અને પાણીમાં કોઇકે તરતાં મૂકેલાં દીપ

બહુ સુંદર દશ્ય રચે છે. દીપનું અજવાળું ધીમેધીમે મારી સમીપ આવતું જાય છે. પણ, એ ઠેઠ નિકટ આવે એ પહેલા તો મારાં પગલાં આગળ નીકળી જાય છે.

એ પહેલાં સૂળપાણીશ્વરના મંદિરમાં નમતી બપોરે એકસાથે વિશાળતા અને સામીપ્યનો અનુભવ થયો હતો. મંદિરના એક ખૂણે મૂકેલું માટલું જાણે મારી જનમોજનમની તરસ છીપાવવા બેઠું છે. નાનાં માટલામાં નર્મદાના સઘળાં નીર સમાયાં છે !

બહુ વર્ષો પહેલા એક વાર ચાણોદ – કરનાળી ગઇ હતી ત્યારની શાંત છબી મનમાં કંડારાઇ ગઇ હતી. ત્યારે કદાચ પહેલી જ વાર હલેસાંવાળી હોડીમાં બેઠી હતી. પારદર્શક પાણીમાં સરતી હોડી જાણે મારી અંદર સરકતી જતી હતી. પણ હવે આ જ સ્થળ વિધિવિધાનની લોકપ્રિયતાને કારણે થોડું ભીડભર્યું બન્યું છે. નિતાંત ગ્રામીણ વાતાવરણમાં શહેરીકરણનાં થીંગડાં ઠેર – ઠેર લાગી ગયાં છે. આશ્રમનાં એક સાધુ અમને વારંવાર સંસારી હોવાનું મ્હેંણું માર્યા કરે છે. સાધુ હોવાની અતિસભાનતા તેમને સંસારીના સંસાર-મોહ જેવી જ વળગેલી લાગે છે. એમની કટાક્ષભરી બોલી રમણીય આશ્રમના સૌંદર્યને સ્પશર્વા દેતી નથી. બાકી તો વિશાળ વાડીમાં કેળ ઉપર લુમ્બે ને ઝુમ્બે કેળાં લટકે છે! ગુલાબનાં છોડ ઉપર કેટલાંયે મોટાં – મોટાં લાલચટક ગુલાબ ખીલ્યાં છે. અહીં માનવે જતનપૂર્વક રચેલું પ્રકૃતિસૌંદર્ય છે.

આશ્રમમાં રહ્યાં છતાં નદી ક્યારની સાદ પાડતી હતી. દૂરથી હાથ ફેલાવતી હતી. પગથિયાં ઊતરી ઘાટ પર જવાનું અને પછી સામે પાર જવાનું હતું. આટલા વર્ષોમાં તો બધું છેક જ બદલાઇ ગયું હતું. હલેસાંવાળી હોડીને બદલે ધુમાડો છોડતી યાંત્રિક હોડી નદી પાર ચાલી જાય છે. હોડીમાં બેસતાં જ બધાં રોમાંચિત થઇ જાય છે. બધું બદલાયું છે, છતાં નદી તો એની એ જ છે. સામે રેતાળ પટ પર પહોંચતાં જ બધાં ગાંડાતૂર બની નદી તરફ દોટ મૂકે છે. નદીના ખોળામાં બેસતાં જ નદી રગરગમાં વ્યાપી જાય છે. બધાં પોતીકી જલક્રીડામાં રમમાણ છે. સૌ સાથે છે છતાં અલગ છે. કેટલાંક કુશળતાથી તરીને બાકીનાને આશ્ચર્યચકિત કરી દે છે. કેટલાકને તરતાં ન આવડવાનો વસવસો થાય છે. કોઇ બે-ત્રણ કલાક તરવાનું શીખ્યાં કરે છે. કોઈ નદીના પેટાળમાંથી ઘસાઇ-ઘસાઇને લીસ્સા બનેલા જાતજાતના પત્થર શોધી લાવે છે.કોઇ નદીમાં ડૂબકી મારી નદીમય બનીજાય છે. કોઇ ઘડી-ઘડી કિનારે ચાલ્યું જાયછે.ને બાળકો? તેઓ તો જાણે જળને બદલે અગાધ વિસ્મયના વારિમાં તરે છે. મારી સ્થિતિ પણ બાળકોથી સાવ જુદી નથી. જળ ઝાઝાં ઊંડાંનથી. જરાક તરવા જતાં ઘૂંટણે પથ્થર અથડાય છે.તેથી જળની સપાટી ઉપર હું ચત્તીપાટ તરું છું. સુર્યનાં કિરણોથી આંખો મીંચાઇ જાય છે.ત્યારે જળ અને આકાશ સીવાય કશાનું અસ્તિત્વ જ ન હોવાની અનુભૂતિ થાય છે.આ જળ મને ક્યાંનું ક્યાં તાણી જશે? એવા ભય સાથે હું વારંવાર નદીમાં ઊભી રહી એની સપાટી ચકાસી લઉં છુ. હોડીવાળા કેટલીયે વાર અમને બહાર આવવા કહે છે. છેવટે છેલ્લી ખેપ હોવાનું કહે છે ત્યારે જ બધાં બહાર નીકળે છે બહાર નીકળ્યાં પછીય શરીર જાણે પાણીમાં તરતું હોય એમ લાગે છે ! નહાવાની આવી જ મજા કબીરવડમાં છે. નદી એક જ, પણ એનો મિજાજ અલગ છે. પટ અહીં પહોળો અને વહેણ ઝડપી લાગે છે. હોડીમાં સામે તીર ગયાં પછી થોડું ચાલ્યાં બાદ કબીર વડનો વિશાળ, ઘેઘૂર લીલોછમ વ્યાપ ઘેરી વળે છે. વડ અને વડવાઇઓ અહીં એકમેક થઇ જાય છે. આ વિશાળ વટવૃક્ષ વિસ્મયની વડવાઇએ હીંચોળે છે. અહીં અગાધ શાંતિ અને ઠંડક છે. વડ નીચે માથુ

મુકીને ગાઢ નિંદરમાં સૂઇ જવાનું મન થાય છે. કબીરવડ પાસે સદીઓની નિરાંત છે. જ્યારે અમારી પાસે તેની નીચે બેસવાનો અડધો કલાક પણ રહ્યો નથી. એક તરફ વડના છાંયામાં બેસવાની, તો બીજી તરફ નદીમાં ફરી નહાવાની લાલચ છે. સાહજિક રીતે જ, નહાવાની લાલચ જીતી જાય છે.

બીજીવાર નદીમાં નહાવું નથી- નો નિશ્ચય નદીતટે થોડીવાર ઊભા રહ્યા પછી તરત જ પીગળી જાય છે. હું નદીમાં ચાલતી-ચાલતી આગળ જઇ બેસી જઉ છું. બધાં ફરી નહાવાની મસ્તીએ ચઢ્યાં છે. નદી વારેવારે મને એની પાસે એકલી લઇ જાય છે. પાણીનો વિશાળ પ્રવાહ જરા ડરાવી દે છે. એક કલાક નહાયા પછીયે મન ધરાતું નથી. સાંજના ડૂબતા સૂર્યનાં કેસરી કિરણો, આસપાસની હરિયાળી, સફેદ ચમકતી રેતી, દૂર સળગતી ચિતા બધું જ મનમાં ભરાઇ જાય છે.

અમારા પ્રવાસનું આ અંતિમ સ્થાન છે. હોડીની છેલ્લી ખેપમાં સામે પાર જઇએ છીએ ત્યારે એક આખેઆખી નદી અહીં રહી જાય છે અને એક આખેઆખી નદી અમારામાં હોય છે. સામે પાર પહોંચીએ છીએ ત્યારે ચિતા બળી રહેવા આવી હોય છે. સભર મનમાં કેવળ ખાલીપાનો ધુમાડો છવાઇ જાય છે.

ચાણોદના પેલા સુંદર આશ્રમમાં વહેલી પરોઢે ઊઠતાવેંત એક મિત્રે પ્લાસ્ટીકની કોથળી ધરી હતી. હું કુતૂહલથી અંદર જોઉ તો કેસરી દાંડીવાળા કોમળ, સુગંધિત પારીજાત...સ્વયં પરોઢ જેવાં વર્ષો પછી મારી સામે મરક-મરક હસી રહ્યાં છે. પારીજાતનું વૃક્ષ તો સાંજેય ત્યાં ઊભું હતું. પણ રાતાં-ખીલેલાં ગુલાબ જોવામાં કોનું ધ્યાન જાય? એણે તો પરોઢે મૂંગામૂંગા ફૂલ ખેરવી દીધાં ! ફૂલોની નાનકડી ચાદર પથરાયેલી જોઇ હું ત્યાં જાંઉ છું. નીચો ઓટલો ઊતરી વૃક્ષ નીચે વાંકી વળું છું. આઠ-દસ ફૂલો વીણીને હથેળીમાં મૂકું છું. પછી અડધી ક્ષણ એને જોયાં કરું છું. બાળપણનાં, ફૂલો માટેના લાલચુ મુઠ્ઠી ક્યારની ખૂલી ગઇ છે. એને લઇ જઇને શું કરું? વૃક્ષ જે નિર્લેપભાવે ફૂલ ખેરવી દે છે, એમ જ હું હળવેકથી હથેળીમાંનાં ફૂલ ત્યાં જ ઠાલવી દઉં છું. છતાં મન કંઇ વૃક્ષ નથી. એ સહેજ ભારે તો થઇ જ જાય છે. ખાલી હથેળીમાંય એની સુગંધ તો ક્યાંય સુધી કદાચ પેલી ચિતા બળી રહે ત્યાં સુધી ચોંટેલી રહે છે. પછી અમે ઘરની નિકટ અને પ્રકૃતિથી દૂરનો વળતો પ્રવાસ આદરીએ છીએ.

## [15] સર્જનનું વિશાળ આકાશ – રીના મહેતા

કેટલાક માણસોને ઝીણામાં ઝીણી બાબતોમાં ઊંડો રસ હોય છે. આપણને ઘણીવાર આશ્ચર્ય થાય છે કે સાવ નજીવી વાતમાં એમને આટલો અઢળક રસ કઈ રીતે પડતો હશે. જે વસ્તુ કે વિષય ઉપર આપણને અછડતી નજર નાંખવા જેવું જ લાગે ત્યાં તેઓ પોતાનું સમગ્ર અસ્તિત્વ ઝબોળી દેતા હોય છે. ઉદાહરણ તરીકે અમારા એક નિકટના સ્વજન બહેનની વાત કરું તો એમને બધી જ વાતમાં ઊંડો રસ. તેઓ જ્યારે રસોઈ કરતાં હોય ત્યારે દાયકાઓ અગાઉ પોતાનાં માતુશ્રીએ ઘડેલી પદ્ધતિનો અણીથી પણી સુધીનો અમલ કરે. બનાવેલી વસ્તુ અવારનવાર ચાખે ! અત્યંત કાળજીથી વણેલી દરેકેદરેક રોટલી ફૂલે ત્યારે તેમને આનંદ આનંદ થઈ જાય; પણ જો એકાદ રોટલી ન ફૂલે તો મન કચવાઈ જાય.

ઊંધિયું હોય કે ગુવાર, શીરો હોય કે સૂંઠનું પાણી, મુરબ્બો હોય કે મોળી દાળ – બધું જ સર્વશ્રેષ્ઠ બનવું જોઈએ. ચા આજે જરા ગળી તો નથી બની ગઈ ને ? ભાતમાં ચાંગળુક પાણી વધારે પડી ગયું કે શું ? દૂધી બરાબર ગળી તો ગઈ છે ને ? વગેરે ચિંતા પ્રશ્નો રૂપે વ્યક્ત કરતાં જ રહે !

આ ઉપરાંત મહેમાનોની થાળી સુંદર રીતે પીરસવી, કપડાં સારા-સ્વચ્છ ધોવડાવવાં-સુકાવડાવવાં, અમુક પ્રકારે જ ગડી કરાવવા વગેરે ગૃહલક્ષી વાતોમાં તો એમનો રસ સોળે કળાએ ખીલી ઊઠે. આ ઉપરાંત આધ્યાત્મિક ચર્ચા હોય કે સામાજિક, રાજકારણના સમાચાર હોય કે પડોશીની દીકરીને સુવાવડ આવવાની હોય, ફલાણા-ઢીંકણાને કેન્સર થયું હોય કે કૂંડામાં ગુલાબ ઊગયું હોય, જૂઈના ફૂલ ઊગતા ન હોય કે ઘરમાં ઉંદરડા દોડાદોડ કરતાં હોય, દીકરાની દીકરીની પરીક્ષા હોય કે રિક્ષાની હડતાળ.... બધામાં જ એમને જીવંત રસ. એમના રોમરોમમાંથી જાણે રસના ફુવારા છૂટે ! સામાન્યપણે આપણે આમ કરી શકતાં નથી. કદીક જ ચા વિશેષપણે સારી બની હોય તો વખાણ અથવા પૃચ્છા કરીએ. બાકી ત્રણના ટકોરે ચા ગટગટાવી જઈએ. ગુવાર-વેંગણ-દૂધી ઈત્યાદિ શાકમાં આપણી, ખાદ્યરુચિ સીમિત પ્રમાણમાં જ ઊંડી ઊતરી શકે ! ભાત એની સુગંધભર મીઠાશ વડે આપણી ઘ્રાણેન્દ્રિય કે સ્વાદેંન્દ્રિયનાં દ્વાર ખટખટાવ્યા વિના જ જઠરમાં પહોંચી જાય. ફલાણા-ઢીંકણાની દીકરીની ડિલીવરીમાં આપણને શું ? ગુલાબ ઊગ્યું. જોયું. ઠીક છે મારા ભાઈ ! ચા જરા ગળી-મોળી થઈ એમાં શું ? પણ, હકીકતમાં આપણને જેમાં આશ્ચર્ય થાય છે એ બધી નાની નાની વાતોમાંનો એમનો રસ જ એમને અણુએ અણુથી જિવાડે છે. જીવન પ્રત્યે પળપળ વહેતો જીવંત, અદ્દભુત રસ જ એમને દાળ બનાવવામાં ચિત્ર દોરવા જેટલી કાળજી તન્મયતા દાખવવા પ્રેરે છે. આ જીવનરસ દરેક કાર્યમાં સિંચાતો રહે છે. આપણને ક્ષુલ્લક લાગતું દરેક કામ એમને મન સર્જન બની જાય છે !

અમારા બીજા એક સંબંધી મહિલા છે. તેઓ પચાસ વર્ષની ઉંમરે પણ સૌંદર્ય જતન સંવર્ધન પરત્વે વીસ વર્ષની કોઈ કન્યકા જેવી જ રૂચિ રસ ધરાવે છે ! રોજ સવારે ચહેરા ઉપર ચણાનો લોટ, દૂધ, મધ વગેરેનું મિશ્રણ લગાવવું, વારંવાર બ્યુટીપાર્લરમાં જવું, નવી ફેશનનાં વસ્ત્રો પહેરવા વગેરે બાબતો ધ્યાન ખેંચે એવી છે. અમે કદી એમને લઘરવઘર કે તૈયાર થયા વિનાના જોયાં નથી. અહાહા.... રોજ સવારે ચણાના લોટનું મર્દન.... કદી એમને કંટાળો નહીં આવતો હોય ? સૌંદર્ય પ્રત્યેની તેમની સભાનતા, સૌંદર્યપ્રીતિ પચાસની ઉંમરે પણ અકબંધ છે. કેટલાક તો પાંત્રીસેકની વયે જ જાણે ઘરડાં થયાની માનસિક અનુભૂતિ કરે છે. હવે શું ? કહી જીવનની બધી બાબતોમાંથી રસ ગુમાવી દે છે. જ્યારે આ બહેનમાં એક રીતે જુઓ તો જીવનની જીવંતતા ટકેલી લાગે છે. જે ઉંમરે દાઢ દુ:ખતી હોય કે ઢીંચણ રહી ગયા હોય એ ઉંમરે ઊંચી હીલના ચંપલ પહેરી ફરી શકો એ સદનસીબની વાત છે ! તમે દર્પણમાં ચહેરો જોયા કરો, સુંદર બન્યા કરો એ શું સૂચવે છે ? દર્પણ પર ધૂળના થર બાઝી ગયા છે એ શું સૂચવે છે ? સ્વમાંથી ઊડી ગયેલો રસ આપણને બીજા કશામાં કેટલો રસ પાડી શકે ?

હકીકતમાં દરેકને જુદી જુદી બાબતોમાં રસ હોય છે. સંગીતમાં, ક્રિકેટમાં, ફિલ્મોમાં, રાજકારણમાં, સાહિત્યમાં, ચિત્રમાં, ફેશનમાં, ફરવામાં, પૈસામાં, ગૃહવ્યવસ્થામાં.... દરેક પોતાના રસના ક્ષેત્રમાં જ્યારે સાચેસાચો રસ લે છે ત્યારે તેની સર્જકતા નીખરે છે. એનું અસ્તિત્વ પણ ખેતરમાં પાક લહેરાતો હોય એમ લહેરાઈ ઊઠે છે.

થોડા વખત પર વિશિષ્ટ પ્રકારના આવતા ભવિષ્યકથનમાં મેં મારું ભવિષ્ય વાંચ્યું. 'હમણાં સર્જનશીલ બનવા માટે અનુકૂળ સમય છે. કોઈપણ ક્ષેત્રમાં રચનાત્મક બનશો તો આનંદ પડછાયાની જેમ તમારી પાછળ આવશે.' સર્જનનો હેતુ સાંસરિક ન હોવો જોઈએ, નહિ તો એ સર્જન નહિ રહે. બીજાઓ તમારા સર્જનની પ્રશંસા કરે એવી આશા સૂક્ષ્મ લક્ષ્ય ન બની જાય એની સાવધાની રાખો. સર્જન પોતે જ એક પૂર્ણ કાર્ય છે. અથવા તો જે કાર્ય સ્વયં પોતે પૂર્ણ છે એ સર્જન છે. એ કાર્ય કર્યું છે એમાં કોઈ ફરક નથી પડતો. ઝાડુ વાળવું અને રોટલી શેકવી પણ સર્જનાત્મક બની શકે. સિતાર વગાડવી અને ચિત્રકામ કરવું પણ તનાવગ્રસ્ત બની શકે. બધું તમારા પર નિર્ભય છે.'

નાનું બાળક રેતીના ઢગલામાં ઘર બનાવે છે અથવા સાવ નકામી વસ્તુને રમકડાંની જેમ રમી શકે છે ત્યારે એનું સર્જકત્વ એના ગાલની ગુલાબી નિર્દોષ ઝાંય જેવું લાગે છે. આપણે પણ કોઈ કાર્ય સાચા રસથી કરતાં હોઈએ ત્યારે સર્જનનો નિજાનંદ પામતા હોઈએ છીએ. નાનીનાની વાતોમાં છુપાયેલાં સર્જનતત્વની આપણને ખબર પડતી નથી એટલે આપણે એવાં નિજાનંદથી બહુધા વંચિત રહીએ છીએ. બાકી તો સર્જનહારની સર્જનલીલા તો સતત ચાલતી જ રહે છે. એને હર પળ નવાં અંકુર વિકસાવવાનો, ગુલાબી કળીઓ ખીલવવાનો, ખળખળ નદી કે ઝરણાં વહાવવાનો, આકાશમાં કેસરી રંગો ચીતરવાનો, વાદળ થઈ વરસવાનો, કાળા અંધકારમાં ટમટમવાનો, આદિવાસી કન્યાના ઉદરમાં ધબકવાનો કદી કંટાળો આવતો જ નથી !! નાનકડું પક્ષી તેના માળામાં ઈંડા મૂકે અથવા ડુક્કર નવ દસ બચ્ચાં જણે એ પણ એક સર્જન જ છે. કોઈ લાકડાના ચૂલા ઉપર અદ્દભુત મીઠાશભર્યા રોટલા બનાવે એ પણ સર્જન જ છે. કોઈ ડાંગરના ધરુ રોપ્યા કરે, કોઈ નદીમાં હોડી તરાવ્યા કરે, કોઈ ખેતરમાં લીલીછમ ઓઢણી ફરકાવ્યાં કરે, કોઈ અમથુંઅમથું હસ્યા કરે, એ પણ સર્જન જ છે. સર્જનનું આકાશ વિશાળ કોરા કેન્વાસ જેવું છે. આપણી પાસે પીંછી અને રંગ પોતીકાં હોવા જોઈએ.

## [16] ઝાડને કોણ મારે છે ? – રીના મહેતા

હીંચકા ઉપર ઝૂલતાં નીરવ એકાંત વચ્ચે થોડે દૂરથી એકધારો ઠક્ ઠક્ ઠક્ અવાજ સંભળાય છે. નાનો વેદાંગ પૂછે છે : 'મમ્મી, ઝાડને કોણ મારે છે ?' હું જોઉં છું તો થોડે દૂર બાવળના વૃક્ષ ઉપર કોઈ માણસ કુહાડી વીંઝી રહ્યો છે.

ઝાડને કોણ મારે છે ? – કેવો વેધક પ્રશ્ન ! મારાથી પચ્ચીસેક ફૂટ દૂર જ એક ઝાડ કશાં કારણ વિના કપાઈ રહ્યું છે. માણસને બધું જ નડી શકે. માણસ પણ, વૃક્ષ પણ ! થોડીવારમાં તો આકાશનો એક લીલોછમ ખૂણો ખાલીખમ થઈ ગયો. રાત પડતાં તો મૃત્યુ પામેલા વૃક્ષના દેહમાંથી કોઈ વિશિષ્ટ ગંધ પણ આવવા માંડી. કાળા અંધકારમાં જાણે લીલો સોપો પડી ગયો.

હતું તો એ બાવળનું કાંટાળું ઝાડ ! આપણી જાણ બહાર આપણને ઘણાંના સહવાસની ટેવ પડી જાય છે. નિર્જીવ વસ્તુઓ, પ્રાણીઓ, માણસો.... બસ, એમ જ આ વૃક્ષને જોયા કરવાની અમથી આદત પડી ગઈ હતી મને. કોણ જાણે મારી જેમ કોયલને પણ આ કાંટાળું વૃક્ષ ગમતું હતું. હવે ઉનાળો આવ્યાની ગામ પહેલી ખબર અમને નહીં પડે. કોયલ તો બીજું વૃક્ષ શોધી લેશે, પણ અમે ? ટહુકાથી ભરેલો વાસંતી સાળુ ફર ફર લહેરાતો-વીંટળાતો –

ક્યાં શોધીશું ? વરસાદમાં આમતેમ ડોલતું, વાવાઝોડામાં બેવળ વળી જતું – ટકી જતું, સવાર-સાંજ અજાણપણે અમારી નજરને હરીભરી રાખતું એક વૃક્ષ સાવ નાનકડું ઠૂંઠું બની ગયું છે. જે હાથ-પગ અને માથા વિનાના ધડ જેવું લાગે છે !

વૃક્ષો બહુ ગમે છે. ગણવા જેવા માણસ સમાં લાગે છે. પણ આમ તો, નથી કોઈ આંબો મળ્યો કે કેરી તોડવાના રસભર્યા લ્હાવા લઈએ, નથી કોઈ આંબલી મળી કે કાતરાં પાડીએ, નથી કોઈ વડલો મળ્યો કે વડવાઈએ આકાશ સુધીના હીંચકા ખાઈએ ! બાળપણ તો લગભગ સાવ વૃક્ષવિહીન. ડામરની સડકો પર વૃક્ષો ક્યાંથી ? માત્ર થોડે દૂર એક પારિજાતનું ઝાડ હતું. લગભગ રોજ સવારે વહેલા ઊઠી નાનકડી ટોપલી લઈ પારિજાત જેવી જ કોમળ બાળસખી ઈના સાથે ફૂલો વીણવા દોડી જતી. સવારની રમણીય હવામાં કેસરી દાંડલીવાળા એ દિવ્ય સુગંધિત પુષ્પોની ઓઢણી અમે બંને હળવેકથી ઓઢી લેતાં.

વરસાદ હોય કે કડકડતી ટાઢ, અમે રોજ ફૂલ વીણવા જતાં જ. ફૂલના ગજરા ને હાર બનાવતાં. પારિજાતનાં ઢગલાથી દેવમૂર્તિ પણ ઢંકાઈ જતી. ભગવાનને તો આઠ-દસ ફૂલોય ચાલે – બા કે દાદી ટકોરતાં. પણ અમારું લોભિયું બાળમન ખરેલાં બધાં જ ફૂલ વીણી લાવતું. પછી ઈના બીજે રહેવા ચાલી ગઈ. ફૂલો તો ત્યાં ટપ ટપ ખરતાં રહ્યા, પણ એ વીણવા જવાની મારી વય ચાલી ગઈ. વર્ષો સુધી એ વૃક્ષ ત્યાં રહ્યું. પણ મારાથી એની પાસે ન જ જવાયું. કોઈવાર બપોરે કે સાંજે રડ્યાંખડ્યાં ચીમળાયેલાં એક-બે ફૂલ દેખાઈ જતાં. ને એક દિવસ ત્યાંથી પસાર થતી વેળા હમેશની જેમ ઊંચું જોયું તો ત્યાં ન વૃક્ષ હતું, ન ડાળ. ખાલીખમ આકાશ કરમાયેલાં પુષ્પોની નિરમાળ જેવું દીસતું હતું.

પણ અહીં આવ્યા પછી વૃક્ષો મારાં સ્વજન બની ગયાં. જેમ ભરવાડ પાસે વીસ-પચ્ચીસ ઘેટાં-બકરાં કે બે-પાંચ ગાય-ભેંસ હોય એમ મારી પાસે એક લીમડો, એક દાડમડી, મધુમાલતી-જૂઈની લતા, સાત-આઠ તુલસી, બે ગુલાબ, બે બારમાસી અને એક ટગરી છે. વળી, પારિજાતનો પ્લાસ્ટિકની કાળી કોથળીમાં મૂકેલો રોપો પણ છે.

જાણે સદેહે પારિજાતનું વૃક્ષ મારે ત્યાં આવ્યું છે ! હજી એને ક્યારીમાં રોપ્યું નથી છતાં મારા મનમાં ને મનમાં મોટું થવા માંડ્યું છે. છેક વાદળને અડે છે. હવામાં એનાં પર્ણો ફરફરે છે. પક્ષીઓ એની ઉપર માળા બાંધે છે. સવાર પડતાં આખા વાડામાં પારિજાતની શ્વેત ચાદર પથરાય છે. ટોપલી લઈ નાની બાલિકા બની હું ફરી એ ફૂલો વીણું છું ને મારી આંખમાંથી ટપ ટપ પારિજાતનાં સ્મરણો ખરે છે. વૃક્ષને ભેટવાનું-વીંટળાવાનું મને બહુ મન થાય છે. લીમડાના ખાસ્સા ઊંચા વૃક્ષનું થડ ઠીક ઠીક જાડું પણ છે પરંતુ એને વળગીને ઊભા રહેવાય એવી જગ્યા નથી. ક્યારેક જ એની પર હથેળી પસરાવાય છે. દાડમડીનું થડ તો હજી થડ જ બન્યું નથી ! છતાં એની પર પાંચ-સાત દાડમ અને એના કેસરિયાળાં ફૂલ ઝૂમતાં હોય છે. મહિને એકાદ વાર પીળું-રતાશ પડતું દાડમ સ્ટૂલ ઉપર ચઢી મારા પોતાના હાથે તોડું છું. એક ફળનું આપણે ઘેર ઊગવું – એ રોમાંચથી ભરીભરી ક્ષણો દાડમના દાણા જેવી જ સુંદર લાલચટક લાગે છે. ઝાઝું ન ભાવતું દાડમ ભાવતું બની જાય છે !

‘ઓશો ટાઈમ્સ’ માં રજનીશજીના બાળપણની સ્મૃતિકથા આવે છે. બાળપણમાં ઓશો એક વટવૃક્ષ પાસેથી વારંવાર પસાર થતાં પણ એમનું ખાસ કંઈ ધ્યાન નહિ. એકવાર ઉનાળામાં ત્યાંથી પસાર થતાં અચાનક જ વૃક્ષ નીચે ઠંડક લાગતા ત્યાં બેઠા. પછી તેના થડને સ્પર્શ કર્યો અને એકદમ જ આનંદિત થઈ ઊઠ્યા ! વૃક્ષ અને એમની અંદર કશુંક બન્યું. બસ, એ દિવસથી બંને વચ્ચે ગાઢ સંબંધ બંધાઈ ગયો. રોજ એ વૃક્ષ પાસેથી પસાર થતી વેળા એને સ્પર્શ કરતા. પછી, વધુ અભ્યાસાર્થે ઓશોને બીજા શહેરમાં જવાનું થયું. માતા-પિતા અને સ્વજનોની વિદાય લેતી વેળા ઓશોની આંખમાંથી આંસુનું એક પણ ટીપુંયે ન આવ્યું. ઓશો કહે છે : ‘હું કદી રડતો નહીં. કોઈવાર શિક્ષા થતી તો હાથમાંથી લોહી નીકળે છતાં આંખમાંથી એક ટીપું ન નીકળતું. મને ખૂબ વહાલી નાની બહેન કે મને લાડથી ઉછેરનાર નાનાજીના મરણ વખતેય હું રડ્યો નહોતો. પરંતુ જીવનમાં ફકત એક જ વાર રડવું આવ્યું – તે આ વૃક્ષની વિદાય લેતા. હું રડતો હતો ત્યારે મને લાગ્યું કે વૃક્ષનાં આંસુ પણ વહે છે. મેં એને સ્પર્શ કર્યો તો મને એની ઉદાસી અનુભવાઈ. વાસ્તવમાં હું એ વૃક્ષને છેલ્લીવાર મળી રહ્યો હતો. એક વર્ષ પછી હું પાછો ફર્યો ત્યારે કોઈ સ્મારક બનાવવા માટે એને કાપી નાંખવામાં આવ્યું હતું !

એકવાર ભયંકર વાવાઝોડામાં કડડડ…. કડાકાભેર અમારો વહાલો લીમડો તૂટી પડ્યો હતો. કાળી ડીબાંગ મેઘલી રાતે એનો ચિત્કાર અમારા હૃદય સોંસરવો, વીજળીની જેમ ઊતરી ગયો હતો. અત્યારેય મારી નાનકડી વૃક્ષ દુનિયા ઉપર કુહાળી તોળાઈ રહી છે. ગટર યોજનાના ભાગ રૂપે અનિવાર્યપણે આ વૃક્ષો કદાચ ધરાશયી થઈ જશે ! અને તે સાથે જ મનોમન એની ઉપર પક્ષી બની મેં બાંધેલા કેટલાયે માળા શીર્ણવિશીર્ણ થઈ જશે, કેટલાંયે ઈંડાં ફૂટી જશે, કેટલીયે પાંખોનો ફફડાટ પીંછામાં તરતો તરતો હવામાં ઓગળી જશે….

બાળકો ફૂલ કે પાંદડાં આડેધડ તોડે છે ત્યારે એમને સમજાવું છું કે ઝાડમાં પણ જીવ હોય છે, એને પણ દુઃખ થાય. તમને કોઈ મારે ત્યારે કેવું વાગે ? એવું જ એમનેય વાગે…. દ્વિજા એની છાતી પર હાથ મૂકી પૂછે છે : ‘એનામાં પણ આવા ધક-ધક થતાં ભગવાન હોય ?’ હું હા પાડતાં કહું છું – ‘એની ડાળીઓ એ એના હાથ છે. મૂળિયાં એના પગ છે. ખુશ થાય ત્યારે એ તારી જેમ ડોલે છે.’ ને દ્વિજા ડોલતી ડોલતી ત્યાંથી ચાલી જાય છે છતાં હું જાણે બોલતી જ રહું છું – એના હાથને પર્ણોરૂપી, ફૂલોરૂપી આંગળીઓ ફૂટતી રહે છે. આંગળીઓ એ હલાવે છે અને હવાને રમાડે છે, સુરભિત કરે છે, કોયલ સાથે આખું આભ ભરીને એ ગીત ગાય છે, ચકલીની નાની પાંખમાં એ ઊડતું ઊડતું વાદળને મળી આવે છે, શિયાળુ સાંજે ઠંડીમાં ઠૂંઠવાઈ માળામાં જંપી જાય છે. સવારે સૂર્યના કિરણમાં ન્હાય છે. વરસતા વરસાદમાં એનાં પર્ણો છબછબિયાં કરે છે. ઓશોની જેમ મારો સ્પર્શ પણ એ પામી શકે છે. એકલું હોય ત્યારે મને ભેટીને રડે છે, હસે છે, મારી વાત સાંભળે છે. કુહાડીના સ્પર્શે એને પણ લોહીની ટશર ફૂટે છે. કોઈના ખભા વિના એ માટી પર ઢળી જાય છે – પેલા પારિજાત કે બાવળ કે ઓશોના વૃક્ષની જેમ. પણ મારા વહાલા લીમડાની જેમ એના રહી ગયેલાં – બચી ગયેલાં ઠૂંઠાને પણ નવી કૂંપળ ફૂટી શકે છે. ફરી એ આકાશનાં ગીત ગાઈ શકે છે.

## [17] મારી ગોદડીને હૂંફના ટાંકા – રીના મહેતા

આ ટાઢી-ટબૂકલાં જેવી વાદળ છાઈ બપોરે સૌથી ગમતી વાત કઈ ? ગોદડામાં ગોટમોટ ઢબુરાઈ જવું તે. બે-ત્રણ દિવસથી ખૂબ ઠંડો પવન ફૂંકાઈ રહ્યો છે. પાછળ દૂર દૂર સુધી ખુલ્લું મેદાન છે, તેથી અહીં શિયાળાની અનુભૂતિ સઘન છે.

મને જાડા, શરીરથી અધ્ધર રહેતાં ગોદડાં પહેલેથી જ ન ગમે. વર્ષોથી હું જૂનાં સુતરાઉ લૂગડામાંથી હાથે સીવેલી ગોદડી જ ઓઢું. પરણીને આ ઘેર આવી ત્યારે અહીં આવી એક્કે ગોદડી નહિ. હા, હૂંફાળો, સુંવાળો, નવા જ પ્રકારનો અમેરિકાનો ધાબળો ખરો. તેની ઉપર સૂર્ય, પક્ષી વગેરેનું આકર્ષક ચિત્ર પણ ખરું. થોડક વખત એ ઓઢવાનો રોમાંચ પણ માણ્યો. પણ જેવો શિયાળો ગયો કે એ ય ગડી કરી મૂકી દેવાયો. પછી બા આપમેળે જ સમજી ગઈ હશે તે એણે એની ગોદડી સીવવાની સર્વ કળા વાપરીને એક અદ્દભુત ગોદડી બનાવી. આ ગોદડીમાં એક્કેય જાડું કપડું ન લેતાં જૂની રેશમી – ગરમ શાલો જ વાપરી. વળી, તેની ઉપર દાદાનું એમના લગ્ન સમયનું કસબી કોરવાળું કિરમજી રંગનું રેશમી અબોટિયું લઈ ખોળ ચઢાવી. હજી પૂરા ટાંકા દેવાય એ પહેલા જ હું 'ટાંકા ઘેર મારીશ' કહી એ લઈ આવી. એની રેશમ જેવી સુંવાળપ એટલી લોભામણી કે ટાંકા દીધાં વિના જ એને ઓઢી લીધી. પણ પેલું દાયકાઓ જૂનું જર્જરિત અબોટિયું થોડા જ વખતમાં સાવ જર્જરિત થઈ ફાટવા લાગ્યું. મેં ગોદડી પર બીજી ખોળ કરી. આઠ વર્ષમાં તો એ ગોદડી પર ખબર નહિ કેટલી ખોળ ચઢાવી ? પણ આશ્ચર્યની વાત તો એ હતી કે આટલી ખોળો ચઢી છતાં ગોદડી એવી ને એવી હલકીને સુંવાળી રહી !

ગોદડી બનાવવાનો રિવાજ અમારે ત્યાં પરંપરાગત છે. અમારા ચંદનબાએ આખી જિંદગીમાં કેટલી ગોદડી બનાવી હશે ! જ્યારે નવરાં પડે ત્યારે કંઈક સીવતા જ હોય ! તેઓ અને બાપુ ઘરમાં બે જ જણ તોયે આખો ડામચિયો ભરેલો ! એમાંયે વધારે તો દાદીએ સીવેલી ગોદડીઓ જ. દાદી અડોશ-પડોશમાં કે સગાવહાલાંનેય ગોદડી સીવી આપે. એ ઘર ખાલી થયું ત્યારે જ મેં સીસમના લાકડાનો ખાલીખમ ડામચિયો જોયો. રૂવાળી રજાઈઓ ને ગાદલાં તો અમે સુરત લઈ આવ્યાં પણ દાદીએ સીવેલી ગોદડીઓ વહેંચી દીધી ને ખાલી ડામચિયો ય વેચી દીધો.

પણ તો શું થયું ? સુરત આવ્યાં ને થોડાં જ દિવસમાં તેમણે સોય-દોરો હાથ ઝાલ્યો. બા કદીક ગોદડી સીવતી ખરી પણ દાદી તો રોજ નમતે પહોરે હું ઑફિસથી આવું ત્યારે મોતિયાવાળી આંખે ચશ્માં ચઢાવી સીવવાનો પથારો પાથરી કોઈ પણ ખંડમાં મગ્ન બેઠાં હોય. જાણે મારા આવવાની જ રાહ જોતાં બેઠાં હોય એમ ચપ્પ દઈ મારી તરફ લાંબી-મોટી સોય અને પતંગનો ધોયેલો, જાડો દોરો ધરી કહે, 'લે ને બુન ! આ પરોવી આલ ને...' થોડી વાર રહીને પાછી એમની પાસેથી પસાર થાઉં કે ફરી સોય-દોરો ધરે. કદીક જાણે મને એટલો સોય-દોરો પરોવવાનોય સમય ન હોય એમ હું સહેજ કંટાળાથી કહું : 'આ શું આખો દિવસ સીવ-સીવ કર્યા કરો છો ?' ત્યારે એ જાડાં અવાજે હસતાં, લાંબે રાગે કાંઈક જવાબ આપવા માંડે તે પહેલા તો હું ખંડ વળોટી ગઈ હોઉં. મને એ પણ યાદ ન આવે કે એમણે ડામચિયા ઉપર ગોઠવેલાં ગોદડીઓના પોચા ડુંગર પર ચઢવાની – કૂદવાની

કેટલી મજા મેં માણી હતી. એ ડામચિયા પાછળની જરીક અમથી જગ્યામાં અંધારું રહેતું. હું ત્યાં ઘણીવાર સંતાઈ જતી.

સુરત આવ્યા પછી વરસ પણ ન થયું અને દાદી દાદર પરથી પડી ગયાં. સાવ પથારીવશ થઈ ગયાં, પણ પછી સ્વબળે લાકડીના ટેકે ચાલતાં થયાં. જરા ઠીક લાગ્યું કે ફરી એમના હાથમાં સોયદોરો ! હવે શું સીવે ? પોતાના ઓશીકાનું કવર, સાલ્લા ને થીંગડા, કબજાને બટન વગેરે…. કેમકે હવે કદી તેમનાથી જમીન ઉપર તો બેસાવાનું જ નહોતું. બેસ્યા વિના ગોદડી પાથરીને કઈ રીતે સીવે ? હવે ઉપરને બદલે નીચેના મોટામસ રૂમમાં સાવ એકલાં, લાકડાની ખુરશી કે પલંગ પર બેઠાંબેઠાં કદીક શિક્ષાપત્રી વાંચે, કદીક માળા કરતાં હોઠ ફફડાવે, કદીક પોતાની જમવાની થાળી ભગવાનની છબીને ધરી આરતી ગાય, તો કદીક સીવે. ઘણીવાર દોરાની રીલ કે ગૂંચળું નીચે પડી જાય તે લેવા વાંકા વળી હાથ લંબાવે. તેમનો હાથ નીચે રીલ સુધી પહોંચે નહિ. લાચાર લટક્યાં કરે. એવામાં મારાં કે કોઈનાં પગલાં સંભળાય કે ચપ દઈને કહે, 'જો તો દોરો ક્યાં દડી ગયો છે ?'

તેમણે સીવેલી કેટલીય નાની ગોદડીઓમાં હું સૂતી હોઈશ. કેટલીય મોટી ગોદડીઓ મેં ઓઢી હશે. છેવટે આ ક્રમ મારી દીકરી સુધીયે ચાલ્યો. દ્વિજા આવવાની હતી એ પહેલા મેં અને બાએ હરખભેર ઘણી ગોદડીઓ સીવી હતી. અમે ઉપર અને તેઓ નીચે એકલાં હોય. હું નીચે જાઉં કે અચૂક ખબર-અંતર પૂછે. એક દહાડો કહે, 'લે, આ દોરો પરોવીને આપને ?' રાતની બત્તીના અજવાળામાં મેં પૂછ્યું : 'હવે શું સીવવું છે ?' તો મલકાતા મોઢે કહે : 'ગોદડી.'
મેં કહ્યું : 'અમે સીવી છે. ના સીવતા.'

આ વાત હું તો ભૂલી ગઈ. પણ, બે દિવસ રહીને એમણે હું નીચે ગઈ કે ધ્રૂજતા હરખાતા હાથે મારા હાથમાં બે નાની નાની ગોદડીઓ મૂકી. મારી અંદર એકદમ હૂંફનો ડૂમો ભરાઈ ગયો. જાતે માંડ ઊભા થતાં, સંડાસ જતાં કે નહાઈ શકતા એવાં એમની પલંગની થોડાક ફૂટની લંબચોરસ જગ્યામાં જ બધી દુનિયા હતી. ગોદડી સીવવા માટે એમણે અમારી પાસે કંઈ કપડુંયે માગ્યું નહોતું. પોતાના ઓશીકાના જૂના કવર વગેરે ધોવડાવી એને ધ્રૂજતે હાથે – ઝાંખી આંખે વાંકા-ચૂંકા ટાંકા દઈ બે ગોદડી તૈયાર કરી હતી. આ બે દિવસ એમણે એમની શિક્ષાપત્રીએ વાંચી નહીં હોય. બાએ હસતાં હસતાં કહ્યું : 'ઘણી ગોદડીઓ છે, શું કામ સીવી ?' ફરીએ જ જાડું હાસ્ય. અમે સીવેલી નવજાત શિશુ માટેની સુઘડ ગોદડીઓ આગળ આ લીલાં, જાડાં કપડાંવાળી ગોદડીઓ તેમની અતિપ્રિય છીંકણીની ગંધથી આવરાયેલી હતી. વળી તૈયાર, આકર્ષક સ્પનની ગોદડીઓય હતી. છતાં ક્યાંય સુધી મેં પેલી લીલી ગોદડીઓ પર દ્વિજાને સુવડાવી. પછી જૂની થયે એની ઉપર ખોળ પણ ચઢાવી અને 'દાદીએ સીવેલી ગોદડી' ની તેની ઓળખ પણ ઢંકાઈ ગઈ. જેમ હું મોટી થઈ ને એમની સીવેલી નાની ગોદડીની બહાર ચાલી ગઈ એમ એ ગોદડીની બહાર દ્વિજા પણ ઘૂંટણિયા કાઢી ચાલી ગઈ. પછી ગોદડીયે કોઈને આપી દીધી.

આ બધું યાદ કરતી હતી ત્યાં જોયું કે બાએ મને લગ્ન પછી આપેલી પેલી પોચી ગોદડી ઉપર દાદીનાં જ લૂગડાંની ખોળ છે. દાદી મરણ પામ્યાં પછી થોડાં જ વખત બાદ બાએ એમનું આ સારું લૂગડું આપ્યું, તેની મેં ખોળ કરી હતી. એ ઓઢીને પહેલી વાર સૂતી ત્યારે જાણે દાદીના ખોળાનો ભાસ થયો. પરોવી આલ ને ! આ

ખોળ ફાટી જશે એટલે એની ઉપર નવી ખોળ કરીશ. પછી અંદર દાદીના લૂગડાંની યાદ પણ ઢંકાઈ જશે. બાળપણમાં ઘણીવાર ગોદડીનાં પોલાં થયેલાં ટાંકા કે ફાટેલી ખોળમાં અંદર કપડું ખેંચી જોતી કે આમાં કયું લૂગડું કે કયું કપડું છે. ત્યારે ઘણીવાર પારવાર આશ્ચર્ય થતું કે અરે ! આમાં તો આ લૂગડું છે ! આ માં તો આ કપડું છે ! આના પહેલાં આ ખોળ હતી ?

આપણે પણ એક પછી એક પડ-ખોળ ચઢાવી દીધેલી ગોદડી જેવા નથી હોતા ? ક્યારેક પોલા ટાંકાની અંદર ડોકિયું કરીએ તો આશ્ચર્ય કે દુ:ખ કંઈ પણ થાય કે આ હતું ? આ હતું ? ક્યારેક એ જોવાની હિંમત નથી ચાલતી તો પોલો ટાંકો સોય-દોરો લઈ સીવી નાંખીએ છીએ.

## [18] તાળું અને ચાવી – રીના મહેતા

ઘરની દાયકાઓ જૂની પરંપરા મુજબ લોખંડના મોટા પીપડામાંથી ચોખા કાઢી મોટી-પહોળી ચાવી ફેરવી તાળું મારું છું ને કોઇ બોલી ઉઠે છે: ‘અનાજને તાળું ? અરરર…’ સાબુવાળા પાણીમાં ભૂંગળી વડે ફૂંક મારી ઉડાવાતા પરપોટાઓની જેમ એ અરરર.. ઉદગારોના પડઘા મારી આસપાસ ફર્યા કરે છે. ચાવીને ખીંટીએ લટકાવી ટાઢે કલેજે મારો હાથ બીજા કામમાં પરોવાઇ જાય છે. પીપડાની અંદરનું અનાજ, એનાં સેંકડો કણ કશી ફરિયાદ નથી કરતાં. કીડીને કણ અને હાથીને મણ તો ઉપરવાળો આપતો જ રહે છે. પણ આપણને મનુષ્યોને એની ઉપર વિશ્વાસ નથી તેથી અન્નદેવતાને તાળામાં પૂરીએ છીએ.

તાળું કંઇ બહુ ગમે એવું તો નથી જ હોતું. ઘણાને તો એનો ખાસ્સો અણગમોય હોય છે. કોઇના ઘેર હોંશભેર જઇએ અને તાળું લટકતું હોય તો આપણને કેવી લાગણી થાય? અમારી સોસાયટીમાં તો ઘરમાં માણસો હોય તોય અંદરથી જાળીએ તાળું મારવાનો ચાલ છે. શાંત સોસાયટીમાં બપોરે બધે તાળાં લટકતાં ચોકી કરતાં હોય. કોઇ આવે એટલે ઝટઝટ ચાવી લઇ દોડીએ. ‘કેમ તાળું મારી રાખો છો?’ એવું આવનાર પૂછે ત્યારે છોભીલા પડવા જેવું પણ થાય.

હમણાં એક્વાર જૂનાં વાસણો ભેગાં પિત્તળના એક બેડામાંથી સેંક્ડો ચાવીઓના ઝૂમખાંના ઝૂમખાં મારા હાથમાં આવે છે. નાની-મોટી, ખૂબ નાની- ખૂબ મોટી, પહોળી-અંદરથી પોલી જાતજાતની-ભાતભાતની ચાવીઓ જોઇ આશ્ચર્યમાં ગરકાવ થઇ જાઉં છું. રમૂજની વાત તો એ હતી કે આટલી બધી ચાવીઓમાંથી એકેકેનું તાળું અમારી પાસે નથી. જોકે એ સારું જ હતું, નહિ તો કયા તાળાની કઇ ચાવી હશે તેની અનંત મથામણમાં અમે ડૂબી જાત. પણ આટલી બધી ચાવીઓ આવી ક્યાંથી? કદાચ પચાસ-સો વર્ષ પહેલાંના સંયુક્ત નાગર કુટુંબના વિશાળ ઘરનાં વિવિધ દ્વારોની, કોઠારોની, પેટી-પટારાઓની, કબાટોની આ કૂંચીઓ સચવાતી-સચવાતી પેલા બેડામાં ભેગી થઇ હશે. ભંગાર તરીકે કાઢી નાંખતા કોઇનો જીવ ન ચાલ્યો હોય. રખેને એનાથી કોઇ તાળું ઉઘડી જાય? રખેને કોઇ તાળું મળી આવે !

તાળું ઊઘડી જાય. અહાહા.....કેવી હળવાશ થઇ જાય ! તાળું ઊઘડે ને કેટલું બધું ઊઘડી જાય. તાળાં – જે કંઈક ઊઘડવા માટે છે – કંઇક બંધ કરવા માટે છે. ચાવી વિના તાળાં નક્કામાં. તાળાં વિનાની ચાવીયે નક્કામી. તાળાં કેટલો સીધોસાદો શબ્દ. પણ છે કેવાં અટપટાં. એની પોતાની ચાવી મળે તો જ ખૂલે, નહિ તો હઠીલા થઇ બંધ જ રહે. મોટાંમસ તાળાંયે હોય અને સાવ રમકડાં જેવાં તાળાંયે હોય. પણ નાનાં કે મોટાં, તાળાં એટલે તાળાં. તાળાં એટલે બંધ. તાળું ન ગમતું હોય છતાં માર્યા વિના ચાલતું નથી. કેટલાકને તાળા-ચાવી ખૂબ પ્રિય છે. પુસ્તકોના કબાટને પણ કાળજીથી નાનું તાળું મારવાની એમને મજા આવે. કેટલાક મનુષ્યોય તાળું મારેલા જેવા બંધ હોય છે અને કરુણતાની વાત તો એ છે કે પોતાની ચાવી પોતે પણ ખોઇ બેઠા હોય છે.

રામરાજ્યમાં કશે તાળાં મારવાની જરૂર નહોતી. કેવું સુંદર કે જ્યાં બધાં જ ઘરોના રમણીય દ્વાર સદાય ઉઘાડા રહેતાં હોય ! માત્ર ઘરને જ શા માટે, આપણે તો ભલભલાને તાળાં મારીએ. સાવ નાનકડા મનને પણ આપણે કેટકેટલા તાળાં માર્યા કરીએ છીએ ! મનનાં એક પછી એક દ્વાર ઉપર નાનાં-મોટાં તાળાં મારતા રહીએ છીએ. વળી આ બધાં તાળાં ની ચાવી સચવાય તો સચવાય. કદીક ડુપ્લીકેટ ચાવી પણ રાખવી પડે. પણ મનનું તો એવું છે કે તમે એના એક બારણે તાળું મારો તો બીજું બારણું ઉઘાડું. બીજા બારણે તાળું મારી હાશ કરી બેસો ત્યાં ત્રીજું બારણું ખુલ્લું. વળી, કેટલાંક બારણાં તો બંધ જ ના થાય તેવા અને કેટલેક ઠેકાણે તો બારણાં જ નહી હોય. ખુલ્લું સપાટ મેદાન હોય, ત્યાં કઇ રીતે તાળાં મરાય ? કેટલેક તો મેદાન પણ નહિ, અનંત ક્ષિતિજ દેખાય. તમે તેની પાછળ ચાવી લઇ લઇ ક્યાં સુધી દોડો ?

વળી, આ ચાવીઓ પણ પેલા પિતળનાં બેડાં જેટલી વધતી જ જાય. મનના કયા બારણાંના કયા તાળાની કઇ ચાવી છે તે ઢગલોક ચાવીઓના ઝુમખાંમાથી આપણે લગાવ્યા જ કરીએ. પણ કેટલાક વળી નિરાંત જીવવાળા હોય. આ તાળું માર્યુ એટલે માર્યું. પછી ખોલવાની શી ચિંતા? છોને રહેતું બંધ ! કેટલાક વળી કડાકૂટિયા તે ભળતીસળતી ચાવીથી ભળતાસળતાં તાળાં ખોલવાની કડાકૂટ કર્યાં જ કરે.... શી જરૂર છે તાળા અને ચાવીની મનને? છોને બારણાં ખાલી વાસી રાખો. પણ એટલુંય વાસવાની જરૂર શી? ઉઘાડાફટ્ટ રાખો કે પવન સરર....કરતો આવે ને જાય. આવે ને જાય. ગૂંગળામણથી તો બચાય અને તાળાં દીધે બધું બંધ થોડું થઇ જાય છે ? ને ચાવી લઇને બધું ઊઘડી થોડું જાય છે?

ઇશ્વરે આપણને પૃથ્વી પર કેવા નિર્વસ્ત્ર – તાળાં વિનાના તન અને મનવાળા મોકલ્યાં. ઇશ્વરે કયાં કશે તાળું માર્યું છે? એની આવડી મોટી ધરતી, એના આવડા મોટા – મોટા દરિયા, દૂર-દૂર વહેતી નદીઓ, ઝરણાં, અનાજથી ભર્યાંભર્યાં લહેરાતાં ખેતરો બધું જ ઉઘાડુંફટ્ટ છે. મનુષ્યનું ચાલે તો ખેતર ફરતે કાંટાળી વાડને બદલે દીવાલ ચણાવી ત્યાંયે બારણાં કરી તાળાં મારે.

પણ ઇશ્વર કશે તાળાં મારી શકતો નથી. સૂર્ય અને ચંદ્રની ઝળહળતી તેની જણસથી માંડીને માટીના નાના કણ કે હવાની ઝીણી લહેરખી ઉપર પણ તેણે તાળું માર્યું નથી. આકાશના અસીમ વિસ્તારમાં પક્ષીઓ ઊડ્યાં જ કરે છે. જમીન પણ ઇશ્વરે સૂક્ષ્માતિસૂક્ષ્મ છિદ્રોવાળી કરી છે તે નવાં નવાં ફણગાં ફૂટ્યાં જ કરે છે. અરે ! પથ્થર તોડીનેય તરણું ફૂટે છે, છતાં ખૂબીની વાત એ છે કે વગર તાળે બધાની ચાવી એના હાથમાં છે. અબજો

ચાવીઓથી ભરેલાં અનંત કદનાં પિત્તળનાં બેડાંમાંથી પલકવારમાં એ કોઇ ચાવી કોઇ અદશ્ય તાળાંને લગાવે છે અને શાંત સરોવરનાં જળમાં ધીરે રહીને કોઇ સુંદર કમળ ખીલી ઊઠે છે. સાવ ટચૂકડી ચાવી ફરે છે અને ધરતીના ખોળામાં ઝીણકું તૃણ હાથ – પગ હલાવી નાચવા માંડે છે. ઇંડું તુટે છે ને ગભરું બચ્ચું બહાર આવે છે. ગર્ભના અંધકારને ભેદીને બાળક જન્મે છે. વળી, પાછી ચાવી ઉલટી ફરે છે અને માણસના શ્વાસને તાળું લાગી જાય છે. એ પછી કદાચ ઇશ્વર એ ચાવી ફેંકી દે છે. ક્યારેક એ ચાવી કોઇ મનુષ્યના હાથમાં આવી જાય તો એ અનંત અપાર આકાશના ન દેખાતાં અનંતદ્વારોને એક જ ચાવીથી ઉઘાડતો- ઉઘાડતો, કાળા પ્રકાશમાં ઝળહળતા નિબીડ શૂન્યાવકાશમાં સરતો-સરતો, છેવટે ઇશ્વરના પેલા વિશાળ કદના પિત્તળના જૂના બેડા પાસે પહોંચી જાય છે અને હળવેકથી પોતે પણ બેડામાંની જ એક ચાવી બની ત્યાં ગોઠવાઇ જાય છે.

## [19] ખોવું અને શોધવું – રીના મહેતા

દર થોડાં કલાકે અથવા રોજ, રોજ નહિ તો દર બે-ચાર દહાડે, એમ નહિ તો પાંચ-સાત દહાડે મારું કંઈક ને કંઈક ખોવાઈ જાય છે. મારું નહિ તો ઘરના કોઈક સભ્યનું પણ એ શોધવું તો મારે જ પડે એવી સ્થિતિ સર્જાય છે. હવે, એ ખોવાયેલી વસ્તુ ગમે તેટલી નજીવી, નકામા જેવી હોય, પણ ખોવાવાની ક્ષણે, ઘરમાં એની આવશ્યકતા સર્જાય ત્યારે તો તે અતિ તાકીદની, અતિ અગત્યની વસ્તુ બની જાય છે.

વસ્તુ ખોવાવાની પણ ચોક્કસ અવધિ હોય છે. ક્યારેક વસ્તુ બે-ત્રણ મિનિટ માટે ખોવાઈ જાય છે, તોક્યારેક અડધો-પોણો કલાક માટે. ક્યારેક તે દિવસો સુધી જડતી નથી, તો ક્યારેક હંમેશ માટે ! અમુક વસ્તુનું તો નામ પડતાં જ મને ફાળ પડે છે : 'અરે ગઈ ! ખોવાઈ ગઈ !' કોઈ બહુ કિંમતી અથવા અગત્યની વસ્તુ જડતી ન હોય અને તેના હોવાના સંભવિત શકમંદ સ્થળોએ તેની પૂરી તપાસ થઈ ચૂકી હોય તો હું મારી માતા કે તેની માતાની જેમ સ્વબચાવ કરું છું. મારાથી જ ક્યાંક ઊંચે મુકાઈ ગઈ છે. સાચવીને કશેક ચોક્કસ ઠેકાણે મૂકી છે. પણ, યાદ જ નથી આવતું કે ક્યાં.....

આમ તો હું ખોવાયેલી વસ્તુને એની તાકીદ મુજબ શોધવાની તસ્દી લઉં છું. પહેલાં ચીજ ઉપર-ઉપરથી શોધી લઉં છું. યાદ કરવા મગજ કસું છું. પણ કશુંક યાદ આવતાં-આવતાં અટકી જાય છે. પછી સમય મળ્યે ત્રુટક-ત્રુટક શોધું છું. પછી યે ન જડે તો એક-બે કલાકનો વિસ્તૃત શોધ-યજ્ઞ આદરું છું. પછીયે ન જડે તો મન મનાવીને થોડો વિરામ લઉં છું. જો એ વસ્તુ વિના ચાલી જાય એવું હોય તો આ વિરામ થોડાં દિવસોનો કે થોડા મહિનાઓનો કે થોડાં વર્ષોનોય નીવડે છે.

અલબત્ત આ બધી વિગતોનો અર્થ એ નથી કે હું સાવ અવ્યવસ્થિત છું અને સતત બધું ખોયા અને શોધ્યા જ કરું છું. હકીકતમાં, હું દિવસનો કેટલો બધો સમય તો ઘર અને ચીજોને સમીનમી કરવામાં ગાળું છું. તે છતાં

વસ્તુઓ ખોવાતી અને સમયાંતરે મળતી રહે છે. વળી, આ ખોવાયેલી વસ્તુ મળ્યાનો આનંદ પણ જોડાજોડ મળતો રહે છે. મારું નિરીક્ષણ છે કે ઘણીખરી વ્યક્તિ આ પ્રક્રિયામાંથી પસાર થતી રહે છે. કેટલાંકનાં ઘર અને તેની તમામ ચીજો એટલાં બધાં વ્યવસ્થિત અને ચોક્કસ હોય છે કે થાય કે આમાં કોઈ વસ્તુને ખોવાવું હોય તો ક્યાં અને કેવી રીતે ખોવાય ? તેથી વિપરીત, કેટલાકનો તમામ અસબાબ એવો તો અસ્તવ્યસ્ત હોય છે કે આમાંથી કંઈ જડે તો કઈ રીતે જડે ?

વસ્તુ ખોવાઈ જાય એટલે કંઈ એને પગ નથી કે ક્યાંક ચાલી જાય. પણ, વ્યક્તિને તેનું સ્થાન યાદ ન આવે. ત્રીજી વ્યક્તિ તરીકે જ્યારે ખોવાયેલી વસ્તુ શોધવાની પ્રક્રિયાનું નિરીક્ષણ કરીએ ત્યારે રમૂજ જ થાય. વસ્તુ શોધનાર વ્યક્તિ પરસેવે રેબઝેબ, અકળાયેલી, તાણ કે ગુસ્સાથી ફાટ-ફાટ, મૂંઝવાતી, ધૂંધવાતી કે ન સમજાય તેવો બબડાટ કરતી, કદીક બીજી વસ્તુઓની ફેંકાફેંક કરતી, કબાટ ફેંદી કાઢતી અને છેવટે હાંફીને-હારીને ધબ્બ દઈ પંખા નીચે બેસી જતી જોવા મળશે. 'વસ્તુ ઠેકાણે મૂકતાં હો તો ? જ્યાંથી ચીજ લીધી ત્યાં પાછી મૂકવાની ટેવ નહિ તેથી આમ થાય…' વગેરે ઉક્તિઓ શોધનાર વ્યક્તિને ખોવાયેલી ચીજ શોધવા માટે વધુ ચાનક ચઢાવે અથવા ગુસ્સો કરે.

કેટલીક વસ્તુઓ તો ઈશ્વરે – ના, મનુષ્યે ખોવાવા માટે જ સર્જી છે. દાખલા તરીકે સોય-દોરો, પેન, પેન્સિલ-રબર, ચાવી, પાકીટ, સૅલોટેપ, ગુંદરની શીશી, અગત્યના કાગળો, બિલો, રસીદો, ચશ્માં, ચપ્પુ, કાતર, સેફટીપીન, ટાંકણી વગેરે…. ખોવાઈ જનારી વસ્તુઓ પણ તેના માલિક – ઉપયોગકર્તાના જુદા જુદા વર્ગ અનુસાર હોય છે. જેમ કે, પુરુષોના ચશ્મા, પાકીટ, પેન, રૂમાલ, મોજાં, ફાઈલ, કાગળ વગેરે ખોવાઈ જાય. સ્ત્રીનો તો સંસાર જ એટલો મોટો છે કે એમાં એના સિવાય બધું જ ખોવાઈ જઈ શકે છે. વળી, એને માટે મુસીબતની વાત તો એ છે કે બીજાઓની ખોવાયેલી વસ્તુ શોધવાની જવાબદારી પણ સવિશેષ એને શિરે હોય છે. સાડી પહેરવા માટે એ કબાટ ખોલે અને મેચિંગ બ્લાઉઝ શોધતા એને કલાકો થઈ જાય એવુંયે બને. જો કે એનાંયે પેન, પુસ્તક, પાસબુક, ચશ્માં, રૂમાલ વગેરે ખોવાઈ જઈ શકે છે. વૃદ્ધોને તપખીરની દાબડી, લાકડી, છત્રી, રોજ વાંચવાની ધાર્મિક ચોપડી, માળા, ચશ્માં, દવાની શીશી વગેરે ખોવાઈ જાય. બાળકોના નોટ-ચોપડી-રબર-પેન્સિલ વગેરે ખોવાઈ જાય.

આ ખોવાયેલી ચીજોનાં ખોવાવાનાં અથવા હોવાનાં અનેક સ્થળો હોઈ શકે છે. ઠાંસોઠાંસ ભરેલાં કબાટો, તેનાં અનેક ખાનાંઓ, પેટી-પટારાં, સૂટકેસો, મોટામસ માળિયાઓ, ગોખલા, ડબ્બા-ડુબ્બી, કોથળાં, કોથળી, થેલાં, શો-કેસ, ફ્રીઝની ઉપરની જગ્યા, અભરાઈ, પથારીની નીચે, તકિયા નીચે – ગમે ત્યાં પેલી ઝીણી અમથી વસ્તુ સંતાયેલી, મરક મરક હસતી બેઠી હોય છે. તમે પરસેવે રેબઝેબ બની જાવ, થાકીને ઠેં થઈ જાવ, સ્ટૂલ લઈ માળિયે ચઢવા જતાં ગબડી પડો…તોયે પેલી વસ્તુ જેનું નામ ! બોલશે જ નહિ કે હું અહીં છું. ક્યાંથી બોલે ? એને કંઈ જીભ છે ? પછી જ્યારે શોધવાનું માંડી વાળો તોય રહી-રહી મનમાં થાય કે ક્યાં હશે ? છેવટે જ્યારે એ વસ્તુની જરૂર જ ન રહી હોય ત્યારે તે અચાનક કોઈ ખૂણેથી પટ દઈ સામેથી મળી આવશે. તમે મોટેથી ઉદ્દગારી બેસશો : 'અરે ! આ તો અહીં છે ! હું નો'તી કે'તી કે છે ચોક્કસ !'

વળી, દરેકની ખોવાની અને શોધવાની ક્રિયા ભિન્ન છે. કેટલાંક વસ્તુઓ વારંવાર ખોઈ કાઢે છે અને શોધવાની સહેજે તસ્દી લેતાં નથી. મળશે એની મેળે, કહી નિરાંત જીવે બેસે છે. તેથી વિપરીત કેટલાંક જેવી વસ્તુ ખોવાય કે ચીલઝડપે શોધવા મંડી પડે છે. અહીં, ત્યાં, ઉપર, નીચે બધે જ તેમના હાથ, આંખ સર્વ શરીર ફરી વળે છે. તો વળી કેટલાંક નિરંતર કંઈ ને કંઈ શોધ્યા કરતાં દેખાય છે. મારી બા અને મારાં સાસુ, બંને જણ દિવસમાં અગણિત વાર કબાટ ખોલે છે. એમાંના અઢળક વસ્તુભંડારમાંથી કંઈક ને કંઈક કામનું અથવા કામ ન પડ્યું હોય તેવુંયે શોધે છે, પાછું મૂકે છે. બાનું કબાટ તો ક્યારેક કલાકો સુધી ઉઘાડું, વસ્તુઓ શોધવાનું મૂક સાક્ષી બની રહે છે. એ ક્બાટનું ચાલે તો જાતે જ એનાં દ્વાર બંધ કરી દે. ક્યારેક તો વાતો કરતી બા પોતે શોધતાં શોધતાં શું શોધે છે એય ભૂલી જાય છે અને મને પૂછે છે : ‘હું શું શોધતી હતી ?’

જ્યારે મારાં સાસુનું કબાટ અતિઝડપે ખૂલે અને અતિઝડપે બંધ થઈ જાય ! આ અલ્પસમય ગાળામાં તેઓ વસ્તુ લે અને મૂકે છે. કેટલીક વાર તો વસ્તુ ખોવાઈ ગઈ હોવાની શંકા પડતાં જ વસ્તુને શોધવા મંડે છે અને પછી પેલી ન ખોવાયેલી વસ્તુ મળી જતાં મોટો હાશકારો કે સંતોષ વ્યકત કરી લે છે. આમ તેઓ અતિ ચોક્કસ. બધી વસ્તુઓ તેના ચોક્કસ સ્થાને મૂકવાનાં દ્રઢાગ્રહી. વસ્તુ જ્યારે જોઈએ ત્યારે અંધારામાં હાથ મૂકો તોય જડી જવી જોઈએ એવો એમનો સિદ્ધાંત ! ‘અલી ! ફલાણું ક્યાં ગયું ?’ એવા તેમના અણધાર્યા પ્રશ્નાર્થે ઘણીવાર હું નવી વહુની માફક ઘાંઘી થઈ જાઉં છું ને વસ્તુ શોધવા મંડી પડું છું. એમની ચોક્કસતાના માપદંડમાં આ જગતમાં એમના સિવાય બીજું કોઈ મને જડતું નથી. પણ, જો એમના જેવી વ્યક્તિ પણ વસ્તુ-શોધ પ્રવૃતિમાં વારંવાર જોડાય તો આપણા જેવા સામાન્યનો તો શો છૂટકો ? તેઓ શોધવા બેસે ત્યારે જાણે જીવ પર આવી જાય, માંદા થઈ જાય, અમે ઘરનાં વઢીએ, પણ ના ! એ તો શોધે ત્યારે જ જંપે ! એમની શોધ-પ્રક્રિયા ઉપર તો હું શોધ-નિબંધ પણ લખી શકું !

સંઘરેલો સાપ પણ કામનો, ચપટી ધૂળનોયે ખપ પડે – આ બધી કહેવતો માણસની સંગ્રાહક વૃત્તિને વ્યકત કરે છે. જેમ વસ્તુઓ વધારે, એમ એ વધારે ખોવાય. ખોવાવું અને શોધવું, શોધવું અને ખોવાવું – બંને એકમેક સાથે અભિન્નપણે જોડાયેલા છે. જીવનભર આપણે કેટલુંયે ખોતાં રહીએ છીએ. માણસો, સંબંધો, મનગમતી ક્ષણો, મનગમતાં સપનાં, બાળપણ, યુવાવસ્થા, ચહેરાં-મહોરાં… કેટલુંક આપણે જાણી જોઈને ખોઈ નાંખીએ છીએ, તો કેટલુંક સમય ખોઈ નાખે છે. કેટલુંક આપણે આપણી જાણ બહાર ખોઈ દઈએ છીએ. કેટલુંક પેલી અગત્યની વસ્તુની જેમ બહુ ઊંચે, સાચવીને મૂકવા જતાં ખોઈ નાખીએ છીએ. આપણું આ બધું ક્યારેક કલાકો, દિવસો, અઠવાડિયાંઓ, મહિનાઓ, વર્ષો સુધી જડતું નથી. જે ખોઈએ છીએ એ જ શોધીએ છીએ એવું પણ નથી. જે નથી ખોતાં એ પણ બીકના માર્યાં શોધી લઈએ છીએ. વળી ક્યારેક શું શોધતાં હતાં એ પણ ભૂલી જઈએ છીએ.

હયાતીના આરંભથી અંત સુધી માણસ સુખ-દુ:ખ, આનંદ-શોક, પ્રિયજન, રોજી-રોટી વગેરે શોધે અને ખોવે છે. અધ્યાત્મમાર્ગીઓ પરમ આનંદ શોધે છે. કેટલાક પોતાના ‘સ્વ’ ની શોધમાં હોય છે. એ ‘સ્વ’ પણ કદીક એનાથી એવો ઊંચે, ચોક્કસ ઠેકાણે સાચવીને મુકાઈ ગયો હોય છે કે જડતો જ નથી.

## [20] ખરી પડે છે પીંછું – રીના મહેતા

ઢળતી સાંજે મારી પાસે ચકલીની પાંખમાંથી ખરી પડેલું પીંછું આવે છે. હું એને હાથમાં લઉં છું. વેદાંગ કદી પીંછાને અડક્યો નથી, તેથી તે આશ્ચર્ય અને થોડીક બીક અનુભવે છે. પીંછાને હું ફૂંકથી ઉડાડું છું પરંતુ એ સહેજ ઊંચે જઈ પાછું નીચે આવે છે. પીંછા પાસે પાંખ નથી, ચકલી નથી, આકાશ નથી. પીંછું એકલું નથી છતાં એકલું છે. એની પાસે હું છું પણ ચકલી નથી. પીંછાને મારી ફૂંકની નહિ, ચકલીની પાંખની જરૂર છે. મારી સફેદ-ગુલાબી, સપાટ હથેળીમાં બદામી-કથ્થાઈ રંગની ઝાંયવાળું પીંછું જાણે કશાકની રાહ જોઈને બેઠું છે પણ ચકલી તો અત્યારે માળામાં એનાં બચ્ચાંને ચણ ખવડાવતી હશે. એને તો પોતાનું એક પીંછું ઓછું થયાની ખબર પણ નહીં પડી હોય. પીંછું ખરી પડ્યા પછી પાંખમાં રહી ગયેલી જરાક અમથી ખાલી જગ્યા ચકલીને વર્તાઈ નહીં હોય કેમકે પીંછું તો હતું જ સાવ હળવું ફૂલ ! હળવું એટલે આ અધ્ધર ઝળૂંબેલા આકાશ જેવું કે હવા જેવું કે કંઈ નહિ જેવું ! નાનકી ચકલીને એનાં હોવા – ન હોવાની ખબર જ ક્યાંથી પડે ? કેમકે ચકલીને તો પોતાના હોવાનીયે ઝાઝી ખબર ક્યાં છે ? એ તો હળવીફૂલ ઊડ્યા કરે, બસ ! ઊડ્યા કરે.

મારી આંગળીઓ વચ્ચે પકડાયેલું પીંછું ક્ષણ પહેલાં તો ચકલીની પાંખમાં લપાઈને વરસાદમાં પલળીને થરથરતું હશે. કદીક ઠંડીના ઘેરાયેલા ધુમ્મસમાં ઠૂંઠવાતું હશે. કદીક ધૂળની ઢગલીમાં ફડફડ ફુવારા ઉડાડી નહાતું હશે. ડૂંડાથી ભર્યાં-ભર્યાં ખેતરમાં તડકાને ચક-ચક ચણતું હશે. ચકારાણાની ચાંચ એને ટોચતી હશે. વહેલી સવારે એ સૂર્યોદયનાં કેસરી ગીતો ગાતું હશે. ઝીણાં-ઝીણાં જીવડાં કે ઈયળ ખાતું હશે. નાનાં-નાનાં ઈંડાને હાથ પસવારતું હશે. એમાં પાતળા શ્વાસ સરકાવતું હશે.

હવે ચકલીની પાંખનો તંતુ નથી. ચકલીની આંખનો સેતુ નથી. ચકલીના પગના ઠમ્મક-ઠમ્મક ઠેકડા નથી. ચકલીની ચાંચનાં ટેરવાં નથી. માળાના લટકતા તાંતણે હીંચકા નથી. ફર્રર-ફર્રર ફૂટતો સમય નથી. સવાર નથી, સાંજ નથી, રાત નથી, દિવસ નથી. શ્વેત સળીમાં ઊતરી જતું સૂર્યનું કિરણ નથી. અંધકારનું રણ નથી. સાંજનું ફરફરતું ધણ નથી. ચણવા મળેલો ઝીણેરો કણ નથી. હવાની આરપારની ક્ષણ નથી. છે કેવળ સાંજ અને સફેદ-સપાટ હથેળી. છે કેવળ ફૂંક અને જરાક અહીંતહીં ફંગોળાવું.

ખર્યું છે પીંછું સહજપણે. ખરી છે સાંજ રોજિંદા ક્રમમાં. પીંછાનાં ઝીણાં-ઝીણાં રોમ હવામાં જરાક-જરાક હાલે છે. મારા હાથમાં આખું આકાશ ઝૂલે છે. પીંછું લઈને હું પહેરું છું. ધરતીમાં જડેલા મારાં મૂળિયાં વહેરું છું. એક જ પળમાં પીંછાને ફૂટે છે પાંખ. પાંખને ફૂટે છે આકાશ. બીજી પળે પીંછાને ફૂટે છે ચાંચ અને ફૂટે છે ચીંચીંકાર. પીંછું પહેરીને હું નવું-નવું ઊડતાં શીખેલા બચ્ચાનેએ જેમ બચૂકડા ઠેકડા ભરું છું અને ટચૂકડી ચાંચથી ચણું છું ફૂણી – ફૂણી જાર. ચકચક ચણતાં, ચીંચીં કરતાં, ખેતરમાં લહેરાતો લીલોછમ સાળુ ઓઢું છું ને વાયરાના હીંચકે હીંચું છું. હીંચકો તો મારો એ જાય પેલા ખુલ્લા આકાશે...... જ્યાં ઝીણેરી આંખથી વાદળની બારી હું ઘડી-ઘડી ખોલું ને મીંચું છું !

સાંજ પડે અંધારું ભેટવાને આવે ને ટોળાબંધ કલરવમાં માળા ભણી હુંયે ઊડું છું. માળાની હૂંફાળી પથારીમાં બચ્ચાં ભેળી લપાઈને કેટલાયે જન્મોની નીંદર માણું છું. નીંદરમાં આવે છે શમણાં ને ભડભાંખડું થાતાં તો ઊઘડે છે આકાશ. આકાશ ઊઘડે છે ત્યારે મારી ઊઘડે છે પાંખ. વાદળનાં ઝૂંડનાં ઝૂંડ મને હળવે રહીને પસવારે હાથ. એનો ઝાલું ઝાલું ને ઓગળે, બાપ રે બાપ ! આ આભ તો કેવડું મોટું ને ઊઘડ્યા કરે, બસ, ઊઘડ્યા કરે ! પાંખ મારી નાની તે ફફડ્યા કરે, બસ ! ફફડ્યા કરે ! નાની-નાની પાંખથી હું ઊંચે ને ઊંચે ઊડું છું, નીચે ને નીચે ઊડું છું. આગળ ને આગળ ઊડું છું, પાછળ ને પાછળ ઊડું છું. અંદર ને અંદર ઊડું છું, બહાર ને બહાર ઊડું છું.

ક્યાંય પહોંચવું નથી તોયે ઊડું છું. કશુંયે શોધવું નથી તોયે ઊડું છું. ઊડતાં ઊડતાં હું હાંફું છું. ઊડતાં-ઊડતાં હું થાકું છું. ને આકાશનાં એક પછી એક પડ ઓળંગતા-ઓળંગતા ખરતી જાય છે મારી ચાંચ ને ખરી પડે છે ચીંચીંકાર. ખરતી જાય છે મારી આંખ ને ખરી પડે છે ફર્રર ઠેકડા ને ફર્રર હિલ્લોળ. ખરતી જાય છે એક પછી એક પાંખ.... એક પછી એક પાંખ...

ને ઊડતાં-ઊડતાં હું પહોંચી જાઉં છું આકાશની બીજી તરફ. ત્યારે ખરી પડે છે આખું આકાશ. રહી જાય છે શૂન્ય હવામાં તરતું-તરતું એક પીછું.....આમ ખરી પડે છે પીંછું.......

## [21] વાત્સલ્યના હસ્તાક્ષર – રીના મહેતા

એક દિવસ ઘરે કોઈ વડીલનો પત્ર આવ્યો. આમ તો એમના ઔપચારિક લખાણમાં રસ પડે એવું કંઈ નહોતું. છેવટની થોડી બચેલી જગ્યામાં એમણે 'રીના ને યાદ, ભૂલકાંને રમાડજો' એવું લખ્યું હતું. પરંતુ ઓછી જગ્યા અને ઉપરનીચે લખાણને કારણે એક પળ મારી આંખને 'રીનાને રમાડજો' એવું વંચાયું. પહેલા તો રમૂજ થઈ. પરંતુ વળતી પળે ધીમે રહીને મારી આંખમાં ભીનાશનું વાદળ ઊમટ્યું. ભૂરી શાહીથી ધ્રૂજતા હાથે લખાયેલા, એક સરખા લખાણવાળા અનેક પત્ર એ ભીના વાદળની આરપારથી મારી નજરમાં સમાઈ ગયા.

દર વીસ-પચ્ચીસ દહાડે કે મહિને ધ્રૂજતા હસ્તાક્ષરવાળો એક પત્ર અચૂક આવતો. હું થોડું-થોડું વાંચતા શીખી ત્યારથી એ પત્ર અવશ્ય વાંચતી. શરૂઆતમાં 'રા.રા. શ્રી ફલાણા-ઢીંકણા' લખેલું હોય તે વાંચી બાને પૂછતી – 'રા. રા.' એટલે શું ? પછી હોય 'કપડવંજથી ગૌરીશંકર ગટોરભાઈ ત્રિવેદીના જય સ્વામીનારાયણ' પછી બધાંના ખબર-અંતર, સમાચાર હોય અને છેવટે સૌથી છેલ્લી 'રીનાને રમાડજો' – એવા બે શબ્દ અચૂક હોય જ હોય.

ઘરમાં હું સૌથી નાની એટલે મારું નામ નાની પડી ગયેલું, વળી, મોટો અને મોટી પણ ખરાં જ. હું ખૂબ નાની હોઈશ – કદાચ જન્મી ત્યારથી જ બાપુ આમ મને રમાડવાનું લખતા હશે. હું વાંચતાં શીખી ત્યારે કંઈ ઝાઝી રમાડવા જેવી તો ન જ હોઉં. પણ દૂર રહ્યે રહ્યે બાપુના મનમાં હું હજી નાની જ હતી. પછી તો આઠ દસ કે બાર વર્ષની થઈ તોય 'રમાડજો' વાળું લખાણ ચાલુ રહેતાં, જ્યારે પત્ર આવે ત્યારે મોટો અને મોટી મને 'રીનાને

રમાડજો, રીનાને રમાડજો' કહી ખાલી ખાલી ચીઢવી રમાડવા જેવું કરતાં. મને શરમ લાગતી, હસવું આવતું અને ગમતું પણ ખરું. પછી તો પત્રના અક્ષર વધુ ને વધુ ધ્રૂજતા બનતાં બનતાં, સરળતાથી વંચાય નહિ એવા થતા ગયા. અક્ષરોની વધતી જતી ધ્રુજારી બાપુના હાથમાં કંપવાના રોગના વધેલા પ્રમાણને દર્શાવતી ગઈ. પહેલાં એ માઈલોના માઈલો ચાલતા, તે હવે ચાલવા ઉપર પણ કંટ્રોલ નહોતો રહેતો. દૂર રહી રહીને, અમારા સર્વની ચિંતા કરી કરીને જેના થકી સેંકડો પત્ર લખ્યા હતા તે હાથ મોઢામાં કોળિયોય માંડ ભરી શકતો, પછી કલમ તો ક્યાંથી કાગળમાં માંડી શકે ? છેવટે પાછળથી તેઓ કોઈ અન્ય પાસે પત્ર લખાવતાં, પણ ત્યાર પછી મને 'રીનાને રમાડજો' જેવાં, એમના બે હાથોમાં નાની થઈ ઊછળતી હોઉં એવા વાત્સલયથી ભર્યાભર્યા શબ્દ વાંચવા મળ્યા નહિ.

એમના કંપાતા હાથ પરત્વે મને બાળસહજ કુતૂહલ થતું. પછી એ કંપ ધીમે ધીમે એમના આખા શરીરમાં વ્યાપતો ગયો. એ વાત કરે તોય ઝટ સંભળાય નહીં. હાથમાં કોળિયો ઝાલ્યો હોય અને મોઢા આગળ આવે કે હાથ એકદમ ધ્રૂજવા લાગે. મોં અને કોળિયા વચ્ચેનું એક આંગળી જેટલું અંતર પણ એમનાથી ઓળંગાય નહીં. પછી દાદી એમને મદદ કરતા, પાછળથી ક્યારેક એમનો કંપતો હાથ મને મારા હાથ વડે ઝાલીને સ્થિર કરી દેવાની તીવ્ર ઈચ્છા થતી. પણ તેઓ જ્યારે એમના પ્રેમભર્યા ધ્રૂજતા હાથે મારા કુમળા-સુંવાળા હાથને પકડતા ત્યારે મારો હાથ પણ ધ્રૂજવા માંડતો !

થોડી મોટી થયા પછી હું પણ બા ભેગો એમને પત્ર લખતી. વૅકેશનમાં જઈને જોઉં તો કાચના કબાટના એક ખાનામાં અમારા પત્રો ! એ ફરીથી વાંચવાની મજા પડતી. મેં લખેલું લખાણ મને કોઈ બીજાએ લખ્યું હોય એવું લાગતું. અમારાં વર્ષોજૂનાં દીવાળીકાર્ડ પણ એ કબાટના કાચ પાછળ ગોઠવ્યા કરતા. મોટા થયા પછી હું પૂછતી, 'આ શું આટલું બધું જૂનું-જૂનું રાખ્યા કરો છો ?' જવાબમાં એ ઘોઘરું હસતાં કંઈક અસ્પષ્ટ શબ્દો ઉચ્ચારતાં. પત્રો ગમે ત્યાંથી મળી આવતાં. તેલની શીશીના ઓઘરાળાવાળા કાચના એ કબાટમાંથી, ભાગ્યે જ ઊઘડતાં કાળા બારણાવાળા બીજા કબાટોમાંથી, અંદરના ખંડનાં કપડાં વગેરે સામાનવાળા કબાટમાંથી, પીપડાઓ ઉપર મુકાયેલાં જર્મન-પિત્તળનાં ખાલી બેડાઓમાંથી, લાકડાના મોટામસ પટારામાંથી, પથારી નીચેથી....

આજે થાય છે કે પત્ર લખવો એ એક સામાન્ય બાબત છે પણ અમને પત્ર લખવો એ એમને માટે કેવી તો મહત્વની વાત હશે ? જીવનનો, જીવનના સંચારનો એક માત્ર તંતુ આ પત્રો થકી જોડી રાખતા. અમારા પત્રો મળતાં, અમારા કુશળ-સમાચાર મેળવતાં તેઓ કેટલો આનંદ પામતા હશે ! પછીથી, જ્યારે પત્ર ન લખી શકાતો અને એ બીજા પાસે લખાવવાનું, એમને કેવું આકરું લાગતું હશે !

પહેલાં અમે બધાં સાથે રજાઓમાં ત્યાં જતાં. પાછળથી એ શક્ય ન હતું. એકવાર હું અને બા એકલાં ગયેલાં. ત્યાંની મારી બધી બહેનપણીઓ પણ બીજે ચાલી ગયેલી. ઘર રીપેર કરાવવાનું કામ ચાલતું હતું. બાની હાજરી વિના તે શક્ય પણ નહોતું. સાવ એકલાં મને ગમે નહિ. દર વૅકેશનમાં માણેલી મજા યાદ આવ્યા કરે તેથી અંદર-અંદર મૂંઝાઉં. છેવટે એકવાર અચાનક રડવા લાગી.

બા-દાદી-બાપુ મને પૂછવા લાગ્યા કે કેમ રડે છે. રડતાં-રડતાં મેં કહ્યું : 'સુરત જવું છે....' બાપુનો ચહેરો એકદમ ઓઝપાઈ ગયો. કદાચ, એમનો કંપતો – મારા માથે ફરતો હાથ અટકી ગયો. એ બોલ્યા : 'કેમ નથી ગમતું ?' હું જવાબ આપી ન શકી. 'ઘરનું કામ ચાલે છે એ પૂરું થાય એટલે જજો' એ બોલ્યા. મેં અજાણપણે એમને કોઈક દુ:ખ પહોંચાડ્યું હોવાનો આછો-પાતળો ખ્યાલ મારા મનમાં ઊપસી આવ્યો.

મને ખૂબ ગમતું સ્થળ બાળકમાંથી મોટા થઈ જવાની દોટમાં મનથી આઘું જતું રહ્યું હશે. બાપુને તે જ ક્ષણે મારા મોટા થઈ જવાની વાત સમજાઈ હશે. મારા નાના હોવાનો અમારા બંનેનો સહિયારો ભ્રમ તૂટી ગયો હશે. 'રીનાને રમાડજો' શબ્દ હવે તેઓ ધ્રૂજતે હાથે લખી શકે એમ નહોતા અને લખે તોય મને ઉકેલાઈ શકે એમ નહોતા.

## [22] ખાટી આમલી અને મીઠાં સ્મરણો – રીના મહેતા

હમણાં એક દિવસ આમલી સાફ કરવા બેઠી. આમલીમાંથી કચૂકા નીકળ્યા અને તે સાથે જ મારા મનમાંથી પંદર-વીસ વર્ષ પહેલાનો સમય નીકળી પડ્યો. પહેલાનાં વખતમાં બધા જ ઘરોમાં આમલી વધારે વપરાતી. મા કે દાદીએ માટલામાં મીઠું લગાડીને ભરેલી આમલી બાળકોને સદાયે લલચાવતી રહેતી. આમલીની ખાટી સુગંધ અને તેના તગતગતા કાળા-કથ્થાઈ રંગવાળા કચૂકાનો લિસ્સો સ્પર્શ પંદર-વીસ વર્ષ પહેલાની મારી નાનકડી આંગળી ઝાલીને મારા મોસાળના ગામ, ત્યાંના હૂંફાળા-ઉજાસભર્યા ઘરની ખડકી સુધી લઈ ગયો.

દરેક સ્થળની, કાળની, માહોલની કોઈક અલગ જ ગંધ હોય છે. હજી આજેય મોસાળના એ ગામની સવાર-બપોર-સાંજ-રાતની અલગ અલગ ગંધાનુભૂતિ મારું મન તંતોતંત સૂંઘી શકે છે. વૅકેશન પડતાં પહેલાં જ અમે ભાઈ-બહેનો મોસાળ જવા થનગનતાં. ઉનાળુ રજાઓમાં ખાસ્સો દોઢ મહિનો રહેતા. જઈએ કે તરત 'આઈ ગયાં બેટા ?' કહી દાદી અમને ભેટી પડતાં. તેમનાં લૂગડાંનો શીતળ સ્પર્શ તથા કંપવાને કારણે સતત ધ્રૂજ્યા કરતી બાપુની આંગળીઓમાંથી અમારા પર છલકાતા વહાલના છાંટા હજી એ જ ઘરમાં ક્યાંક પડ્યા હશે. અમારે સગા મામા-માસી કોઈ નહિ તેથી કદાચ બાપુ-દાદી આખું વર્ષ અમારી વાટ જોતાં ગાળતાં. અમે સુરત પાછા જઈએ ત્યારે સામાન માથે ઉપાડી બસ સુધી મૂકવા આવતાં દાદીની રાતીચોળ આંખોમાં નવી ઊગી રહેલી પ્રતિક્ષા આજે મને દેખાય છે.

દાદી સવારમાં પ્રાઈમસ પર ચા બનાવતાં. ત્યાંની ચાનો સ્વાદ કંઈ બહુ સારો નહિ પણ પેલી નાના ઝરૂખા જેવી લાકડાની બારીમાં બેસીને પીવાની લહેજત જ કંઈ ઓર. એવી સરસ, સગવડદાયી બારી મેં સુરતમાં નથી જોઈ. બારી પર બહેનપણીઓ સાથે ગુસપુસ, બારી પર નાસ્તો અને કદીક બારી પર ટૂંટિયું વાળી સૂઈ પણ જવું... એ બારી જો થોડા દિવસ બંધ રહે તો કબૂતર ત્યાં અચૂક માળો કરી દેતાં અને પછી જોઈએ તો ફૂટેલા ઈંડામાંથી પીળી રૂંવાટીવાળાં નાનાં બચ્ચાં ચાંચ પહોળી કરતાં હોય. કાગડાઓ તેમને ખાવા માટે ટાંપીને જ બેઠાં હોય. અમે ગમે તેટલી ચોકી કરીએ તો પણ એક-બે બચ્ચાં તો હડપ કરી જ જાય. તે સાંજે વીજળીના તાર પર બધાં કબૂતર ગુમસુમ અને મૌન બેઠાં હોય. કેવળ રાખોડી સન્નાટો તાર ઉપર એકલો ઝૂલ્યાં કરતો હોય.

જાણે મુંબઈ કે પરદેશથી ગામ ગયાં હોઈએ એટલો અમારો વટ. 'આ મારી ભોણી કે ભોણો છે', – ના ગર્વીલા શબ્દો વારંવાર સંભળાતા. તે વખતે ત્યાં રિક્ષા નહીં. અમે રોજ સાંજ પડ્યે આમતેમ રખડવા જતાં, ખૂબ જ મજેદાર બરફનો ગોળો ખાતાં, બજારમાં આંબોળિયા-વરિયાળીના લલચામણાં ઢગલાં જોતાં અને કદીક બપોર પડતાં રત્નાકર માતાએ ઉજાણી કરવા જતાં. એ મંદિર ઘણું દૂર પણ ચાલતા થાક ક્યાં લાગે ? રસ્તો લાલ માટીવાળો અને ખૂબ જ રળિયામણો. રસ્તાની બંને કોર ખેતરો. કોઈવાર મોર પણ ટહૂકે. માંડ કોઈક ગાડાં કે સાઈકલ જતાં હોય. અમારું આખું ટોળું – મામાઓ-માસીઓ-ભાઈ-બહેન-બહેનપણીઓ, ધમાલમસ્તી કરતું જતું હોય. એકવાર પાછાં ફરતાં એક બળદ-ગાડાંવાળાએ અમને તેના ગાડામાં બેસાડ્યાં, એ જીવનનો પહેલો ને છેલ્લો લ્હાવો. "ગાલ્લી મારી ઘરરર…. જાય બળદ શિંગડાં ડોલાવતો જાય…." દ્વિજા એની શાળાનું આ ગીત ગાય અને મારાં મનમાં લાલ માટીવાળા રસ્તે એ જ ગાડાંના ઘૂઘરાં ઘમઘમ ઘમકી ઊઠે છે !

'પોણી પીવું છે ?' કયારેક ચરોતરી બોલીમાં હજી હું બોલી પડું છું ને દાદીના એ પણિયારે જઈ ઊભી રહી જાઉં છું. મને થાય છે કે દાદી-બાપુ એકલાં અને આટલાં ચાર-પાંચ માટલાં કેમ ? મારી નજર અભરાઈ પરનાં જુદાં-જુદાં આકાર-કોતરણીવાળા પિત્તળના પ્યાલાં ઉપર ફરતી ફરતી ડોયા તરીકે વપરાતાં જુદાં જ ઘાટના જાડાભમ્મ કળશિયા પર અટકી જાય છે. હું એ કળશિયા વડે પ્યાલામાં પાણી રેડું છું અને ઘટ-ઘટ-ઘટ. કપડવંજ જેવું મીઠું પાણી મેં બીજે ક્યાંય પીધું નથી. કદાચ એ મીઠાશ મારો પક્ષપાત હોય. અરે ! અરે ! પેલો ન્યાતમાં જમવા જતી વેળા લઈ જવાતો પિત્તળનો પેચવાળો લોટો – ચંબુ મારામાં વિસ્મયની ઝીણી – ઝીણી કોતરણી કરે છે. કોઈ એનો પેચ તો ઉઘાડી આપો.

આ કોણ ચાલ્યું પત્તાં, ઘર-ઘર, અમદાવાદબાજી રમવા ? સુકાયેલાં રાયણની કોકડી, આંબોળિયા, ગુલાબી રંગની પાકી ગુંદી ખાવા ? દાદી જોડે સ્વામીનારાયણના મંદિરે ભજન ગાવા અને સાકર-વરિયાળીનું શરબત પીવા ? મંદિરનો કચરો વાળવા કે ભગવાનને ચંદનબા ચંદનનો લેપ કરતાં એ રસપૂર્વક જોવા ? મારી આંખે કોણે ચંદન ચોપડી દીધું ? અને શ્વાસમાં તો ખાખરાંનાં પાનાંની ભીની ગંધ આવે છે. ખાખરાંનાં પાનાંને ડીંચી તેની ઉપર પાણી છાંટી એની થપ્પીઓની થપ્પીઓ કઈ આંગળીઓ કરે છે ? પાનાં ઉપર ટચ્ચ દઈ ખૂંપતી લીમડાની સળી ને પતરાળી તૈયાર ! અરે ! એ તો મેં હમણાં જ બનાવી આપી છે દ્વિજાને – મધુમાલતીના પાંદડાની અને એ હરખાતી પૂછે છે : આમાં જમું ?

ગોળાકારે બધાં જમવા બેઠાં છીએ. પેલું નાનું માટલું નીચે ઉતાર્યું છે – મારી બાજુમાં જ. હું પાણી લેવા જાઉં છું ને અચાનક આખું માટલું નમી જાય છે. બધે પાણી…પાણી…. ગભરાટથી મારી આંખમાં પણ પાણી આવવા જેવું – 'કશ્શો વોંધો નહીં.' આ કોણ બોલ્યું ?

પરોપકારી, નિ:સ્પૃહ, સ્થિતપ્રજ્ઞ દાદી કશો પણ મોટો વાંક હોય તોયે વઢતાં નહીં ! એમનો એક જ જીવન-ઉદ્દગાર : કશ્શો વોંધો નહીં. અમે બધાં એમની નકલ પણ કરતાં પરંતુ એ બિચારાંને એનોય કશો વાંધો નહોતો ! કપડાં, વાસણ, રસોઈ, ખરીદી, ધીમે ધીમે પથારીવશ થતાં જતાં બાપુની ચાકરી – આ બધું જ એકલપંડે હસત મોઢે કરતાં. બાપુના મૃત્યુ પછી એ અમારી પાસે આવ્યાં ને એ ઘરને તાળું મરાયું – કાયમ માટે. પછી તો એ

ઘર વેચાયું. સદા ઝૂલતો છપ્પરખાટ સ્થિર લાકડું થઈ ગયો – બાપુના શરિર જેવો. પાણિયારાંનાં ઝાંખાં થઈ ગયેલાં બેડાં, ધૂળના થરવાળા વાસણો, પેટી-પટારાં-પીપ વેચાયાં. કદીક હોંશભેર ભીંતે લટકાવેલી અમારાં ત્રણેયની બાળપણની છબિઓ નીચે ઉતારાઈ. દાદીએ ફાટેલાં લૂગડાંમાંથી સીવેલી હૂંફભરી ગોદડીઓ વહેંચી દેવાઈ. છત પર કડાંમાં લટકતી ડોલો, ખાલી માળા, બધું જ ઉતારાયું. મને બહુ ગમતી બારીઓના કમાડ બંધ થયાં તે થયાં ! ત્યાં કબૂતરોએ માળા બનાવ્યાં કે બચ્ચાં ખવાયાં કંઈ ખબર નથી. કેવળ પેલો સન્નાટો તાર પર –

કોણ જાણે કેમ ઘર વેચાયું ત્યારે બા કે દાદી સિવાય કોઈને ખાસ દુ:ખ ન થયું ! બા રડી, પણ સહનશીલ દાદીને તો આમાં ય કશો વાંધો નહોતો ! અમે ત્રણે બાળપણથી એટલા દૂર હડી કાઢી ગયેલાં કે એ ઘરની હાંક પણ ન સંભળાઈ !

વેદાંગ હવે કેસેટ પર સાંભળીને શીખેલું 'મામાનું ઘર કેટલે ?' વાળું ગીત તોતડી બોલીમાં ગાય છે ત્યારે દૂર દૂર, મારી આંખોનાં ઝળઝળિયાંની આરપાર હજી અડીખમ ઊભેલું એ ઘર દેખાય છે ! ને લાકડાની વ્હેરની દાદીની સગડીનો ધુમાડો મારા શ્વાસમાં ભરાઈ જાય છે. રોટલી કર્યાં પછી દાદી કદીક આમલીના કચૂકા પણ શેકી આપતાં. એનું કથ્થઈ પડ કાળું બની જતું. અને ઉખેડતાં કે ધોળો-બદામી રંગનો કચૂકો દડૂક દઈને કૂદતો. કઠણ કચૂકો ઝટ ચવાતો નહીં. એને ધીમે ધીમે ચગળતાં. અમારી લાળથી ભીંજાઈ ભીંજાઈ એ પોચો થતો ને પછી તૂટતો.

તે દિવસે આમલી સાફ કર્યાં પછી સાત-આઠ કચૂકા કચરાની ડોલમાં નાખવા ગઈ ને ઘડીક હાથ થંભી ગયો. થયું કે લાવ, બાળકોને શેકી આપું. પણ એ સગડી, એ દેવતા, એ હેતાળ હાથ ને એવાં લાળ ઝરતાં નિર્દોષ મોઢાં ક્યાંથી લાવું ? ચૉકલેટ-ચ્યુંઈંગ ગમના જમાનાનાં આ બાળકો તો કદાચ થૂંકીયે કાઢે !

કચૂકાં મેં ડોલમાં પધરાવીને ઢાંકણ બંધ કરી દીધું. પણ ઢાંકણ અધખુલ્લું જ રહી ગયું.

## [23] હીંચકે બેઠું મન ઝૂલ્યા કરે – રીના મહેતા

પૂનમનો ચંદ્રોદય હમણાં જ થયો છે. આ ચંદ્ર પીળાશ પડતા ધોળા રંગનો છે. ઉનાળુ આકાશ ધોળી વાદળીઓથી છવાઈ ગયું છે. ચંદ્રના કિરણો વાદળીઓની પાછળ ઢંકાઈ અદ્ભુત તેજવલયો રચે છે. નીચે વાડામાં થોડીવાર પહેલાં ખીલેલાં મધુમાલતીનાં સફેદ ફૂલો આકાશમાં બુટ્ટાં ભર્યાં હોય તેવાં લાગે છે. ફૂલોનાં ઝૂમખાં ચાંદની પીને હીંચકા ઉપર ઝળૂંબી રહ્યાં છે. હું હીંચકા પર બેઠી ચાંદનીનો, ફૂલોનો અને આ રળિયામણી રાતનો ઝૂલો ખાઉં છું. હીંચકો ધીમો ધીમો, અવિરત ચાલ્યા જ કરે છે. દિવસે પણ થોડી થોડીવારે હીંચકા પર બેસી લેવાની મને ટેવ પડી ગઈ છે. જેમ કોઈ પક્ષી માળાની બહાર નીકળી ડાળ ઉપર ઝૂલી લે એમ જ. ક્યારેક તો એકધારી કલાક સુધી હીંચકે બેસું છું. ત્યારે હીંચકો મારામાં અને હું હીંચકામાં ઝૂલું છું. હીંચકો ઝૂલે છે અને હું અડધી પળ હવામાં ઊડી શકું છું. આકાશ અને વાદળને અડવા હાથ લંબાવું છું, હીંચકો હાલી-હાલીને ત્યાં જ

હોય છે પણ હું ક્યાં ને ક્યાં જઈ આવું છું ! હીંચકો મૂંગો મૂંગો મારી બધી વાત સાંભળે છે. જે હું કોઈને નથી કહેતી એ વાત પણ હીંચકો જ જાણે છે.

કોઈ ને કોઈ હીંચકો મારો અંતરંગ મિત્ર રહ્યો છે. સૌથી જૂનો તો પેલો પાતળા ભૂરા પાટિયાવાળો હીંચકો. કોઈ દુર્બળ-પ્રેમાળ ડોસી જેવું રૂપ. જૂના રસોડા પર માળિયું. તેની ઉપર પતરાં. કાળા-જાડા લાકડા ઉપર હીંચકાનાં કડાં. હીંચકાના સળિયા પણ પાતળી સોટી જેવા. હીંચકા પાછળ પાર્ટીશન તેથી બહુ મોટો ન ખવાય. કોઈ અંગત મહેમાન આવે તો ત્યાં બેસીને, કામ કરતી બા જોડે વાતો કરે. દાદી ત્યાં પગ ઊંચા વાળીને બેસી માળા કરતાં હોઠ ફફડાવે ને હીંચકો પણ એટલો જ હાલે. રસોડું પરવાર્યા પછી હીંચકો નવરો થઈ જતો. ઉનાળામાં એની નીચે ઠંડા પથ્થર પર બિલાડી એકદમ લાંબી થઈને સૂતી હોય. હું રમતાં રમતાં વારંવાર એ હીંચકે બેસતી, ઉપર માળિયામાંથી દેખાતાં માટલાં, વાસણ, ટોપલી વગેરે જોતી. પેલાં કાળા મોભ પર ઊધઈએ કરેલા પોપડા પણ દેખાઈ જતાં. બારીઓની બહારનો તડકો હીંચકા પર આવતો નહીં. છતાં આછો હૂંફાળો પ્રકાશ, પાણિયારે ભરેલા તાંબા-પિત્તળનાં બેડાંનો ઝગમગાટ, ઊડ-ઊડ કરતી નવરી ચકલીનો ચીંચીંકાર હીંચકા પર ઝૂલ્યાં કરતો.

વર્ષમાં એકાદ વાર ફોઈ અમદાવાદથી આવતાં ત્યારે હીંચકો સભર થઈ જતો. ફોઈને ઘેર હીંચકો નહીં ને અહીં તેઓ જાણે આખા વર્ષનું સામટું હીંચકે બેસી લેતાં. સવારની ચાથી માંડીને રાતની છેલ્લી ચા પણ હીંચકે. શાક સમારવું, નાસ્તો કરવો, લાંબી-લાંબી વાતો કરવી પણ હીંચકે. કદીક તો જમવાની થાળી પણ હીંચકે ગોઠવતાં. એમને હીંચકે જમતાં જોઈ મને રમૂજ, આનંદ અને આશ્ચર્ય થતાં. બપોરે આગલાં ખંડનાં હીંચકે જ ઊંઘી જતાં અને રાતે પણ જો ઊંઘ ન આવે તો આખી રાત હીંચકે જ ગાળી લેતાં. થોડા દિવસ પછી ફોઈ ચાલ્યાં જતાં. હીંચકા પર કોઈક ખાલીપો બેસી જતો.

પાછલું ઘર વધારે જૂનું થતાં ત્યાંનું રસોડું બંધ કરી દેવાયું. સગડી, ગેસ, વાસણો, માટલાં, પાટલા, બધો અસબાબ નવાં રસોડે ચાલ્યો જતાં હીંચકો સૂનો પડી ગયો. એનાં કડાં જ્યાં લટકતાં હતાં એ મોભને ઊધઈ વધુ ને વધુ ખોતરતી રહી. છેવટે એ હીંચકો ટૂંટિયુંવાળી એક ખૂણે સૂઈ ગયો. હવે ઘરમાં એક જ આગલા ઓરડાનો હીંચકો રહ્યો. ઘરનાં બધાંની પ્રીતિ તેની ઉપર કેંન્દ્રિત થઈ. કોઈ ને કોઈ તો ત્યાં બેઠેલું જ હોય. પાળેલી બિલાડી પણ એની ગાદી પર મોજથી સૂવે. ચાલુ હીંચકે પણ છલાંગ મારી લાડકા બાળકની જેમ અમારા ખોળે ભરાય.

હીંચકાની વાત કરું ને બહેનનું નામ ન લઉં તો વાત અધૂરી રહે. ફોઈની હીંચકાપ્રીતિ એનામાં ઊતરી. એને હીંચકા વગર જરાકે ન ચાલે. ભણવાનું હોય કે નવલકથા બધું ત્યાં જ વાંચે. કોઈ આવે ને એનું વાંચવાનું બગડે તો પણ એ બીજે ન વાંચે. આવનાર વ્યકિત ઝટ હીંચકેથી ન ઉઠે તો અકળાય. અમે ગમ્મત કરતાં કે આ હીંચકો સાસરે લઈ જજે.

એ ગઈ, ને મારી જેમ હીંચકો અહીં એકલો રહી ગયો. લગ્ન પછી બીજે જ દિવસે હું તેને સાસરે એને મળવા ગઈ. ત્યાં મેં એક નવા, અજાણ્યા હીંચકા પાસે એને ઊભેલી જોઈ. હું એકદમ ધ્રુસકે ને ધ્રુસકે રડવા માંડી. મારું રડવું કેમે કરી અટકે જ નહિ. ઘરે આવી ધબ દઈ બેસી પડી. ઠંડા સળિયાને મારા હાથને સ્પર્શ થયો. હીંચકાના હિલ્લોળમાં હજી અમારી વાતોના પડઘા ઊઠતા હતા. આ એ જ જગ્યા હતી જ્યાં મોટી રોજ નિશાળે જતાં મને

માથું હોળી આપતી, કદીક ગજરો નાંખી આપતી, અંતાક્ષરી રમતી, ફિલ્મોની સ્ટોરી મુગ્ધ કંઠે કહેતી, એક ડીશમાંથી નાસ્તો કરતી, ક્યારેક ખડખડાટ હસતી, ક્યારેક રિસાઈને રડતી, સેંકડો વાર પગની ઠેસ દઈ મારી સહપંખિણી થઈ ઊડતી. એ જ જગ્યાએ તેણે લગ્નની મહેંદી મુકાવેલો ફોટો પડાવ્યો. બહેરાશ પકડેલાં કાન માંડી કલાકો સુધી પથારીમાં પડયાં પડયાં અમારી વાતો સાંભળતાં દાદી પણ નહોતાં રહ્યાં. અને પેલી બિલ્લી તો ક્યારની હીંચકેથી છલાંગ મારી આકાશે પહોંચી ગઈ હતી.

પહેલા તો હીંચકાને પણ મારું એકલાં બેસવું ગમ્યું નહિ. ધીમે ધીમે અમારી વચ્ચે મૂક સંવાદ વધતો ગયો. એક દિવસ મેં પણ બહેનની માફક એની ઉપર બેસી ફોટો પડાવ્યો.

વર્ષોનાં વર્ષો વીતી ગયાં. હજીયે ત્યાં જાઉં ને હીંચકે બેસું ત્યારે જ ઘરમાં આવ્યા જેવું લાગે છે. હું અને બહેન ત્યાં અલપઝલપ મળીયે તોય ઘડીક સાથે હીંચકે બેસી પડીએ છીએ. ફોઈ વર્ષોથી અંહી આવ્યા નથી. એમના પગમાં હીંચકાને ઠેસ મારવાની તાકાત પણ બચી નથી. બધાં જ સમયાંતરે આ હીંચકાને છોડી ચાલ્યાં ગયાં છે. દાદા-દાદી, અમે બે બહેનો, ભાઈ-ભાભી, બાળકો. હીંચકો ઘર જેટલો જ ઘરડો થયો છે. પણ એના રૂપ-રંગ બદલી કાઢયાં છે. લોખંડના સળિયાને બદલે પિત્તળની જાજરમાન સાંકળો અને ઘૂઘરી બંધાઈ છે. રંગ ઊખડેલી દીવાલો અને બે વૃધ્ધજનો વચ્ચે એ ઘૂઘરી જરા જરા રણક્યા કરે છે. છતાં, બધાં ભેગાં મળે ત્યારે હીંચકે જ ટોળે વળે છે. બાળકો એની કોટે વળગી એને હચમચાવી કાઢે તો યે એ ઘરડા દાદા જેવું હસ્યા કરે છે. હીંચકો અમને બધાંને જોડી રાખતી કડી છે. ઘરના કોઈ બે જણ બેસે અથવા એક ઊઠે ને બીજું બેસે ત્યારે એ કડી જોડાઈ જાય છે.

બે હીંચકાની વાત કરી પણ પેલો છપ્પરખાટ મને હજી ખડખડાટ હસાવે છે. મોટો મસ, તોતિંગ ખાટલા જેવો. મોસાળના ઘરમાં હમેશાં ખૂબ ગમતો. એની મજબૂત ઈસ ઉપર પાટી ભરેલી અને એની ઉપર પથારી-ઓશિકાં. રજામાં અમે બધાં હારબંધ આડાં સૂઈ ધમાલ કરીએ. બાપુના મૃત્યુ પછી એ અહીં લવાયો. પણ એને અમારું ઘર બહુ ગોઠયું નહિ. મારા લગ્નની પીઠી ટાણે ભેગાં થયેલાં ડઝનેક બાળકો એને જોરજોરથી હીંચકતાં હતાં ને અચાનક જ એ તૂટી પડયો !

મારા નવા ઘરે હીંચકો નહોતો. એકાદ વર્ષ પછી વાડામાં અમે આ હીંચકો મુકાવ્યો. આ હીંચકો કંઈ નવો નહતો. વર્ષોથી એ લાકડું થઈ પડયો રહ્યો હતો. આજે એને આંગળી ફેરવી અડકું છું ને થાય છે કે દસ વર્ષ ઝૂલીઝૂલીને મેં એને ડાળ બનાવી દીધો છે. વરસાદનું પાણી પીને એનું લાક્ડું ફૂલી ગયું છે. બાળકોના કૂદકા-ભૂસકાથી એની વચ્ચેની ફાટ મોટી થઈ ગઈ છે. એ ફાટમાં માટી ભરાય તો ચોમાસે તણખલું ઊગી નીકળે છે ! હીંચકાની નીચલી બાજુએ એના મૂળ માલિકનું સફેદ રંગથી રંગાયેલું નામ હજી ભૂંસાયું નથી. – સુલોચનાબહેન. કોણ હશે એ સુલોચનાબહેન ? કેવાં હશે ? એમનું નામ હીંચકા પર શા માટે લખાવ્યું હશે ? હીંચકો ક્યાં, કયે ગામ, કયે ઘરે બંધાયો હશે ? તે અહીં ઠેઠ અમારા ઘર સુધી શા માટે આવ્યો હશે ? ઉત્તર માત્ર એક – મારે ઝૂલવા ! આ હીંચકા વિના દિવસ ને રાત, સવાર ને સાંજ હું ક્યાં ઝૂલું ? કઈ રીતે આ રૂપાળા ચંદ્ર સાથે સંતાકૂકડી રમું ? કેવી રીતે વાદળોની અંદર મારું માથું ખૂંપાવી દઉં ? ને આકાશના નાના ટુકડામાં અસીમ વિસ્તરી જાઉં.

રોજ સવારે કે બપોરે હીંચકે બેસીને જ ચા પીઉં છું. રાતે અમે બે હીંચકે ન બેસીએ તો જાણે દિવસ પૂરો નથી થતો. હીંચકો અમારા દાંપત્યનું, સખ્યનું અનિવાર્ય અંગ બની ગયું છે. તો હીંચકે એકલાં બેસવાનુંયે આછું ગમતું નથી. આ હીંચકે બેઠી હોઉં ત્યારે દર વખત એની પર જ ઝૂલતી હોઉં એવું થોડું છે ? ઘડીકમાં પેલો ભૂરા રંગવાળો, નાજૂક હીંચકો વાદળ બનીને મને ઝૂલાવે છે, તો ઘડીકમાં પેલો અડધી સદીથી એક જ સ્થળે ઝૂલતો હીંચકો મને એની ગોદમાં બિલાડીની જેમ ઊંચકી લે છે. તો વળી, પેલો છપ્પરખાટ પણ મને નિરાંતજીવે સુવાડી દે છે. હું આ કે તે કે પેલા હીંચકે અગણિત દિવસો, અગણિત રાત્રિઓ વિતાવતી, અગણિત તારાઓ ગણતી, અગણિત પુષ્પો જોતી, અગણિત ગીતો ગણગણતી, અગણિત હાસ્ય વેરતી, અગણિત અશ્રુ વહાવતી ઝૂલ્યા જ કરું છું.... ઝૂલ્યાં જ કરું છું....મારી અંદર અને બહાર ! અંદર અને બહાર !

---